
વર્ષ : ૫૧ ■ અંક : ૧૯ ■ તા. ૧-૧૦-૨૦૧૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

## ગુજરાતનું સદ્‌ભાવના મિશનઃ વિકાસ અને જનશક્તિનો અદ્‌ભૂત સાક્ષાત્કાર



# સદ્‌ભાવના મિશનની તસવીરી ઝલક













ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

**વર્ષ : ૫૧ ■ અંક : ૧૯ ■ તા. ૧-૧૦-૨૦૧૧**

**તંત્રી :** વિ. થિરૂપુગલ
**સંપાદક :** અરવિંદ પટેલ
**કાર્યવાહક સંપાદક :** પુલક ત્રિવેદી
**સહ સંપાદક :** પલ્લવ પટેલ, તુષાર જોષી
**ઉપસહ સંપાદક :** દેવાંગ મેવાડા, શિરીન સૈયદ, મનીષા સોલંકી
**કલા નિર્દેશક :** જસ્મીન દવે
**વિતરણ :** શરદ બુબડીયા, જયેશ દવે

- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.
- રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

લવાજમ નીચેના સ્થળોએ સ્વીકારાય છે :

- માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૭, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
- જિલ્લા મથકોએ આવેલી માહિતી કમિશનરશ્રીની કચેરીઓ તથા માહિતી કેન્દ્રો.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, ખેતાન ભવન, પહેલા માળે, ૧૯૮, જે. તાતા માર્ગ, રીટ્ઝ હોટલ સામે, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦.

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય,
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

**વિતરણ વિભાગ**
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨

**વેબસાઇટ**
http://www.gujaratinformation.net

**ઈ-મેઇલ એડ્રેસ**
gujaratmagazine@gmail.com

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. અમદાવાદ દ્વારા મુદ્રિત

**તા. ૧-૧૦-૨૦૧૧ થી તા. ૧૫-૧૦-૨૦૧૧**



# શબ્દશઃ

દશ દશ વર્ષથી ગુજરાત પીડા-યાતના વચ્ચે પોતાની સદ્દભાવ-ભાઈચારાની તાકાત ઉપર સતત વિકાસ કરતું રહ્યું છતાં તેની શક્તિને બિરદાવવાને બદલે બદનામ કરાતું રહ્યું...

- મારા ઉપવાસ કોઈની વિરૂદ્ધના નથી, કોઈ પ્રત્યે મને કટુતા કે દ્વેષ નથી.
- ગુજરાત સરકાર પીડિતોને ન્યાય મળે તે માટે કર્તવ્ય પ્રતિબધ્ધ.
- જેને જ્યારે તક મળી ગુજરાત ઉપર પથ્થરો ફેંકતા રહ્યા પણ ગુજરાત આ પથ્થરો ભેગા કરીને તેની વિકાસની સીડી બનાવી ઊંચાઈ સર કરતું રહ્યું.
- મારું જીવન અને તેની ક્ષણેક્ષણ અને મારા શરીરનો કણેકણ ગુજરાતની જનતાને સમર્પિત, તેમનું દુ:ખ મારું દુ:ખ, તેમનું સુખ એ જ મારું સુખ....
- શાંતિ અને સદ્દ્ભાવ જ વિકાસની ગતિ તેજ બનાવશે.
- સૌનો વિકાસ થાય, સૌને ન્યાય મળે, એ જ અમારું સપનું છે, અમારું કર્તવ્ય છે અને એ જ અમારી પ્રતિબદ્ધતા છે.
- ગુજરાત તો સદ્દ્ભાવના મિશનને ગામે ગામ પહોંચાડવા પ્રતિબદ્ધ છે. સૌનો સાથ - સૌનો વિકાસ મંત્ર લઈને સૌની ભલાઈના સપના સાકાર કરવા ગુજરાતને કોઈ રોકી શકશે નહીં.

( સદ્દ્ભાવના મિશનમાં મુખ્યમંત્રીશ્રીના ઉદ્દ્બોધનમાંથી સંકલિત...)




૦૮ ગુજરાતનું સદ્‌ભાવના મિશન: વિકાસ અને જનશક્તિનો અદ્‌ભૂત સાક્ષાત્કાર



૨૮




30



૪૨



3૪



૪૬


3 વાચકોના અભિપ્રાય

૪ સમયના હસ્તાક્ષર

- વિષ્ણુ પંડ્યા

૨૪ ગુર્જર ગરિમા

- દિનેશ દેસાઇ

૨૮ સમાચાર વિશેષ

૨૯ ચલો તાલુકે

3૧ ફોટોફીચર

૪૧ લોકવિરાસત

- જોરાવરસિંહ જાદવ

૪3 વિવિધા

૪૫ બાળઉછેર

- રાજ જેઠવા

૬ **ટેક્નોલોજી**
ટેક્નોલોજીનું જ્ઞાન ગામડાં અને ઘર-ઘરમાં પરિવર્તનની અનુભૂતિ કરાવે

૨૮ **વિકાસ**
અમરેલીમાં પોલીટેકનિક ઈન હોમ સાયન્સ કોલેજ તથા હોસ્ટેલનું લોકાર્પણ

30 **સાંસ્કૃતિ**
મોસમ જોઇ વિકસતો કચ્છનો મિની તરણેતર મેળો - શાંતિલાલ સોની

3૧ **સમયસર**
આયુર્વેદ યુનિવર્સિટીના નવનિર્મિત અનુસ્નાતક સંશોધન ભવન કાર્યરત

3૪ **વન્યસૃષ્ટિ**
એશિયા ખંડમાં અજોડ : વાંકાનેરનું લાયન જીન-પુલ બ્રિડીંગ સેન્ટર

૪૦ **લોકાર્પણ**
વડોદરામાં બે ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ

૪૨ **ઉકેલ**
ધરોઈ ડાબા કાંઠા કેનાલ ઉદ્‌વહન યોજના

૪૪ **વનસ્પતિ વૈભવ**
વૈદ્ય(ચક્રમર્દ) ફક્ત ચામડીના રોગોનો દુશ્મન નથી...
- વૈદ્ય પારુલ જોશી

૪૬ **વન-વૈભવ**
રાજ્યના ૫૦ હેરીટેજ વૃક્ષોમાં સાબરકાંઠા જિલ્લાના ચાર વૃક્ષોને સ્થાન - હિમાંશુ ઉપાધ્યાય

૪૭ **પ્રવાસન**
ગુજરાત પ્રવાસનને વિશ્વ ફલક ઉપર લઇ જવા નવો મોડ અપાશે

૪૮ **પ્રાસંગિક**
શક્તિની ઉપાસના-આરાધનાનો ઉત્સવ છે "નવરાત્રિ"
- ભાનુપ્રસાદ દવે


તસવીર સહયોગ : • જગદીશ પી. મેવા • રમેશ ઘડાકે • મનોજ તિવારી • કેતન દવે • હરિકૃષ્ણ ચૌહાણ • સુશીલ ક્રિશ્ચિયન • રમેશ પરમાર • વિક્ટર ડામોર • નીતિન પરમાર • જી. એમ. ટોળીયા

### ✧ પ્રગતિદર્શક પાક્ષિક છે.

ગુજરાત પાક્ષિક જ્ઞાનની પરબ છે. તેના દરેક અંકમાં નવું નવું જાણવા મળે છે. આ ઉપરાંત ગુજરાત રાજયનાં શહેરો અને ગામડાઓમાં જે વિકાસ થઇ રહયો છે તેના વિશે પૂરી માહિતી ગુજરાત પાક્ષિકમાંથી મળી રહે છે. આ બધુ જાણી એટલો આનંદ થાય છે કે ગુજરાતનાં દરેક નાના મોટા ગામડા અને શહેરો ઘણો વિકાસ પામ્યા છે અને સરકારની બધી યોજનાઓ જનતાને લાભદાયક હોય છે. જેનાથી બેરોજગારોને રોજગારી મળી રહે છે અને જરૂરિયાતમંદોની દરેક જરૂરિયાતો પણ સંતોષાય છે. ગુજરાત હવે ખરેખર "સ્વર્ણિમ ગુજરાત" બની ગયું છે.

**- ભાવના આર. મકવાણા, અમદાવાદ**

### ✧ ગુજરાતની પ્રગતિનો ખ્યાલ આવે છે

પહેલાં એમ થતું કે બધા લખતા હોય તો હવે મારે લખવાની શું જરૂર છે? પણ હવે એમ થયું કે બધા લખે છે તો મારે પણ લખવું જ જોઇએ, આજે ગુજરાતના અંક થી દેશ, દુનિયા સાથે આપણા ગુજરાતની પ્રગતિમાં શું ફેરફાર થયો છે જેનો ખ્યાલ આવે છે. મોદી સરકારના બધા વખાણ કેમ કરે છે. એનો આંખે દેખ્યો અહેવાલ આ ગુજરાત અંક આપી દે છે.

ગુજરાત રાજ્યના જિલ્લા વાર તેમજ નવી નવી યોજનાઓમાં સફળ કામગીરીના ફોટા સાથેના લેખ જ્ઞાનમાં વધારો કરે છે અને હું જૂનાગઢનો એટલે જૂનાગઢના સમાચાર વાંચીએ તો એક ખુશીની લહેર આવી જાય છે.

**- જયેન્દ્ર પરમાર, જૂનાગઢ**



### ✧ લોકપ્રિય ગુજરાત પાક્ષિક

ગુજરાત પાક્ષિકના અંકો છેલ્લા ૧૫ વર્ષથી ધ્યાનથી / મનભરીને વાંચીએ છીએ. રાજ્ય સરકારશ્રીના મહત્ત્વના નિર્ણયો મોટી મોટી યોજનાઓ વિષેની માહિતી ઘરે બેઠા મળી રહે છે. ખૂબ જ ઓછા વાર્ષિક લવાજમમાં ગુજરાતના વિકાસની માહિતી મળી રહી છે.

આ મેગેઝિન અમે બધાને વંચાવી રહ્યા છીએ જેનાથી સામાન્ય જનતાને પણ સરકારનાં વિકાસનો અહેસાસ થાય ? રાજ્ય સરકારની કામગીરીને માહિતી ખાતા દ્વારા સુંદર / સરસ ફોટોગ્રાફ સાથે પ્રસ્તુત કરવામાં આવે છે.

**- દેવિલા પંચાલ, કવાંટ, વડોદરા**

### ✧ સરદાર સરોવર યોજનાનો લેખ ગમ્યો

અમેરિકામાં સ્થાયી થયા બાદ હું પાક્ષિકનો અંક નિયમિત ઓનલાઇન વાંચુ છું, અમારા જેવા એન.આર.આઇ. તો પાક્ષિક દ્વારા જ ગુજરાતના વિકાસની વાતો જાણી શકે છે. ૧લી સપ્ટેમ્બરના અંકની કવર સ્ટોરી વાંચીને વતનની યાદ આવી ગઇ. ગુજરાતે જે જુદા જુદા જિલ્લાઓમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો ચિલો પાડ્યો છે તે ખરેખર આવકારદાયક છે. એ માટે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આ ઉપરાંત પ્રવાસન લેખમાં સરદાર સરોવર વિશે પણ જાણવા મળ્યું હવે જ્યારે ગુજરાત આવીશ ત્યારે સરદાર સરોવરની મુલાકાત લેવાનું નહી ચૂકું.

**- જીજ્ઞા પી. ધંધુકીયા, યુ.એસ.એ.** ■

## તમારા પ્રિય પાક્ષિક 'ગુજરાત'ના તમે ખબરપત્રી બનો...

**વિકાસની વાતો અમને લખી મોકલો... તમારી વાત અન્યને પ્રેરણા આપશે...**

વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ગુજરાતમાં છેલ્લા દાયકામાં થયેલા વિકાસે સમગ્ર દુનિયામાં ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સંદર્ભે રાજ્યના ખૂણે ખૂણે કોઇને કોઇ વિકાસ કાર્યો થયા છે. ગુજરાતના ગામડે ગામડે પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓના માધ્યમથી વિકાસ કામોનો ઉજાસ ફેલાયો છે. ક્યાંક શાળા બની છે તો ક્યાંક બસ સ્ટેન્ડ, ક્યાંક આંગણવાડી બની છે તો ક્યાંક હોસ્પિટલ, કેટલાય લોકોને સરકારી યોજનાઓના લાભ મળ્યા હશે, આવા તો અનેક ઉદાહરણો હશે... સૌનો સાથ લઇને પ્રજાની લોકભાગીદારીથી થયેલા વિકાસ કાર્યો આપની નજરે પણ પડતા જ હશે. આવી અનુભૂતિ અને આનંદની લાગણી તમે પણ **'ગુજરાત'** પાક્ષિકને લખીને મોકલી શકો છો. આપ આપના ગામમાં થઇ રહેલા વિકાસની વાતો ગુજરાતના લાખ્ખો વાચકો સુધી પહોંચાડી શકો છો. અભિવ્યક્તિ કોરા કાગળ પર સુવાચ્ય અક્ષરે અથવા ટાઇપ કરીને વધુમાં વધુ ૮ થી ૧૦ લીટીમાં, મુદ્દાસર મોકલી શકો છો. આપનું લખાણ અને વિકાસ કાર્યોની તસવીર પ્રસિધ્ધ કરવા યોગ્ય જણાશે તો અમે જરૂર પ્રસિધ્ધ કરીશું. પ્રસિધ્ધ કરવા - ન કરવાના અબાધિત હક્ક તંત્રી મંડળનો રહેશે. તમે મોકલેલું લખાણ પરત મળશે નહિ અને આ બાબતે કોઇ પુછપરછ પણ ન કરવા વિનંતી. તો થઇ જાઓ તૈયાર, નજર દોડાવો તમારી આસપાસના વિકાસકામો ઉપર અને લખીને મોકલો તમારી અનુભૂતિ. ■

વિષ્ણુ પંડ્યા

# છેલ્લા દશકમાં : આજે ગુજરાતી જણ ગૌરવપૂર્વક 'હું ગુજરાતી છું' કહેતો થયો છે...

દિલ્હી અને ગુજરાત. આમ તો આ દેશકારણનાં બે બિંદુ છે, એકે રાષ્ટ્રીય અને કેન્દ્રીય સ્થિતિને જાળવવાની છે, બીજુ, ગુજરાતે પ્રાદેશિક મહત્ત્વનું સ્થાન જાળવવાનું છે.

જ્યારે 'ગુજરાત' શબ્દને દિલ્હીની સાથે જોડીએ ત્યારે તે એકલો રાજકીય નથી રહેતો, સાંસ્કૃતિક પણ બની જાય છે. આપણા સંબંધો - દિલ્હીની સાથે - એકથી વધુ તરાહના છે, અને તે આજથી નહીં, હજારો વર્ષના છે, હસ્તિનાપુર અર્થાત્ દિલ્હીના પાંડવો, કૌરવો, શ્રીકૃષ્ણ અને તે પછીના રાજ્ય શાસકો, ગુજરાત સાથે ઘણી રીતે જોડાયેલા રહ્યા, કારણ એ હતું કે ગુજરાત પણ એક મોટી શક્તિનું ઊર્જા કેન્દ્ર હતું, નહીંતર શ્રી કૃષ્ણે મથુરા હસ્તિનાપુર - વૃંદાવનનીને છોડીને ગુજરાતનાં દ્વારકાને શા માટે પસંદ કર્યું હોત? કૃષ્ણની જગતશ્રેષ્ઠ રાજધાની અને જગતમંદિર, બંને દ્વારિકાની પુરાણકાલીન ભેટ છે.

શક્તિ - કેન્દ્ર ભારતમાં વારંવાર બદલાતાં રહ્યાં છે. શક, હુણ, ગુર્જર, ગુપ્ત, મૌર્ય, રઘુ, સૂર્ય અને પછી રાજપૂત યુગ, વળી મુઘલ આક્રમણ, ગઝની અને ઘોરી સુલતાનો અને બાદશાહો... આ પરંપરા પછી તો દિલ્હી દેશનું શાસન કેન્દ્ર બની રહ્યું. એક બિચારા મહમદ તુઘલખે દોલતાબાદને પાટનગર બનાવવા ધાર્યું તો તેને મગજનો ચસકેલ ગણાવાયો હતો. એમ તો અંગ્રેજોને માટે દિલ્હીની જેમ કોલકતા યે રાજધાની ક્યાં નહોતી?

*આજે ગુજરાતી વિશ્વના તખતા પર તાકાત અને ગૌરવપૂર્વક કહેતો થયો છે કે હા, હું ગુજરાતી છું... ગરવો ગુજરાતી છું! એ છેલ્લા દશકની સૌથી મહત્ત્વની ઉપલબ્ધિ છે, તેનો નકાર કોઇ કરી શકે એમ નથી.*

વર્તમાન દિલ્હી, આપણા આંતરરાષ્ટ્રીય ખ્યાત પત્રકાર (જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે અને ૨૪-૨૫ સપ્ટેબરે ભાવનગરમાં દિલ્હીથી આવેલી રાષ્ટ્રીય (કેન્દ્રીય) સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય અકાદમીએ એક સરસ વિચારગોષ્ઠિ આયોજિત કરી હતી. તેમાં તેમની કવિતા, નાટકો અને પત્રકારત્વ વિષેનાં પુસ્તકો વિમોચિત થયાં) કૃષ્ણલાલ શ્રીધરાણી તો ૧૯૪૭ થી ૧૯૬૦ (કારણ કે ૧૯૬૦માં માંડ ૪૯ની વયે તેમનું અવસાન થયું) દિલ્હી નિવાસી પત્રકાર રહ્યા હતા તેમણે "આઠમું દિલ્હી" શીર્ષ કે શીર્ષકે આજથી ૫૫ વર્ષ પહેલાં ૧૯૫૬માં એક કાવ્ય લખ્યું હતું. શ્રીધરાણીની કવિતાને આ રચના વિના સમજાવી ના શકાય! તે લાંબા કાવ્યની આ પંક્તિઓ સાંભળો,

ભવિષ્યની કોદાળી જ્યારે નમશે
નવી પેઢીઓ રટશે કે અવગણશે
એક ચરૂનો નકી થશે ટંકાર
રૂપિયા, પૈસા નયા નીકળશે,
ભાતભાતના સિક્કા મળશે,
નહિ જડશે તાજની છાપ
અને આ તેનો ઇતિહાસ,
ડુંગરના ધણ દોડી, ઉભરે કદમ અહીં અટકાવે,
ધરણી પડી સપાટ
અહીં જ્યાં યવનો આવે,
દેશ રક્ષવા કાજ મોરચા પ્રથમ રચાતા અહીં, ચાંદની ચોકે જાતાં
સ્વર્ણ, સુંદરી, મદિરા તરસ્યાં સો-સો લશ્કર
લોહીના પુષ્કર
અહીં થડી લડાઇ પુત્ર, પરદેશી વચ્ચે,
અસત્યને પણ આ સ્થળમાં ઉથલાવ્યું સરસે
જડશે ચન્દ્રક, એક અનેક
નહીં જડશે, શુદ્ધ વિવેક!

શ્રીધરાણીનો સમય ભારતની આઝાદીના નવસૂર્યોદયનો હતો. ગુજરાતી ગાંધીને દિલ્હીમાં જ ગોડસેની ગોળીએ વીંધ્યા! રાજકીય વ્યવસ્થા અને શાસનમાં ગુજરાતે સરદાર વલ્લભભાઇ પટેલ દેશના ગૃહપ્રધાન તરીકે આપ્યા તે તો ઐતિહાસિક પ્રદાન છે. એમ તો ગાંધીનગરથી જીતેલા અટલ બિહારી વાજપેયી અને ગુજરાતમાંથી ચૂંટાયેલા મોરારજીભાઇ - બંનેએ વડાપ્રધાનપદ અસરકારક રીતે શોભાવ્યું હતું... એચ. એમ. પટેલ જેવા નિષ્ણાત નાણાપ્રધાન અને આઇ. જી. પટેલ જેવા અર્થશાસ્ત્રી ગુજરાતની દિલ્હીને બક્ષીસ છે.

રાષ્ટ્ર નામનાં જીવંત એકમને હવે માત્ર કેન્દ્રીય રાજ્ય -વ્યવસ્થાના માપદંડથી માપી શકાય તેમ નથી. જેમ કેન્દ્ર મહત્ત્વનું છે, તેનાં વિવિધ પ્રદેશ - કેન્દ્રો પણ એટલા જ મહત્વનાં છે. આ માન્યતા વહીવટ, રાજકારણ, સાહિત્ય સમાજ બધાં સ્તરે રહેવી જોઇએ નહીં. ડૉ. આંબેડકરે એટલે જ સમાજપૂર્વક "કેન્દ્રીકરણ"નું સ્થાન "વિ-કેન્દ્રીકરણ" જ લઇ શકે તે દર્શાવ્યું હતું.

આજે ગુજરાતી વિશ્વના તખતા પર તાકાત અને ગૌરવપૂર્વક કહેતો થયો છે કે હા, હું ગુજરાતી છું... ગરવો ગુજરાતી છું! એ છેલ્લા દશકની સૌથી મહત્ત્વની ઉપલબ્ધિ છે, તેનો નકાર કોઇ કરી શકે એમ નથી.

ખ્યાત રાજનીતિ અને સંસ્કૃતિચિંતક ડૉ. રામમનોહર લોહિયાએ એકવાર (વર્ષ ૧૯૬૫ સ્થાન સુરેન્દ્રનગર) કહેલું કે મેડતાની મીરાએ વૃન્દાવન ગોકુળ - મથુરાને બદલે દ્વારિકા જ પસંદ કર્યું તે એક સાંસ્કૃતિક

યાત્રાનું ઉદાહરણ છે... તેમણે ઉમેરેલું કે મેડતાથી દ્વારિકા સુધી મીરા ચાલીને ગઇ તે દરેક સ્થાન અને રસ્તે એકવાર પદયાત્રા કરવાની મારી ઇચ્છા છે ! ઇતિહાસ - સંસ્કૃતિ - પ્રેમી જીવ જ આવું કહી શકે !

સાર્વજનિક આંદોલનોની તો કતાર છે, જેમાં ગુજરાત આગળ રહ્યું અને કેન્દ્રે ક્રિયા પ્રતિક્રિયા દાખવી ! ૧૯૪૭-૪૮માં સરદાર સાહેબના કુનેહ પૂર્વકના દઢ પ્રયાસોથી ગુજરાતનો ૨૦૨ રાજરજવાડાંઓનો વિલય થયો અને કેન્દ્રને વધુ મજબૂત અને અખંડ બનાવાયું. ભાષાવાર પ્રાંતરચનાના આગ્રહ પછી ૧૯૫૬માં ઇન્દુલાલ યાજ્ઞિકે પ્રચંડ આંદોલન કર્યું ને ગુજરાત મળ્યું. ૧૯૭૪માં છાત્રોનાં નવનિર્માણ આંદોલનમાંથી જયપ્રકાશ નારાયણે રાષ્ટ્રીય સ્તરના 'સંપૂર્ણ ક્રાંતિ' આંદોલન આગે કર્યું. ઇમર્જન્સી - પ્રિસેન્સરશિપની લડાઇ ગુજરાતે અસરકાર રીતે લડી અને તેના સૂત્રધાર ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી બાબુભાઇ પટેલ સ્વયં બન્યા (વર્તમાન મુખ્યમંત્રી પણ તે સંઘર્ષમાં ભૂગર્ભ-નેતા તરીકે ઘડાયેલા તેનું વર્ણન તેમનાં પુસ્તક "સંઘર્ષમાં ગુજરાતમાં છે.) ૧૯૬૮માં કચ્છ-સત્યાગ્રહથી કેન્દ્ર સરકારને પાકિસ્તાન સાથેનાં વલણોમાં ફેરફાર કરવાની ફરજ પાડી હતી.

એક બાબત સ્પષ્ટ છે. ગુજરાતે તેના ૫૦૦૦ વર્ષના ઇતિહાસ દરમિયાન અનેક આક્રમણો, વિચારવિનિમય, સંવાદિતા અને સંઘર્ષો અનુભવ્યા છે કે દરેક ગુજરાતીનો પિંડ બધી બાબતોમાં અલગ રીતે વિચારે છે, અલગ રીતે અનુસરે છે ને પછી દુનિયામાં કેટલાંક વર્ગ તેને અનુસરે છે. તેની પાસે ધીરજ છે, શાણપણ છે, સહિષ્ણુતા છે, શાંતપ્રશાંત પરિવર્તનની સૂઝ છે અને વિપ્લવ - વિસ્ફોટ પણ છે ! ■

# શિક્ષણ તેમજ અનઅધિકૃત વિકાસની અધિકૃતતા અંગેના વિધેયક પસાર

## પ્રાથમિક શાળાઓમાં પાંચ હજાર આચાર્યોની ભરતી થશે

ગુજરાત વિધાનસભામાં શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ રજૂ કરેલું ગુજરાત પ્રાથમિક શિક્ષણ સુધારા વિધેયક-૨૦૧૧ને તાજેતરના વિધાનસભા સત્ર દરમ્યાન સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું.



શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, આજે પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી રહી છે. શાળાઓમાં ભૌતિક સુવિધાઓ વધતી જાય છે ત્યારે પ્રાથમિક શિક્ષણમાં મુખ્ય શિક્ષકની ભૂમિકા અતિ મહત્વની છે.

આ વિધેયક અંતર્ગત મુખ્ય શિક્ષકની નવી કેડર શરૂ કરવામાં આવશે. શિક્ષણ મંત્રીશ્રીએ વધુમા કહ્યું કે, આ વરસે પાંચ હજાર આચાર્યોની ભરતી કરવામાં આવશે. જેમાંથી ૫૦ ટકા જગ્યાઓ માટે રાજ્ય સરકારે નિયત કરેલ ટેટ સહિતની પરીક્ષા પસાર કરેલી હોઇ અને પ્રાથમિક શિક્ષક તરીકેનો પાંચ વર્ષનો અનુભવ હોય તેવા કોઇપણ ઉમેદવારોને તક મળશે. જ્યારે બાકીની ૫૦ ટકા જગ્યાઓ રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે બઢતી માટે નક્કી કરેલા નિયમો મુજબ બઢતીથી ભરાશે.

ગુજરાત પ્રાથમિક શિક્ષણ સુધારા વિધેયક વિષે મંત્રી શ્રી રમણલાલ વોરાએ વધુમાં જણાવ્યું કે, ધો.૮નો સમાવેશ પ્રાથમિક વિભાગમાં કર્યો છે. શાળાના શિક્ષકોને કેન્દ્ર સરકારના વસતી ગણતરી અને ચૂંટણીલક્ષી કામગીરી સિવાયની કોઇ કામગીરી સોંપવામાં આવતી નથી.

## અન-અધિકૃત વિકાસ વિધેયક પસાર

ગુજરાત અન-અધિકૃત વિકાસને નિયમીત કરવા બાબત વિધેયકને તાજેતરના વિધાનસભા સત્ર દરમ્યાન સર્વ સંમતિથી પસાર કરવામાં આવ્યું હતું. માન.રાજયપાલશ્રી દ્વારા પુનઃવિચારણા માટે મોકલવા અંગેની ચર્ચા પર બોલતા શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજયની ૬ કરોડની જનતા અને તેમાંય મધ્યમવર્ગના લોકોના રહેઠાણ,વ્યવસાય અને રોજગારી માટે આવા બાંધકામો મદદરૂપ થવાના છે ત્યારે તે માટે રાજ્ય સરકાર દ્વારા જે સુધારા વિધેયક લવાયું છે તેને સર્વ સંમતિથી પસાર કરાયું હતું.

રાજ્ય સરકારે મધ્યમવર્ગના લોકોને મદદરૂપ થવા માટે સરકાર સદાય તત્પર છે. આ કાયદાથી રાજ્યના ૭૫ લાખથી વધુ મધ્યમવર્ગના પરિવારોના ૧૫ લાખ મકાનોને કાયદાકીય રીતે સુવિધા પૂરી પાડવામાં આવશે. આ માટે રાજયની મોટાભાગની નગરપાલિકાઓ અને ૬ મહાનગરપાલિકાઓએ પણ સામાન્ય સભામાં ઠરાવ કરીને આ વિધેયકને પસાર કરવા માટે માન.રાજયપાલશ્રીને રજૂઆતો કરી હતી. મંત્રીશ્રીએ કહયું કે, રાજયપાલશ્રી દ્વારા જે સુધારાઓ સૂચવાયા હતા



તેનો અમે સંપૂર્ણ અભ્યાસ કર્યો છે તેમાં જે સૂચન છે તેમાં કટ ઓફ ડેટ નક્કી કરવા સૂચવ્યું હતું તે માટે ૨૮.૩.૨૦૧૧ની સમય-મર્યાદા નિયત કરાઇ છે. તે પહેલાંના બાંધકામોને જ નિયમીત કરાશે. ત્યારબાદના બાંધકામોને કોઇ જ લાભ મળશે નહિ. ■

# ટેક્નોલોજીનું જ્ઞાન ગામડાં અને ઘર-ઘરમાં પરિવર્તનની અનુભૂતિ કરાવે

ઇન્ફર્મેશન ટેક્નૉલૉજી(IT) અને એન્વાયર્નમેન્ટ ટેક્નૉલૉજી(ET)નું કોમ્બીનેશન માનવીય સંવેદનાઓ સાથે વિશ્વની સમસ્યાઓનું સમાધાન કરી શકે છે. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આસ દિશામાં ટેક્નૉલૉજીનો વિનિયોગ કરવા અનુરોધ કર્યો છે. તાજેતરમાં ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલી કોમ્યુનિકેશન્સ એન્જીનીયર્સ (IETE)નું ૫૪મું વાર્ષિક અધિવેશન IETE ખુલ્લું મુકયું હતું. ગ્રામ વિકાસમાં ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નૉલૉજી વિષયક બે દિવસના અધિવેશનમાં આઇ.ટી એન્ડ



ટેલીકોમ્યુનિકેશન ક્ષેત્રના તજજ્ઞો એમાં ભાગ લીધો હતો.

ઇન્ફર્મેશન એન્ડ ટેલીકોમ્યુનિકેશન ટેક્નૉલૉજીના ક્ષેત્રનાં જીવનભર ઉત્તમ યોગદાન આપનાર તજજ્ઞ ઇજનેરોનું અભિવાદન કરતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ટેક્નૉલૉજી અને વિજ્ઞાનના રહસ્યોની શોધ માટે જીવન ખપાવી દેનારા દુનિયામાં માનવ સંસ્કૃતિ વિકાસમાં પોતાનું યોગદાન અંકિત કરેલું છે. સુસંસ્કૃત માનવસમાજના નિર્માણમાં ટેક્નૉલૉજી અને વિજ્ઞાન દ્વારા સાતત્યપૂર્ણ વિકાસે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

૨૧મી સદીમાં સૌથી શક્તિશાળી-વિકસીત સમાજ અને રાષ્ટ્ર એ જ ગણાય છે જે ટેક્નૉલૉજીના માધ્યમથી વિકાસની કેટલી ઉંચાઇ ઉપર પહોંચ્યો છે તેનો માપદંડ બની ગયો છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, ટેક્નૉલૉજીનો ઉપયોગી ભારત જેવા દેશમાં "સાયન્સ યુનિવર્સલ એન્ડ ટેક્નૉલૉજી ઇઝ લોકલ"નો સિદ્ધાંત ધ્યાનમાં લેવો પડશે. ભારત કૃષિપ્રધાન ગ્રામ વિકાસનો દેશ છે ત્યારે ઉપલબ્ધ ટેક્નૉલૉજીનું જ્ઞાન ગામડા સુધી, ગરીબ ઘર સુધી કેવી રીતે પહોંચે અને તેના જીવનમાં ગુણાત્મક પરિવર્તનની અનુભૂતિ કરાવે તે જ મહત્વનું છે.

મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતમાં ટેક્નૉલૉજી દ્વારા ગ્રામીણ અર્થતંત્ર, કૃષિ વિકાસ અને સામાજિક માળખાકીય વિકાસ સુવિધાના ક્ષેત્રોમાં કેવો બદલાવ આવ્યો છે તેના દ્રષ્ટાંતો આપતાં જણાવ્યું કે, ટેલીમેડીસીન ટેક્નૉલૉજીનો ઉપયોગ અને સોઇલ હેલ્થકાર્ડ જેવી ટેક્નૉલૉજીની જાણકારીથી કિસાન અને ગ્રામસમાજ સુપેરે પરિચિત થયેલો છે.

ગુજરાતમાં બધી જ ગ્રામ પંચાયતોમાં આઇ.ટી. બ્રોડબેન્ડ કનેકટીવીટીની સુવિધા ઉપલબ્ધ છે અને સમગ્ર ભારતમાં આ પ્રકારનું ગ્રામીણ વિકાસમાં ઇન્ફર્મેશન ટેક્નૉલૉજીનું નેટવર્ક ગુજરાતે જ વિકસાવ્યું છે.

ગુજરાતે શિક્ષકોની ભરતી માટેની પારદર્શિતા માટે ઓનલાઇન ટેક્નૉલૉજી સર્વિસનો વિનિયોગ કર્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

આઇ.ઇ.ટી.ઇ.ના અધ્યક્ષ શ્રી આર. કે. ગુપ્તાએ ગુજરાતને દેશના સૌથી વધુ પ્રગતિશીલ રાજ્ય તરીકે ઓળખાવી જણાવ્યું હતું કે, કૃષિ, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય અને જાહેર માર્ગ ક્ષેત્રે ગુજરાતે જે વિકાસ કર્યો છે તેના કારણે દેશમાં ગુજરાતે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

આ કાર્યક્રમ અંતર્ગત ડૉ. આર. કે. ગુપ્તા, પ્રખર શિક્ષણશાસ્ત્રી ડી. પી. અગ્રાવત, કે. કે. અગ્રવાલ, વૈજ્ઞાનિક એસ.એસ. અગ્રવાલ, વૈજ્ઞાનિક, કેરાલા યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર એ. ભાસ્કરનારાયણ વગેરેને વિવિધ ફેલોશિપ, એવોર્ડથી મુખ્ય મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે આઇ.ઇ.ટી.ઇ.ના બેસ્ટ સેન્ટર તરીકે અમદાવાદને પ્રથમ તથા ગૌહાટીને દ્વિતીય ક્રમે જાહેર કરીને મુખ્ય મંત્રીશ્રીના હસ્તે એવોર્ડ એનાયત કરાયો હતો. જ્યારે બેસ્ટ સબ સેન્ટર એવોર્ડ ઇમ્ફાલને પ્રથમ ક્રમ માટે જયારે રાજકોટને બીજા ક્રમ માટે એનાયત કરાયો હતો. રામલાલ વાધવા એવોર્ડ સી.એસ.આઇ.ઓ., ચંદીગઢના નિયામક ડૉ. પવન કપૂરને એનાયત કરાયો હતો.

આ પ્રસંગે ઇન્ફર્મેશન એન્ડ ટેક્નૉલૉજી, ઇજનેરી ક્ષેત્રે કાર્યરત વૈજ્ઞાનિકો, ગ્રામ વિકાસ સાથે સંકળાયેલ સંસ્થાઓ, મહાનુભાવો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દિનેશ દેસાઈ

# રાજ્યનો સર્વતોમુખી વિકાસ ગ્રાસરૂટથી મેગાસિટી સુધી

હિન્દુસ્તાનની આઝાદીના ક્રાન્તિકારી સૂત્રધાર અને દીન-દુઃખિયાના હામી પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી (૧૯૧૬-૧૯૬૮) એક વાત વારંવાર કહેતા કે, 'આપણે માત્ર કોઈ એક જ સમાજ કે સમુદાયની જ સેવા કરવાની નથી પરંતુ સમગ્ર દેશવાસીઓની સેવા કરવાની છે. સમાજના છેવાડાના માનવી સુધી આપણી સેવાની સુવાસ પ્રસરવી જોઈએ. પ્રત્યેક દેશવાસી આપણો જ બાંધવ છે એ રીતે એમનો ખ્યાલ રાખવાનો છે.' તેઓ વંદે માતરમ્ અને સુજલામ્ અને સુફલામ્ના અર્થસંદર્ભને પણ ટાંકી બતાવતા કે 'આપણે બધાં ભારતમાતાનાં સંતાનો છીએ અને આ ભારતમાતા આપણને સહુને વિશુદ્ધ પેયજળ અને રસ-કસદાર ફળો પણ આપે છે.'

ગાંધી બાપુ પણ આઝાદ દેશમાં સહુથી પહેલા સમાજના છેવાડાના માનવીની ચિંતા કરવાનું જ કહેતા રહ્યા. બાપુ કે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની વાત એટલા માટે યાદ આવે, કેમ કે ગુજરાતની વિકાસસફરમાં પાછલા એક દાયકામાં ગુજરાત સરકારે સાતત્યપૂર્ણ અને સર્વતોમુખી વિકાસકાર્યો કરીને જે વિકાસ સાધ્યો છે એનાં મીઠાં અને રસ-કસદાર ફળો આપણને ગ્રાસરૂટ લેવલથી લઈને છેક મેગાસિટી સુધી પણ જોવા મળી શકે છે. આ કોઈ દીવાસ્વપ્નની વાત નથી. પરંતુ ૨૦૦૧ પછી ગુજરાત બહાર દેશમાં કે પરદેશમાં ગયેલા કોઈ પણ સ્વજન આજે જ્યારે ૨૦૧૧માં ગુજરાતમાં પાછા ફરે ત્યારે તેઓ અવશ્ય બોલી ઊઠે છે કે, 'અમે જે ગુજરાત મૂકીને ગયા હતા તે આ ગુજરાત લાગતું નથી. જાણે કે અમે કોઈ અન્ય રાજ્યમાં તો આવી ગયા નથીને!' મહત્ત્વની વાત ગુજરાતે જે રીતે તમામ ક્ષેત્રોમાં વિકાસક્ષેત્રે હરણફાળ ભરી તેની છે. તમે શાળા-કોલેજોની સંખ્યા જુઓ, નિત નવા કોર્સીસની વિગતો જુઓ, આંતરમાળખાકીય સવલતોનો વ્યાપ-વિસ્તાર જુઓ, તમે ઔદ્યોગિક વિકાસ અને યુવા બેરોજગારોને મળેલી રોજગારીની તકો જુઓ, તમે કૃષિ-ઉત્પાદન, પશુપાલન અને દૂધ-ઉત્પાદન જુઓ. આમ તમે કોઈ પણ ક્ષેત્રમાં નજર દોડાવશો તો ખ્યાલ આવશે કે વિકાસ કઈ દિશામાં કે કયા ક્ષેત્રમાં નથી થયો ?

હમણાં અમદાવાદમાં 'સદ્ભાવના મિશન' અંતર્ગત મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા ત્રણ દિવસીય ઉપવાસ નિમિત્તે શુભેચ્છા પાઠવવા માટે મહારાષ્ટ્રના વિરોધપક્ષના નેતા એકનાથરાવ ખડસેએ તો કહ્યું પણ ખરું કે, 'તમે જ્યારે હવાઈ માર્ગે પરિવહન કરી રહ્યા હોવ ત્યારે રાતના સુમારે જ્યાં લાઈટોનો ઝગમગાટ જોવા મળે એ સમગ્ર પ્રદેશ ગુજરાત સમજવો અને જ્યાં ચોતરફ અંધકાર જ અંધકાર છવાયેલો જોવા મળે તે અમારું મહારાષ્ટ્ર સમજવું. આમ તો મહારાષ્ટ્રમાંથી વિભાજન બાદ બે રાજ્યની સ્થાપનાનો સમયકાળ તો એક સરખો જ હોવા છતા ગુજરાતે પાછલા એક જ દાયકામાં જે રીતે અભૂતપૂર્વ વિકાસ કર્યો છે એની તારીફ કર્યા વિના હું રહી શકતો નથી.'

ગુજરાતના છેવાડાના માનવીઓનાં જીવનમાં આ વિકાસની વાટે શું અને કેવું પરિવર્તન આવ્યું ? એનો પણ અછડતો ઉલ્લેખ કરી લઈએ. વલસાડની એક ઑટો ઍજન્સીમાં મહિને રૂપિયા ૧,૫૦૦ની નોકરી કરતા વિનોદભાઈ ચૌધરી રાજ્ય સરકાર દ્વારા મળતી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની લૉન સહાયના પ્રતાપે આજે હવે નોકર મટીને માલિક બન્યા છે અને અન્ય યુવાઓને પણ રોજગારી આપે છે, તો બનાસકાંઠા જિલ્લાના પરબતપુરા ગામના ગેમરભાઈ ચૌધરીની વાત પણ જાણવા જેવી છે. એમનો મુખ્ય વ્યવસાય તો પશુપાલનનો. પરંતુ જ્યારે એમની વહાલસોયી બે કાંકરેજી ગાય અચાનક મરી ગઈ ત્યારે તેઓ સાવ ભાંગી પડ્યા હતા. એવામાં તેમને ગ્રામમિત્રએ સલાહ આપી, એટલું જ નહીં, સચોટ માર્ગદર્શન આપીને રાજ્ય સરકારની પશુપાલન-પશુનિભાવ અંગેની યોજનામાં લૉન-સહાય અપાવવામાં મદદ પણ કરી. આજે હવે ગેમરભાઈ ફરી એકવાર ગાયોના સમુહ સાથે દૂધના વ્યવસાય થકી પોતાના અને પરિવારના ચહેરા ઉપર રોનક લાવી શક્યા છે.

> *ગુજરાતનાં ગામડાંની પ્રત્યક્ષ મુલાકાત લેશો તો ખબર પડશે કે ગામડાં વધુ સમૃદ્ધ થયાં છે તો છેવાડાનો ગામડાનો માણસ પણ અગાઉનાં વર્ષો કરતાં વધુ સમૃદ્ધ થયો છે.*

ગ્રાસરૂટ લેવલના વિકાસે ગુજરાતને એક નવી દિશા પણ આપી છે. કેમ કે મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગાંધીજીના એ મંત્રને પણ જાણે છે કે ગ્રામવિકાસ વિના સર્વાંગી વિકાસ સાધવો શક્ય નથી. ગુજરાતનાં ગામડાંની પ્રત્યક્ષ મુલાકાત લેશો તો ખબર પડશે કે ગામડાં વધુ સમૃદ્ધ થયાં છે તો છેવાડાનો ગામડાનો માણસ પણ અગાઉનાં વર્ષો કરતાં વધુ સમૃદ્ધ થયો છે.

કચ્છના મુંદ્રા તાલુકાના રામપર ગામના ખેડૂત વશરામભાઈ પરમાર જ્યોતિગ્રામ યોજના થકી કૃષિપાક માટે વીજળીની સહાયથી પાણી મેળવે છે તો સાથે સાથે રાજ્ય સરકાર નિર્મિત શાખા નહેર-કેનાલના કામકાજ થકી પણ પર્યાપ્ત માત્રામાં પાણી મેળવીને સારી એવી પ્રગતિ સાધી રહ્યા છે. વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાની વાત કરીએ તો આ નગરમાં રહેતા પતિ-પત્ની જિજ્ઞેશભાઈ અને હર્ષાબહેન પટેલ રાજ્ય સરકારની સહાયથી કાજુ-પ્રૉસેસિંગ યુનિટ થકી રોજગારીની નવી તકો ઉભી કરી શક્યા છે. તેઓએ ડભોઈ પાસે નડા નર્મદા વસાહત પાસે સ્વમાલિકીના ગૃહઉદ્યોગ થકી જીવનમાં નવી કેડી કંડારી છે. આવી તો કંઈ કેટલીય કથાઓ ગુજરાતના ખૂણે-ખૂણે ને ગામડે ગામડે પ્રત્યક્ષ જોઈ શકાય છે. આ જ તો છે ગુજરાતનો ખરો અને સાચો વિકાસ. એક સર્વતોમુખી વિકાસ. સૌનો સાથ અને સૌનો વિકાસ. ■

# ગુજરાતનું સદ્‌ભાવના મિશનઃ વિકાસ અને જનશક્તિનો અદ્‌ભૂત સાક્ષાત્કાર




## સૌનો સાથ, સૌનો વિકાસ - ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો એક જ ધ્યેયમંત્ર-વિકાસમંત્ર



અમેરિકાના ૧૬મા રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકન(૧૮૦૯-૧૮૬૫) મજબૂત લોકશાહીના પ્રખર હિમાયતી રહ્યા. તેઓ અવારનવાર કહેતા કે 'સાચી લોકશાહી લોકોને સાથે રાખીને ચાલવામાં છે. લોકશાહીનું પ્રથમ કર્તવ્ય જ એ છે કે એમાં તમામ સ્તરના નાગરિકોના વૉઈસને રીસ્પૉન્સ મળતો હોય.' તાજેતરમાં અમદાવાદમાં ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તા.૧૭મી સપ્ટેમ્બરથી તા.૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના ત્રણ દિવસ માટે ''સદ્‌ભાવના મિશન'' ઉપવાસ રાખ્યા ત્યારે એમના આ અનશનને પ્રચંડ જનસમર્થન મળ્યું. માત્ર ગુજરાત જ નહીં, દેશના ખૂણે-ખૂણેથી તેમના લોકલાડીલા નેતાને અનશન કરવા બદલ કરોડો લોકોનો પ્રેમ-દુલાર મળ્યો. આ અનશન દ્વારા માત્ર ગુજરાત જ નહીં, સમગ્ર દેશમાં એકતા, સૌહાર્દ, ભાઈચારા અને અમન-શાંતિ, સદ્‌ભાવનાના માર્ગે સમાજ અને રાષ્ટ્રનો વિકાસ સધાય એ માટે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સમગ્ર દેશમાં નૂતન અને નવતર પ્રકારની પહેલ બદલ સૌનો સાથ અને અભૂતપૂર્વ આવકાર મળ્યો.

**• ગુજરાત ઉપર ફેંકાયેલા પથ્થરો ભેગા કરીને વિકાસની સીડી બનાવીને ગુજરાતે નવી ઊંચાઈઓ સર કરી છે**

**• માત્ર ગુજરાત જ નહીં, સમગ્ર દેશના વિકાસની ચિંતા**

**- મુખ્યમંત્રીશ્રી**




માત્ર પોતાના શાસન હેઠળના રાજ્ય માટે જ નહીં, સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ માર્ગે વિકાસ માટેની ખેવના-ભાવના સાથે કોઈ મુખ્યમંત્રીશ્રીએ ઉપવાસ રાખ્યા હોય એવો આઝાદ દેશમાં આ પહેલો પ્રસંગ બની રહ્યો. ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં ત્રિદિવસીય ઉપવાસ કર્યા હતા. તેઓના ઉપવાસના આરંભે શુભભાવનાઓ વ્યક્ત કરવા જે રીતે તમામ કોમ-ધર્મ-સમુદાયના વડાઓ સ્વયં હાજર રહ્યા એ જ પ્રમાણે તેઓના ઉપવાસના પારણાં કરાવવા માટે પણ વિવિધ ધર્મના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને આ મંગલમય પ્રસંગને અનોખી દિવ્યતા પ્રદાન કરી. એટલું જ નહીં, ધર્મ-સંપ્રદાયના આગેવાનો સહિત રાજકીય નેતાઓ અને જાહેરજીવનમાં અગ્રેસર લોકોએ પણ ત્રણ દિવસ દરમિયાન લાખોની જનમેદની વચ્ચે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને તેમના સદ્ભાવના માટેના ઉપવાસના અવસરે હાજરી આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર ઘટનાક્રમને સ્થાનિક તેમજ રાષ્ટ્રીય મીડિયાએ પણ બહોળું કવરેજ આપીને ગુજરાતની અને ગુજરાતના વિકાસની ખુશ્બૂને દેશ-વિદેશના લોકો સુધી પહોંચાડી.



તા.૧૭મી સપ્ટેમ્બરનો દિવસ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો જન્મ દિવસ હોઈને તેઓએ ઉપવાસ સ્થળે અમદાવાદ પહોંચતા પહેલા જ ગાંધીનગરમાં માતુશ્રી હીરાબાને મળીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે હીરાબાએ પ્રજા વત્સલ પુત્રને 'શ્રી રામચરિત માનસ' ગ્રંથની ભેટ આપી હતી. ઉપવાસના આરંભે ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરતી વેળા મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, 'ગુજરાત હવે તો વિકાસનું દેશ માટેનું એક મૉડલ સ્ટેટ બની ગયું છે ત્યારે આપણે ગુજરાતના વિકાસને લઈને આગળ ચાલવાનું છે અને દેશના વિકાસની પણ વાત કરવાની છે.આપણો સૌનો એક જ ધ્યેય મંત્ર હોઈ શકે કે સૌનો સાથ, સૌનો વિકાસ. ગુજરાતનું સદ્ભાવના મિશન હિન્દુસ્તાનની વિરાટ ૧૨૦ કરોડની જનશક્તિમાં સાંપ્રદાયિક વેર-વિખવાદ અને વિભાજનનું નિવારણ કરવાની શક્તિરૂપે ઉભરી આવશે. ગુજરાતનું આ સદ્ભાવના મિશન હિન્દુસ્તાનને બરબાદ કરનારી વૉટ-બૅન્કની રાજનીતિનો મૃત્યુઘંટ વગાડશે. ખરેખર તો ૬ કરોડ ગુજરાતીઓએ શાંતિ, એકતા અને સદ્ભાવની શક્તિથી જ ગુજરાતને વિકાસ અને ગુડ ગવર્નન્સની બાબતમાં એક મૉડલ સ્ટેટ બનાવ્યું છે.



અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં સદ્‌ભાવના મિશન અંતર્ગત ઉપવાસના આરંભે શ્રી નરેન્દ્ર મોદીને ગણમાન્ય સંતોએ આશીર્વાદ આપ્યા હતા. ''વૈષ્ણવજન'' અને ''મૈત્રીભાવનું પવિત્ર ઝરણું''ના ભક્તિભાવભર્યા, સાદગીપૂર્ણ અને ગરીમામય વાતાવરણમાં દેશના સામાજિક, સાર્વજનિક, રાજકીય, ધાર્મિક ક્ષેત્રોના અનેક મહાનુભાવોએ મુખ્યમંત્રીશ્રીને શુભેચ્છા આપી હતી.

શ્રી નરેન્દ્ર મોદીએ સદ્‌ભાવના મિશનને ભારતના બંધારણ, લોકતંત્ર અને બિનસાંપ્રદાયિકતાની સમાજ શક્તિ સાથે સુસંગત એવું અભિયાન ગણાવ્યું હતું. જે ભારતને શક્તિશાળી અને વિકસીત બનાવવામાં છ કરોડ ગુજરાતીઓની શાંતિ, સદ્‌ભાવ અને એકતાના વાતાવરણમાં વિકાસ કેવો રંગ લાવી શકે છે તેનો દેશ અને દુનિયાને સુપેરે પરિચય કરાવ્યો છે તેની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે પીડિતો પ્રત્યેની સમસંવેદના અને ન્યાય માટેની પ્રતિબદ્ધતા વ્યકત કરતાં જણાવ્યું કે, હું વારંવાર એ વાતની યાદ આપતો આવ્યો છું કે, વિકાસ માટે શાંતિ અને સદ્‌ભાવ જ વિકાસની ગતિ તેજ બનાવશે.

મુખ્ય મંત્રીશ્રીએ સને ૧૯૮૦-૯૦નો દાયકો અને સને ૨૦૦૧-૧૦ના દશકની ગુજરાતની સ્થિતિનું તુલનાત્મક વિશ્લેષણ કર્યું હતું. ૧૯૯૦ના દાયકામાં ગુજરાતમાં કોમી હુલ્લડો, સાંપ્રદાયિક હિંસા, છૂરાબાજી, કરફયુની કેવી તનાવગ્રસ્ત દુર્દશાપૂર્ણ સ્થિતિ હતી, તેનો ચિતાર આપી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સને ૨૦૦૧ના વિનાશક ભૂકંપ પછી મોતની ચાદર ઓઢીને સુતેલું ગુજરાત ફરી બેઠું નહીં જ થાય એવી શંકા ખોટી પાડીને આ જ ગુજરાતીઓએ ત્રણ વર્ષમાં ગુજરાતને માત્ર બેઠું જ નહીં દોડતું કરી દીધું હતું. ત્યારબાદ બીજા વર્ષે ગુજરાતમાં કોમી દાવાનળ અને ખૂનપીપાસાના ઝનૂને નિર્દોષોને મોતને ઘાટ ઉતાર્યા. આ કોમી દાવાનળની સ્થિતિને સરકારે પુરી શક્તિથી નિવારવાનો પ્રયાસ કર્યો હતો. આ સ્થિતિમાં ૨૦૦૩ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વખતે એવી શંકાએ જોર પકડેલું કે, ગુજરાતમાં કોઇ પૂંજીનિવેશ નહીં આવે. પરંતુ આ આપત્તિને પણ ગુજરાત પાર કરી ગયેલું.

ગુજરાતને એના નસીબ ઉપર છોડી દેવાયેલું ત્યારે જ મેં નિર્ધાર કરેલો કે ગુજરાત આ સ્થિતિમાંથી બહાર નીકળવા એનો માર્ગ જાતે જ નક્કી કરશે. મારા મનમાં દ્રઢ નિર્ધાર હતો કે, ગુજરાત અને ગુજરાતીઓનું ચારિત્ર્ય, સંસ્કાર અને સમાજ સ્વભાવ એવા છે કે, સૌના ભલા માટે, સૌની સાથે શાંતિ અને સદ્‌ભાવથી વિકાસ કરી શકવાની નિહિત શક્તિ ધરાવે છે. આ હકીકત સ્વયંસિદ્ધ બની ગઇ છે.

**રાજ્યપાલશ્રીએ મુખ્યમંત્રીશ્રીને જન્મદિન શુભેચ્છાઓ પાઠવી**

**મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ મુખ્યમંત્રીશ્રીને શુભેચ્છાઓ પાઠવી હતી.**

સને ૨૦૦૮ના ગુજરાતમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટના આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતની ઉપરનો આટલો ભયાનક આતંકી હુમલો છતાં ગુજરાતમાં જનતા જનાર્દને સદ્‌ભાવ, શાંતિ,




સંયમ અને એકતાની મિસાલના દર્શન કરાવ્યા અને ગુજરાતની ધરતીને નિર્દોષોના લોહીથી રંજિત કરવાની મુરાદ બર આવી નહોતી. પરંતુ આ ગુજરાતના શાંતિ સદ્‌ભાવની સિદ્ધિને પણ કોઇએ લક્ષ્યમાં લીધી નહોતી.

૧૯૮૦-૯૦નો દાયકો કરફ્યુ, સાંપ્રદાયિક હુલ્લડોના ગોઝારા દિવસો, ઘટનાઓની બરબાદીનો કાળખંડ હતો. જ્યારે આજે ગુજરાતની શાંતિ અને સદ્દભાવથી વિકાસની આ જ તાકાત ઉપર ગુજરાતમાં ગરીબો રોજી-રોટી વિશ્વાસપૂર્વક મેળવી શકે છે એટલું જ નહીં, હિન્દુસ્તાનના લગભગ બધા જ ખૂણેથી, રાજ્યોમાંથી યુવાનો, લોકો, રોજગારી માટે લગાતાર ગુજરાતમાં આવીને વસતા રહયા છે. ગુજરાતની સાચી શક્તિ અને સામર્થ્ય તો સદ્દભાવ અને એકતા જ રહયા છે. આ જ વાત હું દુનિયા સમક્ષ સદ્‌ભાવના મિશન દ્વારા મુકી રહયો છું. ગુજરાત તો ભારતના વિકાસ માટે, હિન્દુસ્તાનના કોઇ નબળા રાજ્યને મદદ કરવા હંમેશા પ્રતિબદ્ધ રહયું છે, રહેવાનું છે. ગુજરાતની માટીમાં જ આ સદ્દભાવની તાકાતના બીજ પડેલા છે, ઉછરેલા છે, વિકસીત થયેલા છે. ગુજરાત તો પીડ-પરાઇનું વારસ છે, આ જ ગુજરાતની સાચી છબી છે, એમ તેમણે જણાવ્યું હતું.







પોતાના ત્રણ દિવસના ઉપવાસના ઉમદા આશયની ભૂમિકા સ્પષ્ટ કરતાં શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, તેમના ઉપવાસ કોઇનીય વિરૂદ્ધમાં નથી. આ એજન્ડા મારો હોઇ શકે જ નહીં, હું આટઆટલી પીડા મનમાં ધરબીને પણ ભૂતકાળમાં કશું જ બોલ્યો નથી, આજે પણ બોલવાનો નથી, ભવિષ્યમાં પણ મારું આ જ મિશન રહેવાનું છે. ગુજરાતની પીડા અને પીડિતોની સંવેદનાથી હું દિનરાત વિચારતો રહયો છું અને એમાંથી જ રાજ્યના વિકાસની આ સદ્‌ભાવના મિશનની સફળતા મેં આગળ ધપાવવાનું નક્કી કર્યું છે.

હિન્દુસ્તાનનું દરેક રાજ્ય, પંચાયત, જિલ્લા પરિષદ, સ્થાનિક સ્વરાજનું તંત્ર, આ જ દિશામાં સદ્દભાવનાથી વિકાસનો માર્ગ લેશે તો દેશ પ્રગતિના હજારો કદમ ભરી શકશે.

મુખ્યમંત્રીશ્રીએ ભારતના લોકતંત્ર, દેશના બંધારણ અને ભારતની સ્વતંત્ર ન્યાયપ્રણાલીનો આદરભાવ વ્યકત કરતાં જણાવ્યું કે, સૌનો વિકાસ થાય, સૌને ન્યાય મળે, એ જ અમારું સપનું છે, અમારું કર્તવ્ય છે અને એ જ અમારી પ્રતિબદ્ધતા છે.

''આપણા માટે સમયની માંગ જ એ છે કે વિકાસની ગતિ તે જ બનશે તો જ ભારત શક્તિશાળી બનશે અને વિકાસને ગતિશીલ રાખવા શાંતિ અને સદ્દભાવનું વાતાવરણ જ અનિવાર્ય છે. આજના ઉપવાસ મારા મનની શક્તિને એવી તાકાત આપશે કે જેનાથી મારા મનમાં કોઇના પ્રત્યે દ્વેષ, કટુતા જન્મે જ નહીં, લોકતંત્રની આ જ સાચી દિશા છે. ૧૨૦ કરોડની જનશક્તિનું આ હિન્દુસ્તાન એક હોય-નેક હોય તો કેવો શક્તિશાળી દેશ બને તે માટે ગુજરાત સદ્દભાવના મિશનની પ્રયોગભૂમિ બની ગયું છે,'' એમ શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

''અમારા સદ્‌ભાવના મિશનનો ઉદ્દેશ સમાજને જોડવાનો છે, પ્રેમ અને ભાઇચારાનું સાર્વત્રિક વાતાવરણ સર્જવાનો છે અને ગુજરાતના આ સદ્દભાવના મિશન નિમિત્તે ઉપવાસમાં મને શક્તિ આપવા દેશભરમાંથી સામાજીક, રાજકીય, ધાર્મિક મહાનુભાવો આવ્યા છે ત્યારે તેમની ઉપસ્થિતિથી પ્રેરણા લઇને હું માનવતાવાદી શક્તિઓને વિશ્વાસ આપવા માંગું છું કે, અમે માનવતાના માપદંડોથી કયારેય નીચે નહીં ઉતરીએ. જેઓ ભોગ બન્યા

> ‘મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત અને દેશ માટે વિકાસ કાજે આ સદ્‌ભાવના મિશન થકી ઉપવાસ આદર્યા છે, એ રાષ્ટ્રને ખરેખર નવી ઊંચાઈઓ ઉપર લઈ જશે.’
> **- શ્રી દ્વારકેશલાલજી મહારાજ, ષષ્ઠ પીઠાધિકારી, કલ્યાણરાયજી મંદિર, વડોદરા**







છે તેમની પીડા એ મારી પીડા છે. તેમનું સુખ એ જ મારું સુખ છે. છ કરોડ ગુજરાતીઓના સપના એ મારા સપના છે, એમની આકાંક્ષા એ જ મારી આકાંક્ષા છે અને એમના સુખ-શાંતિ માટે હું મારી જાતને સમર્પિત કરી ચુકયો છું. મારા શરીરનું કણેકણ અને જીવનની ક્ષણેક્ષણ હું ગુજરાતની જનતા જનાર્દન માટે વાપરીશ. હું દુનિયાને પ્રતીતિ કરાવવા માંગુ છું કે, મારી સરકાર સૌનો સાથ લઇને, સૌને જોડીને, આવતીકાલની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટેના સદ્દભાવના મિશન માટે પ્રતિબદ્ધ રહેશે. ’’

આપણે હિન્દુસ્તાનની આવતીકાલ ઉપર નજર નોંધવાની છે. સમાજમાં વેરઝેર, સાંપ્રદાયિકતાનું વિભાજન કયારેય કારગત નથી નીવડતું અને ગુજરાતે તેની સદ્દભાવની શક્તિ ઉપર આ સત્ય પચાવ્યું છે. છ કરોડ ગુજરાતીઓનું આ સદ્‌ભાવના મિશન ઉપદેશ કે ઉપકાર માટે નથી, અમે તો અમારું કર્તવ્ય નિભાવવાના છીએ.

સદ્‌ભાવના મિશનના આ ઉપવાસમાં ઉપસ્થિત રહેનારા, શુભેચ્છા આપનારા, અન્ય અનેક સ્થળે સદ્દભાવના ઉપવાસના અભિયાનમાં જોડાનારા અને ગુજરાતના સદ્‌ભાવના મિશનને સમર્થન આપનારા સહુ પ્રત્યે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આભારની લાગણી અંતઃકરણપૂર્વક વ્યક્ત કરી હતી.

લેખના આરંભમાં જ અબ્રાહમ લિંકન એટલા માટે યાદ આવ્યા, કે તેઓએ લોકશાહીમાં દેશનાં તમામ વર્ગના લોકોને સાથે રાખીને ચાલવાની વાત કરેલી છે, તો ગાંધીજી પણ અત્રે એટલા માટે યાદ આવે, કેમ કે બાપુએ પણ સમાજના છેવાડાના માનવીને પણ લોકશાહીનાં મીઠાં ફળ ચાખવા મળે એ માટેની ચિંતા સેવેલી છે. ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ઉપવાસે માત્ર ગુજરાત જ નહીં, સમગ્ર દેશ અને દુનિયાનું









> 'માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સામર્થ્ય હંમેશા ચર્ચિત રહ્યું છે. માતુશ્રી હીરાબાએ ગુજરાતને બીજો વિવેકાનંદ આપ્યો છે.'
>
> **- મુઝફ્ફર હુસેન, વરિષ્ઠ લેખક-સંશોધક**

ધ્યાન ખેંચ્યું હતું. અમદાવાદના ઉપવાસ સ્થળે મુખ્યમંત્રીશ્રીને સદ્ભાવના મિશન બદલ શુભભાવનાઓ વ્યક્ત કરવા માટે કેટલાય લોકો સ્વયંભૂ આવી પહોંચ્યા હતા કે જેઓની આંખમાં સાવ નિર્દોષતા છલકતી જોવા મળતી હતી. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના સાવ ખોબા જેવડા ગામ મેતાલથી ઉપવાસસ્થળે આવેલા ૮૦ વર્ષની જૈફ વયના વિહાભાઈ પટેલ ગદ્ગદ્ સ્વરે બોલી ઊઠ્યા હતા કે, 'નરેન્દ્રભાઈ ગરીબો માટે બઉ ધક્કા ખાય સે, બઉ કામ કરે સે, ચોવી-ચોવી કલાક લાઈટ મળે સે... હું તો નરેન્દ્રભાઈના દર્શન કરવા આયો શું.' મેતાલ ગામેથી ખેડૂત સહકારી મંડળીના ૨૫ સભ્યો સાથે વિહાભાઈ અમદાવાદ આવ્યા હતા.

સદ્ભાવના મિશનના ત્રીજા દિવસે મહારાષ્ટ્રના આધ્યાત્મિક ગુરૂ પૂજ્ય ભૈયુજી મહારાજ, અમદાવાદના સુપ્રસિદ્ધ ભગવાન શ્રી જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, મહામંડલેશ્વર શ્રી ભારતી બાપુ, અજમેર શરીફ દરગાહ ગાદીના સૂફી સંત શ્રી મહંમદ સલીમ ચિશ્તી સાહેબ, રબારી સમાજના ગુરૂ મહંત શ્રી બળદેવગિરિજી બાપુ, સંત સવૈયાનાથજી ગાદીના મહંત શ્રી શંભુ મહારાજ, પારસી ધર્મગુરૂ શ્રી દસ્તુરજી, ખ્રિસ્તી ધર્મના ગુજરાતના મુખ્ય બિશપ પૂજ્ય શ્રી વિનોદકુમાર માલવીયા, ગુરૂદ્વારા ગોવિંદધામના મુખ્ય જ્ઞાની શ્રી રતનસિંઘજી, વૈષ્ણવ સંપ્રદાયના શ્રી વ્રજેશકુમાર વલ્લભાચાર્યજી અને જૈન મુનિ શ્રી કે.સી. મહારાજ સાહેબના હસ્તે લીંબુ પાણી પીને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉપવાસના પારણાં કર્યા હતા.

સદ્ભાવના મિશનના સમાપન ટાણે પારણાં કર્યા બાદ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, 'ગુજરાતે વિકાસ અને ગુડ ગવર્નન્સની શક્તિના સામર્થ્યનો દેશ અને દુનિયાને સાક્ષાત્કાર કરાવ્યો છે. હવે સદ્ભાવનાની જનશક્તિનું વિરાટ સામર્થ્યનું દર્શન પણ ગુજરાત



જ દેશ અને દુનિયાને કરાવશે. હવે પછી ગુજરાતના જિલ્લે-જિલ્લે સદ્ભાવના મિશનનું અભિયાન હાથ ધરવામાં આવશે અને એક દિવસના ઉપવાસ રાખીને સદ્ભાવની શક્તિનો સહુને સાક્ષાત્કાર કરાવવામાં આવશે. મારા ઉદ્દેશને પૂર્ણતા તરફ લઈ જવાનો આ આરંભ છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી આખા દેશમાં તીવ્ર જિજ્ઞાસાનું વાતાવરણ બન્યું છે. સામાન્ય માનવી દેશમાં જે બની રહ્યું છે તેનાથી પરેશાન છે. પીડા સહુના મનમાં છે પણ આશાનું કિરણ ક્યાંય જોવા મળતું નથી. જનમાનસ કોઈ એવા ઉપાયના અવસરની રાહ જોઈ રહ્યું હતું. હું જનમતનો પૂજારી છું. જનસેવામાં મેં જિંદગી ખપાવી છે. દેશની સેવા માટે જિંદગી કામમાં આવે એવું એક સપનું મનમાં લઈને હું આગળ ધપ્યો છું. સદ્ભાવના મિશનની પ્રેરણા રાજનીતિ નથી, રાષ્ટ્રનીતિ છે. ૬ કરોડ ગુજરાતી એ મારા માટે શબ્દ નથી, પરંતુ એક પવિત્ર મંત્ર છે. વિકાસપથમાં મેં એકલાએ જ સપનાં જોયાં છે એવું નથી, આ ૬ કરોડ સપનાં પણ મેં સાથે જ જોડ્યાં છે. તેનું પરિણામ આજે આપણને વિકાસરૂપે દેખાય છે. વિકાસની રાજનીતિના પંથે ગુજરાત આગળ વધ્યું અને વૉટ બેન્કની રાજનીતિમાંથી ગુજરાત બહાર આવ્યું છે. વિકાસને સાતત્યપૂર્ણ બનાવવો હશે તો જનશક્તિને જોડવાથી જ એ શક્ય બની શકશે. નેતૃત્વની કસોટી એના કર્તૃત્વમાં છે. જો ગુજરાતે વિકાસનો માર્ગ ના લીધો હોત તો ગુજરાત બરબાદ થઈ ગયું હોત. હજુ ગુજરાતને નવી ઊંચાઈએ લઈ જવું છે. નવાં સપનાં સાકાર કરી બતાવવા છે. નવી સફળતા પ્રાપ્ત કરવાની છે. એ માટે મને સદા જનતાજનાર્દનના આશીર્વાદ મળતા જ રહેશે એની મને શ્રદ્ધા છે.'

મહત્ત્વની વાત એ રહી કે, સતત ત્રણ દિવસ કલાકારો, ગાયકો, સંગીતકારો,





## દેશભરમાં થયેલા વિવિધ કાર્યક્રમો

- *છતીસગઢમાં ૪૦૦ વ્યક્તિઓએ પ્રતીક ઉપવાસ કર્યા.*
- *બિહારમાં ગુજરાતી સમાજે ટેકો જાહેર કર્યો.*
- *હિમાચલ પ્રદેશના પરવાણુ શહેરમાં નાગરિકો ઉપવાસમાં જોડાયા*
- *દિલ્હીમાં જંતર-મંતર ખાતે ૨૦૦થી વધુ અગ્રણીઓ ઉપવાસમાં જોડાયા*
- *ઉત્તરાખંડમાં ૧૦૦ ઉપરાંત નાગરિકો પ્રતીક ઉપવાસમાં જોડાયા.*
- *પશ્ચિમ બંગાળમાં - કોલકત્તામાં ભવાનીપુરમાં પણ પ્રતીક ઉપવાસ યોજાયા*
- *મહારાષ્ટ્રમાં, નાસિક, ઔરંગાબાદ અને પુનામાં પ્રતીક ઉપવાસ યોજાયા.*
- *મુંબઈમાં આઝાદ મેદાન અને જુહુ ચોપાટીમાં ઉપવાસી છાવણીમાં વિશાળ સંખ્યામાં નાગરિકોની મુલાકાત.*
- *બેંગ્લોરમાં ગુજરાતી સમાજ દ્વારા ઉપવાસના સમર્થનમાં કાર્યક્રમ રકતદાન શિબિર.*
- *મેંગ્લોર ગુજરાતી સમાજ દ્વારા ઉપવાસના સમર્થનમાં કાર્યક્રમ તેમજ રકતદાન શિબિર.*
- *મૈસુર ગુજરાતી સમાજ દ્વારા ઉપવાસના સમર્થનમાં કાર્યક્રમ તેમજ રકતદાન શિબિર.*
- *રામેશ્વર ગુજરાતી સમાજ દ્વારા ઉપવાસના સમર્થનમાં કાર્યક્રમ તેમજ રકતદાન શિબિર.*
- *ઉજ્જૈન મહાકાલેશ્વરમાં રૂદ્રાભિષેક*
- *શ્રી નાથદ્વારામાં રાજભોગ*
- *પ્રયાગ-અલ્હાબાદ-સંગમ સ્થાને વિકાસ અને સદભાવના સંગમ લઈ યજ્ઞ કરાયો.*
- *કન્યાકુમારી સ્વામિ વિવેકાનંદ સેન્ટર ખાતે ૩૦૦ બાળકો અને મહિલાઓ ''સ્વામિ વિવેકાનંદજી''ના ચરણોમાં પૂજા-અર્ચન કર્યા.*
- *અલ્હાબાદ-ઉત્તરપ્રદેશમાં સંગમ પ્રયાગ ખાતે પ્રયાગ પરિવારના સ્વયંસેવકોએ શ્રી નરેન્દ્રભાઈ મોદીના લાંબા અને તંદુરસ્ત આયુષ્ય માટે ''યજ્ઞ'' કર્યો.*
- *મહારાષ્ટ્રના મુંબઈ ખાતે જાવેદ અહેમદ ખાન, હાજી ઈફતેખાર હુસેન, મહારાષ્ટ્ર મુસ્લિમ મંચના ૧૦૦૦ જેટલા કાર્યકરો મુખ્યમંત્રીશ્રીના સમર્થનમાં મુંબઈ ખાતે કાર્યક્રમ.*

'મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું સદ્‌ભાવના મિશન એ એક તપ, ત્યાગ અને સાધનાનો અવસર છે.
**- પ્રમુખ સ્વામી મહારાજ, આધ્યાત્મિક વડા, બી.એ.પી.એસ.**

'મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી જીવન સાર્થક કરનારા અનોખા તપસ્વી, વિકાસશીલ ગુજરાતના શિલ્પી છે. તેમના સદ્‌ભાવના મિશન પ્રત્યે મારી શુભેચ્છાઓ પાઠવું છું.'
**- બ્રહ્માકુમારી રાજયોગિની સરલા દીદી**

'અંધેરે મેં રોશન જુગ્નુ હૈ તું, ગરીબો કા બેલી, ઉનકા મસીહા હૈ તું, હિન્દુસ્તાનકી આશા, ગુજરાતકા સંત્રી હૈ તું, ભવિષ્ય કે હિન્દુસ્તાન કા પ્રહરી હૈ તું.'
**- કુતુબ રંગવાલા, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના બાળસખા, ચેન્નાઈ**

વિવિધ સંપ્રદાયના અગ્રણીઓ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, જુદા-જુદા ધર્મ અને સમાજના આગેવાનો વગેરે બહોળી સંખ્યામાં ગુજરાતના ખૂણે-ખૂણેથી ઉમટી પડ્યા હતા. એટલું જ નહીં, કેટલાક મુલાકાતીઓ તો બીજા રાજ્યોમાંથી પણ આવ્યા હતા. છેક અમેરિકાથી આવેલા ઓમસિંઘ નામના કિશોરે તો અહીં આવીને સ્વયંભૂ ઉપવાસ પણ રાખ્યા હતા. વળી અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરના ઉપવાસ સ્થળે આવેલા વિકલાંગ કલાકારો-બાળકો વગેરેએ તો સદ્‌ભાવના મિશનને પોતાની કલાકારીગરી દ્વારા અનોખી રીતે સહયોગ પ્રગટ કર્યો હતો. ગુજરાતી સુગમ સંગીતના કલાકારોએ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સદ્‌ભાવના મિશન અંગેના વિચારો પર આધારિત ગીતરચનાને સંગીતબદ્ધ કરી રજૂ કરી હતી. ગુજરાતી અને હિન્દી ફિલ્મના કલાકારો-કસબીઓ તથા જાણીતા રમતવીરોએ પણ ઉપવાસસ્થળે આવીને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સદ્‌ભાવના મિશનને શુભેચ્છાઓ પાઠવી હતી. જુદા જુદા સ્થળોએથી આવેલા વિવિધ ધર્મ-કોમના અગ્રણીઓએ પોતપોતાની રીતે પરંપરાગત પાઘડી મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને પહેરાવી આપીને પોતાની શુભચ્છા વ્યક્ત કરી હતી. તો વળી ઘણા બધા લોકો પોતપોતાના પ્રદેશ અને પોતાના પારિવારિક-પારંપરિક વેશપરિધાન-પહેરવેશ સાથે ઉપવાસસ્થળે ઉપસ્થિત રહ્યા હતા. આમ આ સ્થળે એક પ્રકારે તો મીનિ ગુજરાતનું દૃશ્ય ખડું થયું હતું. સૌરાષ્ટ્ર પ્રદેશના યુવાનો પરંપરાગત પહેરવેશ સાથે રંગબેરંગી ભરતકામ અને આભલાં જડેલી છત્રીઓ સાથે આવી પહોંચતા મંચ પર ઘડીભર તો જાણે તરણેતરના મેળાનું દૃશ્ય સર્જાયું હતું.

### સૌનો સાથ, સૌનો વિકાસ

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વિકાસને લઈને એક અદ્‌ભૂત સૂત્ર આપ્યું છે : 'સૌનો સાથ, સૌનો વિકાસ'. તેઓ સહુને સાથે લઈને વિકાસના રાજમાર્ગ ઉપર ચાલવામાં માને છે. સૌનો સાથ એટલે કે તેઓ દરેક તળના સમાજને, દરેક વર્ગના નાગરિકોને સાથે રાખીને સૌનો વિકાસ કરવા માગે છે. ગુજરાતનો વિકાસ પાછલાં એક દસકમાં અગાઉનાં ૪૦ વર્ષો કરતાં પણ ખૂબ ઝડપી અને અદ્‌ભૂત રીતે થયો છે. એમાં પણ આંતરમાળખાકીય સવલતોથી માંડીને નાગરિક સુખાકારી, શિક્ષણ, રોજગારી, આરોગ્ય, કૃષિ, પશુપાલન, ઉદ્યોગ વગેરે અનેક સેક્ટરમાં વિકાસનાં મીઠાં ફળ ગુજરાતની જનતા ચાખી રહી છે. શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રીશ્રી તરીકે તા. ૭મી ઑક્ટોબર, ૨૦૦૧ના રોજ શપથ લીધા ત્યારથી લઈને તેઓએ ગુજરાતને વિકાસમાર્ગે આગળ ને આગળ લઈ જવા માટે જનતાને સાથે રાખીને જનભાગીદારીના નવા આયામો સર્જીને વિકાસ સાધી બતાવ્યો છે એની તો માત્ર દેશ જ નહીં, સમગ્ર દુનિયાએ પણ નોંધ લેવી પડી છે. ગુજરાતના આર્થિક વિકાસની વિશ્વ બેન્કે પણ નોંધ લઈને અન્ય રાષ્ટ્રોને તથા એ રાષ્ટ્રોના રાજ્યોને પણ અનુસરવા અનુરોધ કરેલો છે. એટલું જ નહીં, ગુજરાતના જી.ડી.પી. અને કૃષિવિકાસ દરની પણ દેશના આયોજન પંચે સરાહના કરેલી છે.

સમગ્ર દેશના વિકાસ માટે ગુજરાત એક ગ્રોથ ઍન્જિન બની રહ્યું છે. દેશની કુલ વસતીના ૫ ટકા અને દેશના કુલ ભૌગોલિક વિસ્તારના ૬ ટકા વિસ્તાર ધરાવતા ગુજરાતનું દેશના જી.ડી.પી.માં ૧૦ ટકા પ્રદાન છે. એટલું જ નહીં, ગુજરાતે કૃષિવિકાસની બાબતમાં





'ગુજરાતમાં સદ્‌ભાવનું વાતાવરણ વધુ મજબૂત બને તે માટે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી અહીં ત્રણ દિવસના પ્રતીક ઉપવાસ ઉપર બેઠા છે ત્યારે આ સદ્‌ભાવના મિશન સફળ થાય તેવી અમારી દુઆ છે. મુખ્યમંત્રીશ્રીમાં સદ્‌ભાવ અને સમભાવ બન્ને રહેલા છે તેથી અમે સોમવારનો અમારો પીરનો રોજો મુખ્ય મંત્રી સાહેબ માટે કર્યો છે.'

**- આઈશા ખંભાતવાલા,**
**ભદ્ર-લાલદરવાજા, અમદાવાદ**







પણ નૂતન પહેલ કરીને દેશમાં બીજી હરિયાળી ક્રાન્તિ લાવવાનું નેતૃત્વ લીધેલું છે. ગુજરાતમાં શિક્ષણના અને સર્વાંગી વિકાસ માટે પણ રાજ્ય સરકારે મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે પહેલ કરેલી છે એના પ્રતાપે ગુજરાતમાં ૨૦૦૧માં જે સાક્ષરતાનું પ્રમાણ ૬૯.૧૪ ટકા હતું એ વધીને હાલ ૨૦૧૧માં ૭૯.૩૧ ટકા ઉપર પહોંચ્યું છે. ગુજરાતમાં ડ્રૉપ-આઉટ રેટમાં પણ ઘટાડો લાવવામાં સરકારને સફળતા મળી છે. ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના થકી રાજ્યનાં મહત્તમ ગામોને ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજપૂરવઠો આપવામાં આવે છે. એટલું જ નહીં, કૃષિ પાક માટે રોજના ૧૪ કલાક વીજપૂરવઠો આપવામાં આવે છે. ગુજરાતને એક ઑટો-હબ તરીકે વિકસાવવામાં અને નવી નવી રોજગારીની તકો નિર્માણ કરવામાં પણ ગુજરાતે દેશમાં આગવી પહેલ પાડેલી છે. રાજ્ય સરકારે તાજેતરમાં જ મિશન મંગલમ્ યોજના બનાવીને ગ્રામ્ય નારીની ચિંતા પણ કરી છે. જે મુજબ ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે અને તેઓને પગભર બનાવવા માટે ૨ લાખથી વધુ સખી મંડળો દ્વારા ₹ ૨૦,૦૦૦ કરોડના મૂડીરોકાણ માટેનાં એમ.ઓ.યુ. થયેલાં છે. વળી, રાજ્ય સરકારે આદિવાસીઓ-વનબંધુ-વનવાસીઓનાં કલ્યાણ માટે પણ ₹ ૧૫,૦૦૦ કરોડનું પૅકેજ અમલી બનાવ્યું છે. ગુજરાતના ૬૦ લાખ સાગરખેડૂ બાંધવોના ઉત્કર્ષ માટે ₹ ૧૧,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલી છે. ગરીબોના ઉત્થાન માટે પણ રાજ્ય સરકારે ઘણી બધી કલ્યાણકારી યોજનાઓ બનાવેલી છે. જેમાં ૪૫ લાખ ગરીબોને કુલ મળીને ₹ ૪૫,૦૦૦ કરોડથી વધુની સહાય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. એટલું જ નહીં, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૬ કરોડ ગુજરાતીઓની ચિંતા સેવીને નાગરિકોના પ્રશ્નોના ઝડપી ઉકેલ લાવવા અને નાગરિકોને બહેતર સેવાઓ ઉપલબ્ધ કરાવવાના આશયથી 'સ્વાગત ઑનલાઈન જનફરિયાદ નિવારણ' કાર્યક્રમનો પણ આરંભ કરેલો છે. જાહેર સેવાના ક્ષેત્રમાં વહીવટી પારદર્શિતા અને જવાબદેહિતા સાથે શ્રેષ્ઠ જનસેવા કરવા બદલ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉભા કરેલા આ અભિનવ વ્યવસ્થાતંત્રને સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો) તરફથી શ્રેષ્ઠતાનો એવૉર્ડ પણ એનાયત કરવામાં આવેલો છે. આ છે લોકશાહી ગણતંત્રની બંધારણીય ઉદાર ભાવના અનુસાર સૌને સાથે રાખીને સૌનો વિકાસ. આ છે ગુજરાતનો વિકાસ.

### સદ્‌ભાવના મિશન શા માટે?

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તા.૧૩-૯-૨૦૧૧ના રોજ નાગરિકો જોગ ખુલ્લો પત્ર લખીને પોતાના સદ્‌ભાવના મિશન અંગે વિચારો રજૂ કર્યા હતા કે 'આપણા દેશની સવોચ્ચ અદાલતે ૨૦૦૨ના ગુજરાતના કોમી હુલ્લડો સંબંધે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. દેશમાં સહુ કોઈ પોતપોતાની રીતે આ ચુકાદાના અર્થ કરી રહ્યા છે. રાજકીય નિરીક્ષકો માટે આ ચુકાદાનો એક અર્થ છે, તો કાનૂનવિદો માટે અર્થ જુદો છે. કોઈ તેને જીત તો કોઈ તેને હારના સ્વરૂપે મૂલવે છે. સહુના પોતપોતાના દૃષ્ટિકોણ છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદાના કારણે એક વાત સ્પષ્ટ થઈ છે. સને ૨૦૦૨ પછી વ્યક્તિગત મારા ઉપર અને ગુજરાત સરકાર ઉપર મન ફાવે તેવા જુઠા આક્ષેપો થતા રહ્યા, ગંભીર પ્રકારના આરોપો થતા રહ્યા, આ બધા જુઠાણાંના દૂષિત વાતાવરણનો અંત આવ્યો છે. આ



જવાબદારીના ભાગરૂપે આગામી દિવસોમાં સમાજની એકતા વધુ મજબૂત બને, ભાઈચારો વધે તેવા શુભ આશયથી ''સદ્‌ભાવના મિશન''નો એક કાર્યક્રમ કરવાની મારી અભિલાષા આપ સૌ સમક્ષ વિનમ્રભાવે વ્યક્ત કરું છું. તા.૧૭મી સપ્ટેમ્બરે સદ્‌ભાવના મિશન ઉપવાસનો હું આરંભ કરીશ. તા.૧૯મી સપ્ટેમ્બરે સદ્‌ભાવના મિશનના ત્રણ દિવસના મારા ઉપવાસ પૂર્ણ થશે. મારી અંતઃકરણની શ્રદ્ધા છે કે સદ્‌ભાવના મિશન સ્વરૂપે મારા આ અનશન ગુજરાતની શાંતિ, એકતા અને સૌહાર્દના વાતાવરણમાં નવા ઓજ અને તેજ પાથરશે. સદ્‌ભાવના મિશનનો મારો આ કાર્યક્રમ સંપૂર્ણપણે દેશભક્તિ અને સમાજભક્તિ માટેનો રહેશે. શાંતિ, એકતા અને સદ્‌ભાવનાની શક્તિથી ગુજરાતને વધુને વધુ વિકાસની નવી ઊંચાઈઓ ઉપર લઈ જવાનો આ પ્રયાસ ભારતની પ્રગતિ અને ઉન્નતિ માટે યોગદાન આપશે તેવી મારી અભિલાષા છે.'

### ઉપવાસનો પ્રથમ દિવસ

સદ્‌ભાવના મિશન ઉપવાસ સ્થળ પર રંગબેરંગી ભાતીગળ વસ્ત્રો પરિધાનથી અદભૂત માહોલનું સર્જન થયું હતું. મુસ્લિમ બિરાદરો, સાધુ સંતો, કાળાકોટમાં વકીલો, આંટિયાળી પાઘડીમાં કાઠિયાવાડી જુવાનો, પટેલો, ખેડૂતો.... જાણે કે આખા ગુજરાતનું શામિયાણામાં અવતરણ થયું હતું.વિકલાંગોની શુભેચ્છા સ્વીકારવા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી મંચ પરથી નીચે ઉતરી વ્હીલચેરમાં બેઠેલાઓને મળ્યા હતા.

### સદ્‌ભાવને સમર્થન

ઉપવાસના સ્થળે રાજ્યના વિવિધ જિલ્લાઓ તથા અમદાવાદના જુદા જુદા વિસ્તારમાંથી લઘુમતિ સમુદાય, દેવીપૂજક સમાજ, વ્હોરા સમાજ અને માલધારી સમુદાયના આગેવાનો અને યુવકયુવતિઓ સદ્દભાવના મિશનમાં જોડાયા. પોરબંદર જિલ્લામાંથી સમસ્ત મેર સમુદાય દ્વારા પણ બેનર સાથે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને લાખ લાખ અભિનંદન આપી ત્રિદિવસીય ઉપવાસ માટે જોમ ભર્યું. અમદાવાદના જુહાપુરા વિસ્તારમાંથી લઘુમતિ સમાજના યુવાનો તેમના આગેવાનોની દોરવણી હેઠળ ઉપવાસના સ્થળે આવી પહોંચ્યા હતા. માલધારીઓએ મંચ ઉપર મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને પરંપરાગત લાલ પાઘડી પહેરાવી સમસ્ત માલધારી સમુદાયનું સદ્દભાવના મિશનને સમર્થન હોવાની પ્રતિતી કરાવી.

સદ્‌ભાવના મિશન પ્રત્યે પોતાની લાગણી વ્યકત કરતાં સાંસદ શ્રી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે, આપણા દેશ અને સમાજમાં એક પ્રથા એવી છે કે, જયારે કોઇ વ્યકિતનો જન્મદિવસ હોય તો સમાજ અને પરિવાર તેને કોઇને કોઇ ઉપહાર આપતો હોય છે, પરંતુ નરેન્દ્ર મોદીજીનો આ અનોખો પ્રયાસ છે.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સદ્‌ભાવના મિશનના પ્રથમ દિવસે વિવિધ સમાજના અગ્રણીઓ, મહાનુભાવો, સાધુ-સંતોએ મુખ્ય મંત્રીશ્રી પ્રત્યે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે શુભેચ્છા પત્ર તેમજ અન્ય પરંપરાઓ મુજબ શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

મુખ્ય મંત્રીશ્રીને ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય અભયદેવસૂરિજીએ રક્ષાપોટલી સાથે શુભેચ્છાપત્ર દ્વારા, સાંદીપની વિદ્યાનિકેતન, પોરબંદરના શ્રી રમેશભાઈ ઓઝા, શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મહાસંઘના શ્રી ભદ્રેશભાઈ

## નાગરિકોના ''મેસેજ મિશન''માં સદ્દભાવના

લોકો પોતાની લાગણી મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી સુધી પહોંચાડી શકે એ હેતુથી પરિસરમાં ૪૨ જેટલી વીઝીટર્સ બૂક રાખવામાં આવી હતી. આ વીઝીટર્સ બૂકમાં લોકોએ પોતાની લાગણીથી લેખિત અભિવ્યકત કરી હતી, તેમાંની કેટલીક અહીં નોંધી છેઃ

''કોમવાદી, ભાષાવાદી, ભાગલાવાદી અને આતંકવાદીઓને સદ્દભાવના સંવેદના એક અહિંસક તમાચો છે.''

**- ગોપાલ એ. દવે, મેમનગર, અમદાવાદ**

''ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે કાર્ય કર્યું છે, તે ખરેખર વિશ્વનો કોઇ વિદ્વાન, પંડિત કે સાધુ-સંત પણ ન કરી શકે એવો યજ્ઞ ગુજરાતના વિકાસ માટે કર્યો છે.''

**- મહેશ સી. મકવાણા, પીપરડી, તા. બોટાદ, જિ.ભાવનગર**

''સદ્‌ભાવના મિશનથી વિચારો બદલાશે, સત્યભાવના જન્મશે અને ભાઈચારાથી ભારતનું નવનિર્માણ થશે અને પ્રત્યેક માનવ રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રવાદમાં જોડાઇ જશે''.

**- રણવીર દેસાઇ, એડવોકેટ, અમદાવાદ**

''સૂર્યકા તેજ ઔર ચાંદ કી રોશની કી તરહ ચમકતે રહીયે-માલધારીઓના આશીર્વાદ આપ કે સાથ હૈ''

**- રમેશભાઇ દેસાઇ-નરોડા**

''આપના આ કાર્યથી વિશ્વને નવી પ્રેરણા મળશે''

**- પ્રવીણભાઇ પરમાર-રાજપીપળા**







> 'સામાજિક સદ્ભાવના અને રાષ્ટ્રીય સમરસતાનું આ અભિયાન ગુજરાત વિરોધીઓને પરોક્ષ રીતે લપડાક છે. સદ્ભાવનાનો આપનો મંત્ર રાષ્ટ્રવિકાસનો પ્રેરણામંત્ર બની રહે એવી આશા.'
>
> **- મોહસિન શેખ, વડોદરા**

શાહ, શ્રી ઋષભદેવ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મીરામ્બીકાએ શુભેચ્છાપત્રો પાઠવ્યા હતા.

ખેડૂતોના બેલી સમા મુખ્ય મંત્રીના સદ્દભાવના મિશનને ટેકો આપવાની સાથે તેમના આશીર્વાદ આપવા આવેલા જૂનાગઢ જિલ્લાના કોડીનારના ૮૨ વર્ષીય હામવીરસિંહની આંખો મુખ્ય મંત્રીની એક ઝલક મળતાં જ ખુશીથી છલકાઇ ગઇ હતી. શ્રી હામવીરસિંહે કહ્યું કે, મોદી સાહેબના જ પ્રયાસો છે જેથી વર્ષો સુધી ગરીબીમાં પીસાતા રહેલા અમારા જેવા ખેડૂતોના જીવનમાં નવપ્રકાશ થયો છે.

### ઉપવાસ બીજો દિવસ

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ઉપવાસના બીજા દિવસે રવિવારની રજા હોવાથી સમગ્ર રાજ્યના ખૂણેખૂણામાંથી વહેલી સવારથી જ માનવ મહેરામણ અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્સન સેન્ટર પર ઉમટી પડતા સુરક્ષા કર્મીઓને પણ ''મોદી ઘેલા'' પ્રજાજનોને અંકુશમાં રાખવા ભારે પ્રસ્વેદ પાડવો પડયો હતો. વલસાડના વન આચ્છાદિત ક્ષેત્રથી લઇને કચ્છના રણના છેવાડાના ગામડાંઓમાં હજ્જારો પરિવારો પોતાના પરંપરાગત વસ્ત્રો પરિધાન કરીને મુખ્ય મંત્રીને નિહાળવા ઉમટી પડયા હતા.

અમદાવાદ, સૂરત, વડોદરા તથા રાજકોટ જેવા મહાનગરના શહેરીજનોએ પણ આજે રવિવારની રજા ટીવી સામે બેસીને માણવાના બદલે ઉપવાસ પર ઉતરેલા પોતાના લાડીલા મુખ્ય મંત્રીને નજદીકથી નિહાળી તેમના રૂબરૂ ખબરઅંતર જાણવાનું પસંદ કર્યું હતું. રંગબેરંગી આભલાવાળા ભરવાડ કોમના પરંપરાગત વસ્ત્રો પહેરેલા સ્ત્રી-પુરૂષો, કચ્છી ભરતકામ વડે શોભતી રંગીન છત્રી ઓઢેલા બાંકા યુવાનો, જીન્સ ટી-શર્ટમાં સજ્જ ટીન એઈજ યુવક-યુવતિઓ, પોતાના માતા-પિતાની આંગળી ઝાલીને ભારે ઉત્કંઠાથી મુખ્ય મંત્રીને નિહાળવા આવી પહોંચેલા ભૂલકાંઓ, શહેરી, કસ્બા અને ગ્રામીણ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા નાગરિકોની વચ્ચે અલગ જ તરી આવતા ભારતમાં અભ્યાસ કરતા વિદેશી યુવક-યુવતિઓનું વૃંદ જાણે પોકારી પોકારીને નરેન્દ્રભાઈ મોદીની અસીમિત લોકપ્રિયતાની સાહેદી પૂરી રહયું હતું.





'મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દેશ અને સમાજ માટે સદ્‌ભાવના મિશન થકી જે ઉપવાસ કર્યા છે એમાં અમારી પણ દુઆ છે, શુભેચ્છા છે.'

**- સૈયદ હાતિમ ઝક્યુદ્દીન સાહેબ, અલવી વહોરા સમાજ, વડોદરા**







આબાલ-વૃદ્ધો, સ્ત્રી-પુરૂષો ઉપરાંત કિન્નરોનું એક મોટું જૂથ પણ મુખ્ય મંત્રીને આશીર્વાદ આપવા ઉમટી પડયું હતું. તેમણે મુખ્ય મંત્રીને રક્ષા બાંધીને શતમ્ જીવમ શરદમ્‌ના શુભ આશિષ આપ્યા હતા.

સાચા અર્થમાં હૈયે હૈયું દળાય તેવો અનુભવ અમદાવાદીઓએ કર્યો હતો. હિન્દુ-મુસ્લિમ, ક્રિશ્ચિયન, શીખ, વહોરા, જૈન તેમજ પારસી સહિત રાજ્યની એકે-એક કોમના ગુજરાતીઓ ''ભારત માતા કી જય'' પોકારતા પરસ્પરની હૌંસલા અફઝાઇ કરતા હતા. કડિયાળી ડાંગો સાથે આવેલા માલધારીઓ પાસેથી સુરક્ષા જવાનોએ તેમની ડાંગ પ્રવેશ દ્વારની બહાર મૂકાવી દીધી હતી. પોતાના અભિન્ન અંગ સમાન ડાંગને બહાર છોડીને પણ આ માલધારી માનવીઓ ''મોદી દર્શન''ના અદમ્ય ઉત્સાહથી સભાખંડમાં ધસી ગયા હતા.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'સદ્‌ભાવના મિશન'-ઉપવાસના બીજા દિવસે વિશાળ જનમેદની ઉમટી પડી હતી. 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારાઓ સાથે જનમેદનીએ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું અભિવાદન કર્યું હતું. પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી વિદ્યાસાગર રાવ, શ્રી શાહવાઝ હુસેન, બિહારના આરોગ્ય મંત્રી શ્રી અશ્વિનીકુમાર ચૌબે, શિવસેનાના નેતા શ્રી અનંત ગીતે, મહિલા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી મીનાક્ષી લેખી, કિસાન મોરચાના રાષ્ટ્રીય સચિવ શ્રી અજીત ખત્રી તથા અન્ય રાષ્ટ્રીય નેતાઓ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સદ્‌ભાવના મિશનના સમર્થનમાં ઉપસ્થિત રહયા હતા.



ગુજરાતના વિવિધ પ્રાંતો અને પ્રદેશોમાંથી આવેલા લોકો પોતાની સાથે પોતાના પ્રદેશની વિશેષતાઓ લાવ્યા હતા, જેનાથી તેમણે મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું.

આ પ્રતિનિધિમંડળમાં કર્ણાટકના કાયદા મંત્રી શ્રી સુરેશકુમાર તેમજ કર્ણાટક બીજેપીના શ્રી લહેરસિંઘ, શ્રી નરેન્દ્ર મંડોલા સહિતના પદાધિકારીઓનો સમાવેશ થતો હતો.

સદ્‌ભાવના મિશન- મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ઉપવાસના બીજા દિવસે આજે ગુજરાત-રાજસ્થાનના રાજવી પરિવારના પ્રતિનિધિઓએ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને શુભકામનાઓ પાઠવી હતી.

## સદ્‌ભાવના મિશન દરમિયાન કોણે શું કહ્યું...

'ગુજરાત વિકાસ ઉપરાંત સદ્‌ભાવ, શાંતિ, સહકાર અને સહયોગમાં પણ રોલ મોડેલ બને એવા ઉદ્દેશ સાથે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સદ્‌ભાવના મિશનનો આરંભ કર્યો છે.'

- શ્રી લાલકૃષ્ણ અડવાણી,
ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાન અને સાંસદ

નરેન્દ્રભાઈ મોદી અને તેમના નેતૃત્વમાં વિકસિત ગુજરાત એ સમગ્ર દેશ માટે લાઇટહાઉસ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલ સદ્‌ભાવના મિશન એ સમગ્ર દેશની જરૂરિયાત છે.

- શ્રી પ્રકાશસિંઘ બાદલ,
પંજાબના મુખ્ય મંત્રી અને એન.ડી.એ.ના અગ્રણી

ગુજરાતે વિકાસની જે ઊંચાઇ હાંસલ કરી છે તે દેશભરમાં ઉદાહરણરૂપ છે.

- શ્રી પ્રેમકુમાર ધુમ્મલ,
હિમાચલ પ્રદેશના મુખ્ય મંત્રી

આપણે ગર્વથી કહી શકીએ છીએ કે ગુજરાત જેવા રાજ્યો વિકાસની નવી ઉંચાઇઓ સર કરી રહયા છે. ગુજરાત રાજ્ય દેશભરમાં ઔદ્યોગિક ગૃહો માટે પસંદગીનું રાજ્ય બન્યું છે.

- શ્રી અરૂણ જેટલી,
રાજ્યસભાના વિરોધપક્ષના નેતા - સાંસદ

ગુજરાતે શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં જે પ્રગતિ સાધી છે, તેનાથી માત્ર દેશનું જ નહીં પણ અમેરિકા જેવા દેશનું પણ ધ્યાન ખેંચાયું છે.

- શ્રી થમ્બીદુરાઇ, એ.આઇ.એ.ડી.એમ.કે.
તામીલનાડુના પ્રતિનિધિ અને સાંસદ

ગુજરાત આજે તમામ પ્રકારના વિકાસની ભૂમિ-એક પ્રયોગશાળા બની ચુકયું છે.

- ડાં. મૈત્રિયન, રાજ્યસભાના સભ્ય

આ દેશમાં ઉપવાસનું વિશેષ મહત્વ રહયું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી સામાજિક સૌહાર્દ માટે ઉપવાસ પર બેઠા છે. સામાજિક સમરસતા માટે ઉપવાસ પર બેઠા છે. આજે આ હોલમાં, સદ્‌ભાવના મિશનમાં લઘુ ભારતના દર્શન થઇ રહયા છે.

- શ્રી રાજનાથસિંહ,
પૂર્વ અધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી

'જીસ પેડ પર બહોત ફૂલ હોતે હૈ, લોગ ઉસી પેડ પર પથ્થર મારતે હૈ, સુખે પેડ તો જલાયેં જાતે હૈ. આપ દેશકો એક નઈ ઊંચાઈ પર લે જાયેં, હમારી શુભકામનાયેં આપકે સાથ હૈ.'

**- હમીદ લાકડાવાલા, ગોધરા**

'મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીને માત્ર ગુજરાત હી નહીં, સારે દેશમેં સદ્‌ભાવના કે માધ્યમસે વિકાસકી નઈ દિશા બતાને કે લિયે યે જો અનશન રખ્ખા હૈ, તો હમ ભી ઈસ અનશન કો અપના સમર્થન દેતે હૈ.'


**- અહેમદ બાસ્તાવાલા, અમદાવાદ**

દસાડા દફતર તરીકે ઇતિહાસમાં જાણીતા દસાડાના નવાબ જહાંગીરખાન સાહેબે આ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ સરકારે જે કામ કર્યું છે એ બીજી સરકારો વર્ષો સુધી નથી કરી શકી.

દેવગઢબારીયાના રાજવી પરિવારના વંશજ અને એન.સી.પી.ના ધારાસભ્ય શ્રી તુષારસિંહ મહારાઉલ પણ તેમના માતુશ્રી ઉર્વશીદેવી સાથે મુખ્યમંત્રીશ્રીના સદ્‌ભાવના મિશનને સમર્થન આપવા પધાર્યા હતા.

રાજસ્થાનના શિરોહીના રાજવી શ્રી રઘુવીરસિંહજીએ જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કર્મઠ નેતૃત્વમાં ગુજરાતે આજે વિકાસની એવી ઊંચાઇ હાંસલ કરી છે કે આજે ગુજરાત રાજ્ય વિકાસનો પર્યાય બની ગયું છે.

ઉપવાસના બીજા દિવસે જનસમુદાય સામે વિવિધ સંપ્રદાયના સાધુ સંતો પણ તેમને આશીર્વચન પાઠવતા શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યની આંતરરાષ્ટ્રીય સરહદને સ્પર્શતા કચ્છ જિલ્લામાં વસતા આંધ્રપ્રદેશના પ્રજાજનો સાથે ધરતી પરના સ્વર્ગ સમા કાશ્મીરની મહિલાઓ પણ મુખ્યમંત્રીશ્રીના સમર્થનમાં શુભેચ્છાઓ પાઠવવા સાથે મુલાકાત કરી હતી.





ગુજરાતના અભૂતપૂર્વ ગતિશીલ વિકાસની તાકાત તરીકે શાંતિ, એકતા અને ભાઈચારાનું સામાજિક સદ્ભાવનું વાતાવરણ જ કેન્દ્રસ્થાને છે એવો સંદેશ હિન્દુસ્તાનના ખૂણે ખૂણે પહોંચે એવા શુભ આશયથી ત્રણ દિવસના ઉપવાસ કરી રહેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીને શુભેચ્છા આપવા અને સદ્‌ભાવના મિશનને સમર્થન માટે ભારતના લગભગ બધા જ રાજ્યોમાંથી વિવિધ વર્ગોના ગણમાન્ય આગેવાનોના નેતૃત્વમાં જનસમૂહોના પ્રતિનિધિમંડળો દિવસભર શુભેચ્છા આપવા મંચ ઉપર સતત આવતા





મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર ભારતના ભૂકંપના ભયાનક આંચકાની કુદરતી આપત્તિને અત્યંત આઘાતજનક ગણાવી હતી.

આ ધરતીકંપથી પ્રભાવગ્રસ્ત ક્ષેત્રોના બધા જ ભોગ બનેલા પ્રત્યે ગુજરાતની જનતા અને રાજ્ય સરકારની સહાનુભૂતિ વ્યકત કરતાં શ્રી નરેન્દ્ર મોદીએ ભારત સરકાર કે સંબંધિત રાજ્ય સરકાર દ્વારા નિર્દેશ મળતા જ તત્કાળ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA)ની તાલીમબદ્ધ ટીમો મોકલવાના આદેશ આપ્યા હતા.







રહયા હતા.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં ઉપવાસ કરી રહેલા શ્રી નરેન્દ્ર મોદીને શુભેચ્છા આપવા આજે રાજ્યના ખૂણે ખૂણેથી સામાન્ય જનસમૂહોનો માનવ મહેરામણ છલકાતાં અભૂતપૂર્વ જનશક્તિનો અહેસાસ થયો હતો.

સદ્ભાવના મિશન અંતર્ગત મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ત્રિદિવસીય ઉપવાસના સમર્થનમાં બીજા દિવસે પ્રચંડજનમેદની ઉમટી પડી હતી અને પોતાનું સમર્થન આપ્યું હતું. લોકોના સમર્થન વૈવિધ્યે સદ્ભાવના મિશનમાં અનોખા રંગ પૂર્યા હતા.

આજે સવારથી જ ઉમટી પડેલી જનમેદની વચ્ચે સૌરાષ્ટ્રના લીલી નાઘેર તરીકે ઓળખાતા ચોરવાડ પ્રદેશની ચાલીસ જેટલી મહિલાઓ ચોરવાડના પ્રખ્યાત ''ટીપ્પણી રાસ'' વખતે પહેરાતા પરંપરાગત ઓઢણી અને કાપડાંમાં સજ્જ થઇને આવ્યા હતા અને મુખ્યમંત્રીશ્રીને શુભેચ્છા પાઠવી હતી. મહિલાઓના આ ભાતીગળ પહેરવેશે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

આવી જ રીતે સુરેન્દ્રનગરના પાંચાળ પ્રદેશ તરીકે ઓળખાતા વિસ્તારમાંથી ઉપસ્થિત રહેલા ભરવાડ સમાજના યુવાનોએ તરણેતરના મેળાની યાદ અપાવી હતી.

કલા જગતના ગુજરાતી કલાકારોએ પણ ઉપસ્થિત રહી સૌનું ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અને ગુજરાતી રંગમંચના યશસ્વી અભિનેતા શ્રી પરેશ રાવલે ઉપસ્થિત રહી મુખ્ય મંત્રીશ્રીને ગણેશજીની છત્રધારી મૂર્તિ આપી શુભેચ્છા પાઠવી હતી. આ જ રીતે રંગમંચના અને ફિલ્મના જાણીતા કલાકાર શ્રી નિરજ વોરા, શ્રી જે. ડી. મઝીઠીયા, શ્રી રોમા માણેક, શ્રી સ્મૃતિ ઈરાની અને સુપ્રસિદ્ધ ક્રિકેટર અને ભારતીય જનતા પક્ષના અગ્રણી શ્રી નવજોતસિંઘ સિદ્ધુ ઉપરાંત શાસ્ત્રીય નૃત્યાંગના શ્રી કુમુદિનબેન લાખિયા સહિતના કલાકારોએ ઉપસ્થિત રહી મુખ્ય મંત્રીશ્રીને શુભેચ્છા પાઠવી હતી.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ઉપવાસ-સદ્ભાવના મિશન દરમિયાન કલગી ટિકેન્દ્ર રાવલ

## સદ્ભાવના મિશન દરમિયાન કોણે શું કહ્યું...

હું દિલ્હીના ચાંદનીચોક વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું. દિલ્હી આખા દેશની રાજધાની છે. ત્યાં વારંવાર લાઈટ જાય છે, જ્યારે ગુજરાતમાં ૨૪ કલાક વિજળી ઉપલબ્ધ છે.

- શ્રી વિજય કુમાર ગોયલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય મહામંત્રી, ભાજપ

ગુજરાતે વિકાસના માર્ગે આગળ વધીને દુશ્મનોને દેખાડી દીધું છે કે, ગુજરાતની સદ્ભાવનાને કોઇ નુકસાન પહોંચાડી શકે તેમ નથી. ગુજરાતમાં શાંતિ છે.

- મુખ્તાર અબ્બાસ નકવી, પ્રવકતા, ભારતીય જનતા પાર્ટી

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ છ કરોડ ગુજરાતીઓના સહયોગથી ગુજરાતને એક વિકસીત પ્રદેશ તરીકે પ્રસ્થાતિ કર્યું છે.

- શ્રી કલારાજ મિશ્રા, (ઉત્તર પ્રદેશ) ઉપાધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી

શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતનો વિકલ્પ બની ગયા છે અને તમામ ગુજરાતીઓ શ્રી નરેન્દ્રભાઇ મોદીનો વિકલ્પ બની ગયા છે.

- શ્રી મુઝફ્ફર હુસેન, વરિષ્ઠ લેખક, સંશોધક

ભારતભરમાં સદ્ભાવના દિવસની ઉજવણી થઇ રહી છે જે તેમની રાષ્ટ્રવ્યાપી ચાહના દર્શાવે છે.

- શ્રી કિરીટ સોમૈયા, મુંબઇ ભાજપના પદાધિકારી

શ્રી નરેન્દ્રભાઇ મોદીને વિકાસનું એક રોલ મોડેલ માનીને રાષ્ટ્ર ચાલી રહયું છે. શ્રી મોદીએ છેવાડાના માનવીને ધ્યાનમાં રાખીને વિકાસ કાર્યક્રમો આપ્યા છે.

- શ્રી ભરત રાઉત, મહારાષ્ટ્ર શિવસેનાના પ્રવકતા સાંસદ

સર્વોચ્ચ અદાલતના નિર્ણયના અનુસંધાને આપે શરૂ કરેલા સદ્ભાવના મિશનને ઘણી ઘણી વધાઇ સાથે શુભકામનાઓ પાઠવું છું. (તેમની હાર્દિક શુભેચ્છાઓ પત્ર દ્વારા પાઠવી હતી.)

- શ્રી નીતિન ગડકરી, ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સદ્ભાવના મિશન અંતર્ગત ઉપવાસ કરી સદ્ભાવના સાથેના વિકાસ માટે જે કામ ઉપાડયું છે તે માત્ર ગુજરાતનો જ નહીં, સમગ્ર દેશનો વિકાસ કરશે.

- શ્રી પ્રકાશ જાવડેકર, ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય પ્રવકતા













નામની એક અંધ કિશોરી મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને શુભકામનાઓ પાઠવવા આવી હતી. શાળાએ ગયા વિના, શિક્ષક વિના માત્ર જાત મહેનત અને પોતાના માતા-પિતાની મદદથી અભ્યાસ કરતી અને ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાની તૈયારી કરતી કલગી રાવલે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને અંતઃકરણથી શુભકામનાઓ પાઠવી હતી.

### ઉપવાસ ત્રીજો દિવસ

મનસેના અધ્યક્ષ શ્રી રાજ ઠાકરે ખાસ મુંબઈથી મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને શુભકામના આપવા આવ્યા હતા.

“તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા” સિરિયલ ફેમ જેઠાલાલ (દિલીપ જોષી)ને જોઇને તેમની સાથે સમગ્ર હોલ ચીચીયારીઓથી ગુંજી ઉઠ્યું. તેમની સાથે દિગ્દર્શક શ્રી આતિશ મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. હાસ્ય કલાકાર સાંઇરામે પણ શુભેચ્છા પાઠવી હતી.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આવેલા વિનાશકારી ભૂકંપમાં મૃત્યુ પામેલા સદ્ગતોને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું.

સદ્‌ભાવના મિશન - મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના ઉપવાસના ત્રીજા દિવસે તેમના ગુરૂજનોના આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને તેમના અભ્યાસકાળ દરમિયાન જે ગુરૂજનોએ શિક્ષણ આપ્યું હતું તે વડીલ ગુરૂજનો શ્રી ગોરધનભાઈ પટેલ, શ્રી સોમાભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી હરગોવનભાઈ પટેલ, શ્રી ચંદ્રકાન્તભાઈ દવે, શ્રી કાંતિભાઈ પટેલ અને શ્રી લવજીભાઈ ચૌધરી સદ્‌ભાવના મિશનમાં પધાર્યા હતા અને તેમણે મંચ પર જઈને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને આશીર્વાદ આપ્યા હતા.

સદ્‌ભાવના મિશનના ત્રીજા દિવસે પણ પરમ પવિત્ર ધર્મ સ્થાનકોના સાધકો અને ધર્મગુરૂઓના સાત્વિક આશિષનો પ્રવાહ અવિરત ચાલુ રહયો હતો.

છેક ઉજ્જૈનથી આશુતોષ બાબા મહાકાલની ચર્તુવિધ પૂજા-અર્ચનાની પવિત્ર જવાબદારી સંભાળતા પૂજારી પરિવારના સદસ્યો ખૂબ જ ભાવપૂર્વક બાબાના મહા પ્રસાદ સાથે સદ્‌ભાવના મિશનને બિરદાવવા આવ્યા હતા. શિવસ્તુતિના પવિત્ર અને મનનીય શ્લોકોચાર વચ્ચે તેમણે પ્રસાદરૂપે બાબા મહાકાલના આશિષ મુખ્ય મંત્રીશ્રીને અર્પણ કરવાની સાથે, આપના દ્વારા ગુજરાત અને રાષ્ટ્રની કીર્તિ વધે તેવી ભાવસભર

સદ્‌ભાવના મિશનના ત્રણેય દિવસ કલાકારોએ સતત સૂર લહેરાવીને સદ્‌ભાવનાની જયોતને પ્રજ્જવલિત રાખી હતી.

પ્રવાસના ત્રણેય દિવસ યુનિવર્સિટી કન્વેન્શન હોલમાં રાજ્યભરમાંથી આવેલા કલાકારોએ શબ્દ અને સૂરની સુરાવલીથી ઉપસ્થિત લોકોને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપવાસના પ્રથમ દિવસે નયન પંચોલી, પરાગી પરમાર ઐશ્વર્યા મજમુદાર, દિપ્તી દેસાઈ, નિરજ પાઠક, અમીત ઠક્કર, સંજય ઓઝા તથા પાયલ વૈદ્યે દેશભક્તિના અને લોકગીતો તથા ભક્તિગીતો રજૂ કર્યા હતા, જયારે મોડી સાંજે અભેસિંહ રાઠોડે ડાયરો જમાવ્યો હતો.

બીજા દિવસે શ્યામલ-સૌમીલ અને આરતી મુન્શી, કલ્યાણી કોઠાળકર, દિવ્યાંગ અંજારીયા, નૈનેશ જાની, રાજેશ વૈષ્ણવ ઉપરાંત બંકિમ પાઠક, નીલુ દવે, દક્ષા ગોહિલ અને જાણીતા લોકકલાકાર યોગેશ ગઢવીએ પોતાના આગવા અંદાજમાં સુંદર લોકગીતો-ડાયરો રજૂ કર્યા હતા.

અંતિમ દિવસે ગીતો રજૂ કરનારામાં ઓસમાણ મીર, બિહારી હેમુ ગઢવી, હેમંત કોઠારી, ડૉ. ભાવના મહેતા, ઉપનામ ઝીંઝુવાડીયા અને શ્યામલ મહેતાનો સમાવેશ થાય છે.

'મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સદ્‌ભાવના વધારવા માટે અનશન દ્વારા દેશમાં એક અનોખી પહેલ કરી છે, ત્યારે એમને ટેકો આપીને એમને બિરદાવવાનું અમારું પણ એક કર્તવ્ય બની જાય છે.' - સુલેખા બેગમ ચિશ્તી, સુરત

'સદ્‌ભાવના મિશન દ્વારા વિકાસ કરવા માટેનો એક અનોખો અવસર લઈને અનશન ઉપર બેઠેલા લોકલાડીલા નેતા મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને અમે દિલી મુબારકબાદી આપીએ છીએ.' - સુલેમાન અબરાર સૈયદ, જમાલપુર, અમદાવાદ

'ભારત વર્ષમાં આપના સદ્‌ભાવના મિશને વિશ્વાસનું પ્રચંડ વાવાઝોડું ફૂંક્યું છે. સદ્‌ભાવનાનો આપનો મંત્ર યુવાનોના ઘડતર માટેનો વિકાસ મંત્ર બની રહેશે.' - મોહંમદ હુસેન બલોચ, છોટા ઉદેપુર, જિ.વડોદરા

શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાતના સમાજજીવનમાં અલવી વહોરા સમાજનું આગવું સ્થાન છે. આ શાંતિપ્રિય કોમના સર્વોચ્ચ ધર્મગુરૂ વતી સૈયદ હાતિમ ઝકયુદ્દીન સાહેબ તેમજ ભાઈસાહેબે વડોદરાથી આવીને ઉપવાસી મુખ્ય મંત્રીનું આશિષ અભિવાદન કર્યું હતું. તેમાં વડોદરાથી નાથ સંપ્રદાયના જ્યોર્તિનાથ તેમજ દેહાણ જગ્યાના માલધારી સમાજના ધર્મગુરૂઓ પણ જોડાયા હતા. દેશના પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી સ્વામી ચિન્મયાનંદજીએ પણ શુભેચ્છા અભિવાદન કર્યું હતું. સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત સ્વ. પૂ. જોગી સ્વામીના અનુયાયી પૂ. જ્ઞાની સ્વામીએ પણ સાધક મુખ્યમંત્રીને આશિષ પ્રદાન કર્યા હતા.

૧૧ વર્ષનો બન્ને હાથ ગુમાવેલો અપંગ બાળક હસમુખ રાજપૂત બહાર પંડાલમાં બેસીને સદ્‌ભાવના મિશનના ઉપલક્ષમાં ચિત્રો દોરીને સમર્થન આપી રહયો હતો. આ સાથે કુદરતે જેની વાચા હરી લીધી છે તેવી રાહી ઠક્કર નામની બાળકીએ મુખ્ય મંત્રીના



## સદ્‌ભાવના મિશન દરમિયાન કોણે શું કહ્યું...

સદ્‌ભાવના સાથેના ગુજરાતના વિકાસની દુનિયાભરમાં પ્રશંસા થઇ રહી છે.

- શ્રી સી. પી. ઠાકુર,
બિહાર ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ

'સદ્‌ભાવના મિશન' અનોખું મિશન છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રથમ મુખ્ય મંત્રી છે, જેમણે પોતાના રાજ્યની પ્રજાની શાંતિ, ખુશહાલી અને વિકાસ માટે અનશન કર્યા હશે.

- શ્રી અનંત ગીતે,
લોકસભામાં શિવસેનાના નેતા

ગુજરાતે આજે વિકાસની એ ઊંચાઇ પ્રાપ્ત કરી છે કે, જયાં સમગ્ર દુનિયાની નજર ગુજરાત તરફ મંડાઈ છે.

-સાંસદ સુશ્રી સુમિત્રા મહાજન,
પૂર્વ કેન્દ્રીય મંત્રી અને મધ્યપ્રદેશ

ગુજરાતે આજે વિકાસના ધોરીમાર્ગ ઉપર સડસડાટ દોટ મૂકીને એ ક્ષમતા પ્રાપ્ત કરી છે કે ગુજરાત જે દિશામાં ચાલે છે, ત્યાં રસ્તો આપોઆપ કંડારાય છે.

- શ્રી મનોરંજન કાલિયા, પંજાબના પૂર્વ મંત્રી

ગુજરાતે ઉપાડેલા સદ્‌ભાવના મિશન અંતર્ગત ગુજરાતનો સદ્‌ભાવના સંદેશ કાશ્મીરથી કન્યાકુમારી સુધી પ્રસરશે.

- ડૉ. રાજારામજી, શિવાનંદ આશ્રમ, ચૈન્નાઇ

'સદ્‌ભાવના મિશન એ સમાજના દરેક વર્ગને વિકાસના માર્ગે જોડવાનું મિશન છે. સદ્‌ભાવના મિશનથી આખો દેશ એક થશે.'

- શ્રી વિદ્યાસાગર રાવ,
પૂર્વ કેન્દ્રીય મંત્રી અને આંધ્રપ્રદેશના નેતા

ગુજરાત આજે ભારતનું નંબર વન રાજ્ય છે તેનું શ્રેય શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે.

- શ્રી સોતાઈ કરી,
અરૂણાચલ પ્રદેશ પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ

આજે દેશભરમાં શાંતિ, સદભાવ અને એકાત્મતાનો સૂર ગૂંજી ઉઠયો છે. ગુજરાતે સમગ્ર દેશને આ સંદેશો આપ્યો છે.

- શ્રી અશ્વિનીકુમાર ચોબે,
બિહારના આરોગ્ય મંત્રી










સમર્થનમાં મૌન રહીને તેનું સમર્થન આપ્યું હતું.

શ્રી નરેન્દ્ર મોદીના સદ્‌ભાવના મિશનના ઉપવાસ સાથે કાશ્મીરના શ્રીનગર ખાતેના લાલચોકમાં કાશ્મીરી મુસ્લિમ બિરાદરોએ ઉપવાસ અને બંદગી કરીને સમર્થન આપ્યું છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સદ્‌ભાવના મિશનના છેલ્લા દિવસે ઉપવાસના પારણા કરતા પૂર્વે ગુજરાતના ૩૨ જેટલા યુવા ચિત્રકારોએ ''સદ્‌ભાવના'' વિષયક બનાવેલા કેન્વાસ પેઇન્ટીંગ નિહાળ્યા હતા અને તમામ કલાકારોને સદ્‌ભાવના પ્રેરક કલ્પનાસભર ચિત્રોના સર્જન માટે અભિનંદન આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સદ્‌ભાવના મિશન નિમિત્તે ત્રણ દિવસના ઉપવાસના પારણા પ્રસંગે સદ્‌ભાવના મિશનને જનઆંદોલન બનાવવા રાજ્યના જિલ્લે-જિલ્લાના પ્રવાસ કરીને સદ્‌ભાવનાની શક્તિનો સંદેશ જન-જનમાં પહોંચાડવાનો મહત્વનો નિર્ધાર જાહેર કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ભાવસભર પણ ગરિમાપૂર્ણ પ્રભાવ સાથેના સંબોધનમાં જણાવ્યું કે, ગુજરાતના બધા જ જિલ્લામાં સદ્‌ભાવના મિશનનું અભિયાન તેઓ કરશે અને આખો દિવસ ઉપવાસ રાખીને સદ્‌ભાવના શક્તિનો સાક્ષાત્કાર કરાવશે.

ગુજરાતે વિકાસ અને ગુડ-ગવર્નન્સની શક્તિના સામર્થ્યનો દેશ અને દુનિયાને સાક્ષાત્કાર કરાવ્યો છે. હવે સદ્‌ભાવનાની જનશક્તિનું વિરાટ સામર્થ્યનું દર્શન પણ ગુજરાત જ દુનિયાને કરાવશે, એમ તેમણે વિશ્વાસપૂર્વક જાહેર કર્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લીંબુ પાણીનું પંચામૃત પ્રાશન વિવિધ ધર્મોના સંતો અને ધર્મગુરૂઓના હસ્તે લઈને ત્રણ દિવસના સદ્‌ભાવના મિશનના અનશનના પારણા કર્યા હતા. સંતગણના આર્શિવાદ સાથે શ્રી ભૈયુજી મહારાજ સહિત ધર્મગુરૂઓએ પારણા કરાવ્યા ત્યારે સામાજિક સદ્‌ભાવનાની ગરિમાના ભાવવિભોર વાતાવરણનું દર્શન થયું હતું.

મારા અનશન ભલે સમાપ્ત થયા પણ સદ્‌ભાવના મિશન વધુ તેજ ગતિથી આગળ વધવાનું છે તેવો નિર્ધાર વ્યક્ત કરતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, મારા ઉદ્દેશને પૂર્ણતા તરફ લઈ જવાનો આ આરંભ છે. સદ્‌ભાવના મિશન વિશે આખા દેશમાં તીવ્ર જિજ્ઞાસાનું વાતાવરણ કેમ આટલું સાર્વત્રિક બન્યું તેની ભૂમિકા આપી હતી.

સદ્‌ભાવના મિશનની કેન્દ્રવર્તી પ્રેરણા રાજનીતિ નથી, રાષ્ટ્રનીતિ છે. ભારત જેવા મહાન દેશમાં મોટા સપના જોવાની આદત જ નથી. એ જ બધી સમસ્યાની જડ છે. દેશમાં ૧૨૦ કરોડ લોકોના સપના જ નથી તો સંકલ્પ કે તેને પાર પાડવાની ઈચ્છાશક્તિ ક્યાંથી હોય એટલે જ દેશમાં સપના સંજોવવાની જરૂર છે અને ગુજરાતે તેના અનુભવથી સપના જોવા અને સાકાર કરી બતાવ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતે સર્વસમાવેશક વિકાસની પારદર્શી નીતિથી ઉદ્યોગોની હરણફાળ પ્રગતિ કરી છે અને આખા દેશમાં કૃષિ વિકાસની પણ ક્રાંતિ કરી છે.

સદ્‌ભાવના મિશન માટેના શુભ ઉદ્દેશની રૂપરેખા આપતાં શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સમસ્ત વર્ગો, સમગ્ર પંથોનો સહયોગ મેળવીને વિકાસને આટલી ઉંચાઈ ઉપર લઈ જવામાં ગુજરાતે આઠ-આઠ વર્ષની તપસ્યા કરી છે. દરેક સામાન્ય અને ગરીબ માનવીને સુખચૈનથી પ્રગતિ કરવાની ચિંતા હોય છે અને આ સરકારે વિકાસ માટેની શાંતિ અને સદ્‌ભાવનું વાતાવરણ ઉભું કરવાનો વિશ્વાસ જગાવ્યો છે. શતપ્રતિશત એવો '' સૌનો સાથ અને સૌનો વિકાસ ''નો મંત્ર એટલે જ સફળતાને વર્યો છે અને હવે સદ્‌ભાવના મિશને ગુજરાતના સીમાડા વળોટવા સક્ષમ



સ્વરૂપ લઇ લીધું છે.

સદ્ભાવના મિશનના માધ્યમથી ગુજરાતના વિકાસની અદ્દભૂત શક્તિ શું છે તેનું હું દેશ અને દુનિયાને દર્શન કરાવવા માંગું છું. હું વિનમ્રતાપૂર્વક ત્રણ દિવસ ઉપવાસ કરી મનની પવિત્રતા સાથે દશ વર્ષની શાંતિ, એકતા, ભાઇચારાની સ્થિતિ માટે સુખચૈનની તપસ્યા કરી છે. હું દેશ અને દુનિયાને અનુરોધ કરું છું કે, વિકાસના ગુજરાતના મોડેલને સમજવા સદ્ભાવના મિશનની નજરથી જૂએ, તેમ તેમણે જણાવ્યું હતું. ‘‘મારા આ ત્રણ દિવસના અનશન ના કર્યા હોત તો મને લાખો લોકોના આર્શિવાદ ના મળ્યા હોત અને ગુજરાતના વિકાસનું આ વિરાટ દર્શન દુનિયાની નજરે ચડયું જ ના હોત.’’

નેતૃત્વની કસોટી તેના કર્તૃત્વમાં છે. વિકાસની રાજનીતિનો માર્ગ ના લીધો હોત તો ગુજરાત બરબાદ થઇ ગયું હોત. અમે વોટબેન્કની રાજનીતિ છોડી, દસ વર્ષમાં આ જ શાસન પ્રણાલી, સરકારી વ્યવસ્થા, માનવશકિત છતાં ગુજરાતે વિકાસનો ચમત્કાર છ કરોડ ગુજરાતીઓની શકિત જોડીને કરી બતાવ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

‘‘મારા શાસનના દસ વર્ષના અનુભવોમાંથી આ સદ્ભાવના મિશનનો આરંભ કર્યો છે.’’ એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ દરેક જિલ્લાનો પ્રવાસ કરીને સદ્ભાવના મિશન માટે જનતા જનાર્દન સમક્ષ રૂબરૂ જઇને ઘર-ઘરમાં સદ્ભાવના મિશનનો સંદેશ પહોંચાડવા તે દિવસે હું પ્રતિક ઉપવાસ કરીશ. હું જન-જનને જોડવા બધા જિલ્લાનો પ્રવાસ કરીને સદ્ભાવના મિશનની શક્તિનો સાક્ષાત્કાર કરાવીશ’’ એવી જાહેરાત તેમણે કરી હતી.

ગુજરાતને નવી ઊંચાઇ ઉપર લઇ જવું છે, નવા સપના સંજોવા છે, નવી સફળતા મેળવવી છે એવું સદ્ભાવના મિશન લઇને હું જિલ્લે-જિલ્લે જઇશ, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

લોકતંત્રમાં જનતાની શકિત સર્વોપરી છે અને આ લક્ષ્ય મૂર્તિમંત કરીને જ રહીશ એવો નિર્ધાર વ્યક્ત કરતાં શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ એ મંત્રની શક્તિની અનુભૂતિ કરાવીશ. મને જનતા જનાર્દનના આશીર્વાદ મળશે. સદ્ભાવના મિશનમાં જોડાઇને આગળ વધારવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો.

આવો, સકારાત્મક વિચાર સાથે આવતીકાલનું નિર્માણ કરવું છે. નકારાત્મક, માનસિકતામાં સમય વેડફવો નથી, વિકાસનું જન આંદોલન બનશે તો દેશ શક્તિશાળી

## સદ્ભાવના મિશન દરમિયાન કોણે શું કહ્યું...

કોઇ પ્રદેશની સદ્ભાવના માટે મુખ્ય મંત્રીશ્રી સ્વયં ઉપવાસ કરે તે દેશભરની અનોખી ઘટના છે.

- શ્રી મહેશચંદ્ર શર્મા,
પંડિત દિનદયાળ શોધ સંસ્થાનના અધ્યક્ષ

‘‘મંઝીલે ઉનકો મિલતી હૈ, જિનકે કરને મેં ચાહ હોતી હૈ; પંખોં સે કુછ નહીં હોતા, જઝબોં સે ઉડાન હોતી હૈ.’’

- સુશ્રી આરતી મહેરા,
નવી દિલ્હીના પૂર્વ મેયર અને રાષ્ટ્રીય મહામંત્રી

અહીં સદ્ભાવના અને ભાઇચારાની વાત છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી હિન્દુસ્તાનની ઉમ્મીદ છે.

- શ્રી શાહનવાઝ હુસેન સૈયદ, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવકતા - સાંસદ

આ મિશન મૈત્રી, સહકાર અને સર્વાંગી વિકાસશીલ નૂતન ભારતની રૂપરેખા કંડારશે.

- શ્રી સદાનંદ ગૌવડા, કર્ણાટકના મુખ્ય મંત્રી

ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું છે, તેના પાયામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના શાસન પ્રત્યે જનતાનો વિશ્વાસ છે,

- શ્રી નવજોતસિંઘ સિધ્ધુ,
રાષ્ટ્રીય મંત્રી - પૂર્વ ક્રિકેટર

આ મિશન સર્વાંગી વિકાસ માટે માત્ર ગુજરાત રાજ્યને જ નહિ, સમગ્ર દેશને નવી દિશા આપશે.

- શ્રી જગતપ્રકાશજી, હિમાચલ પ્રદેશ- ભારતીય જનતા પક્ષના અગ્રણી અને રાષ્ટ્રીય મહામંત્રી

ભાઇચારાના સદ્ભાવના મિશનથી જ દેશનો વિકાસ થશે.

- શ્રીમતી સ્મૃતિ ઇરાની,
રાજ્યસભાના સભ્ય અને અભિનેત્રી

સદ્ભાવ મિશનને સર્વજન સમાજનો ટેકો મળ્યો છે, જે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વધતી જતી લોકપ્રિયતાનો પુરાવો આપે છે.

- સુશ્રી હેમામાલિની, કલાધરિત્રી, સાંસદ

છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં પ્રગતિ અને આર્થિક વિકાસ થયો છે. ગુજરાતમાં કોઇ મોટી ઉપલબ્ધિ હોય તો તે વિકાસ અને આર્થિક વિકાસ સાથે છેલ્લા દસ વર્ષથી શાંતિ પ્રસ્થાપિત થઇ છે.

- શ્રી બલબીર પૂંજ, ગુજરાતના પ્રભારી, ભાજપા



બનવાનો છે પણ અમે વધુ ઈન્તજાર કરવાના નથી. ગુજરાતે વિકાસનું મોડેલ અને ગુડગવર્નન્સનું મોડેલ આપ્યું. હવે સદ્દ્ભાવના મિશનથી જનશક્તિની શાંતિ અને સદ્દ્ભાવનાની તાકાતનું દર્શન કરાવશે, એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ત્રિ-દિવસીય ઉપવાસ સાથે આરંભાયેલ સદ્દ્ભાવના મિશનના સમાપન પ્રસંગે થયેલા ઉદ્દ્બોધન અને વ્યકત થયેલા વિચારોએ એ સ્પષ્ટ અનુભૂતિ કરાવી છે કે, સદ્દ્ભાવપૂર્ણ વાતાવરણ એ જ વિકાસને રાજમાર્ગ છે, તે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના જીવનમંત્રને રાષ્ટ્રીય કક્ષાએ સ્વીકૃતિ મળી છે. સદ્દ્ભાવના મિશનના સમાપન પ્રસંગે લોકસભામાં વિપક્ષી નેતા શ્રીમતી સુષ્મા સ્વરાજ, અધ્યાત્મગુરૂ શ્રી ભૈયુજી મહારાજ અને ભાજપાના પૂર્વ અધ્યક્ષ શ્રી વેંકૈયા નાયડુએ તેમના પ્રવચનમાં ગુજરાતને 'વિકાસના મોડેલ' તરીકે વારંવાર ઉલ્લેખીને દેશમાં સદ્દ્ભાવના મિશન જ વિકાસનું વાતાવરણ જન્માવશે તેવો સ્પષ્ટ અભિપ્રાય વ્યકત કર્યો હતો. આ ત્રણેય મહાનુભાવોના પ્રવચનને ઉપસ્થિત જનસમૂહે શાંતિ અને તલ્લીનતાથી સાંભળી, માણ્યા હતા.



મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે કરેલી પ્રગતિમાં ગુજરાતનો સદ્દ્ભાવપૂર્ણ વ્યવહાર કેન્દ્રસ્થાને છે, તેમ જણાવી લોકસભામાં વિપક્ષના નેતા અને ભાજપાના રાષ્ટ્રીય અગ્રણી શ્રીમતી સુષ્મા સ્વરાજે શ્રી નરેન્દ્રભાઈ અનેક આપત્તિઓને ખાળી આત્મબળ સાથે હજી પણ વધુ પ્રગતિ કરશે તેવી શ્રદ્ધા વ્યકત કરી હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન અનેક પ્રકારના આક્ષેપો, કાનૂની



આંટીઘૂંટીઓ વચ્ચે પણ પ્રગતિ જ સાધી છે, તેનું શ્રેય તેમના આત્મબળને જાય છે, એમ શ્રીમતી સુષ્મા સ્વરાજે જણાવ્યું હતું.

''આરોગ્ય, શિક્ષણ અને ધર્મ જે સમાજમાં સૌથી છેવાડાના મનુષ્ય સુધી પહોંચી જાય એ પ્રદેશ માનવતાની દૃષ્ટિએ ક્યારેય પાછળ રહેતો નથી. જે સમાજનો એકાત્મતાથી વિકાસ થાય છે એ ધર્મ છે. ગુજરાતે આ માર્ગે વિકાસ કરી બતાવ્યો છે.'' જાણીતા આધ્યાત્મિક ગુરૂ શ્રી ભૈયુજી મહારાજે જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં આત્મા વિવેકાનંદનો છે અને તેમનો ધર્મ તથા શરીર શિવાજીના છે.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ઉપવાસ - સદ્ભાવના મિશનના સમાપન પ્રસંગે બોલતાં આધ્યાત્મિક ગુરૂ પૂજય ભૈયુજી મહારાજે જણાવ્યું હતું કે, ''બિનસાંપ્રદાયિકતાની શિક્ષા ભારતને ભણાવવાની જરૂર નથી. બિનસાંપ્રદાયિકતાનું નવું નામ જ સદ્ભાવના છે.'' તેમણે કહ્યું કે, ગુજરાત શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આત્મા છે, અને રાષ્ટ્ર તેમનો પરમાત્મા. તેમણે પશુઓથી લઈને મનુષ્યના વિકાસ માટે પ્રયત્નો કર્યા છે. 'બેટી બચાવો' જેવા અભિયાનોથી સમાજનું સમતોલન જાળવવા પ્રયત્નો કર્યા છે.

ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી વેંકૈયા નાયડુએ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રીશ્રી વિકાસ માટે સદાય કામ કરે છે અને ગુજરાતનો સદાય વિકાસ કરતા રહેશે. ગુજરાતની જેમ દેશની સેવા કરવા માટે પણ તેઓ તૈયાર થઈ જાય તેવો પણ તેમણે નોંધપાત્ર ઉલ્લેખ કર્યો હતો. ■



## સદ્ભાવના મિશન દરમિયાન કોણે શું કહ્યું...

શ્રી નરેન્દ્ર મોદીએ સાચે જ ભારતનું હૃદય જીત્યું છે. તેમણે ઝંઝાવાતો સામે લડીને ગુજરાતનો વિકાસ સાધ્યો છે.

- શ્રી પ્રભાત ઝા, મધ્યપ્રદેશના ભાજપના અધ્યક્ષ

સદ્ભાવના મિશન જેવા કાર્યક્રમો દેશની સળગતી સમસ્યાઓના સંતોષજનક નિરાકરણની આશા પ્રગટાવે છે. સદ્ભાવના મિશન વિકાસની રાજનીતિનો સંદેશ આપે છે.

- શ્રી અર્જુન મુંડા, ઝારખંડના મુખ્યમંત્રી

ગુજરાતે છેલ્લા દસ વર્ષોમાં કરેલો વિકાસ અદ્વિતીય છે.

- શ્રી રામદાસ અગ્રવાલ, રાજસ્થાનના સાંસદ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક દોષારોપણ છતાં ડગ્યા વિના રાષ્ટ્રમાં વિકાસની હલચલ ઉભી કરી છે,

- શ્રી શ્યામ જાજૂ, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી

ગુજરાતે આદિવાસી સમાજના ઉત્કર્ષની વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મુકી વનવાસી ક્ષેત્રના સર્વાંગી વિકાસ દ્વારા ભારતભરમાં વિકાસ ક્ષેત્રે આગેવાની લીધી છે.

- શ્રી દિલીપસિંહ ભૂરિયા , એસ. ટી. કમિશનના પૂર્વ અધ્યક્ષ

રાષ્ટ્રવાદની ગંગા ગુજરાતથી શરૂ થઈ છે.

- શ્રી ચિન્મયાનંદ મહારાજ, પૂર્વ મંત્રી

ગુજરાતે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ અસામાન્ય પ્રગતિ સાધી છે.

- શ્રી ગોપીનાથ મુંડે, સાંસદ અને રાષ્ટ્રીય આગેવાન

રીપબ્લીકન પાર્ટીઓ ઈન્ડિયાના મુંબઈથી આવેલા સુકાની શ્રી રામદાસ આઠવલેએ મિશનને ભારતના દલીતોની સદ્ભાવના અર્પણ કરી હતી.

સદ્ભાવના મિશનના ઉપવાસી મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને વધાવવા ભારતીય જનતા પક્ષ, મુંબઈના અધ્યક્ષ શ્રી રાજ પુરોહિતની સાથે પૂર્વ કેન્દ્રીય મંત્રી જયવંતીબહેન, મુંબઈના મેયર શૈલજા, ગુજરાતી નગરસેવકોના વિશાળ સમુદાયે મુખ્યમંત્રીશ્રીની મુલાકાત લઈને અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી. ■

# અમરેલીમાં પોલીટેકનિક ઈન હોમ સાયન્સ કોલેજ તથા હોસ્ટેલ બિલ્ડીગનું લોકાર્પણ







તાજેતરમાં કૃષિને એક સ્વતંત્ર ધંધા તરીકે અપનાવી કૃષિ વિકાસની સાથે આર્થિક અને સામાજિક વિકાસ માટે મહિલાઓની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. ત્યારે બહેનો સુશિક્ષિત બને તે માટે પોલીટેકનિક ઈન હોમ સાયન્સ કોલેજનો ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્સ સૌપ્રથમ વખત અમરેલી ખાતેથી શરૂ કરવામાં આવ્યો છે.

અમરેલીમાં ₹ ૪.૭૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ પોલીટેકનિક ઈન હોમ સાયન્સ કોલેજ અને હોસ્ટેલ બિલ્ડીગનું લોકાર્પણ કૃષિ અને સહકાર મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષસ્થાને કૃષિ અને જળસંપતિ રાજ્ય મંત્રી શ્રી કનુભાઈ ભાલાળા, રાજ્ય સભા સાંસદ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, લોકસભા સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કૃષિ અને સહકાર મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ હતું કે, રાજ્ય સરકારે એક કૃષિ યુનિવર્સિટીમાંથી ચાર કૃષિ યુનિર્વસિટી બનાવી વૈજ્ઞાનિકોને સંશોધનક્ષેત્રે વધુ અવકાશ ઉભો કર્યો છે. ગ્લોબલ વોર્મિંગથી આગામી દિવસોમાં કૃષિ પાકો અને પશુઓને બચાવવા અત્યારથી જ સંશોધન કામગીરીનો પ્રારંભ કર્યાનું જણાવ્યું હતું. અમરેલી જિલ્લામાં કૃષિ, પશુપાલન અને ડેરીના વિકાસની સંભાવના જોઈ રાજય સરકારે પોલીટેકનિક ઈન હોમ સાયન્સ કોલેજ અને પશુઓ માટેની હોસ્પિટલની મંજૂરી આપી છે.

કૃષિ અને જળસંપતિ રાજય મંત્રી શ્રી કનુભાઈ ભાલાળાએ પ્રાસંગિક પ્રવચનમાં મહિલાઓના યોગદાન થકી ગુજરાત કૃષિ ક્ષેત્રે દેશમાં અગ્રેસર રાજય બન્યુ હોવાનું જણાવી કહ્યુ હતું કે, ખેતપેદાશમાંથી મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવવા તેમજ પશુપાલન પ્રવૃત્તિમાં પણ મહિલાઓ સક્રિય ભાગીદાર છે.

સાંસદ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યુ હતું કે દસ વર્ષમાં ગુજરાતના કૃષિ ઉત્પાદનમાં દસગણો વધારો થયો છે તેનુ કારણ માત્ર સારો વરસાદ જ નથી પરંતુ રાજય સરકારના કૃષિ મહોત્સવ અને વૈજ્ઞાનિક સંશોધનને આભારી હોવાનું જણાવ્યુ હતું. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી એન. સી.પટેલે પ્રાસંગિક પ્રવચનમાં પોલીટેકનિક ઈન હોમ સાયન્સ કોલેજના અભ્યાસક્રમો અંગે તેમજ કોલેજ અને હોસ્ટેલ બિલ્ડીગમાં ઉપલબ્ધ સુવિધાની વિગતો આપી હતી.

સ્વાગત સંશોધન નિયામક શ્રી ડૉ.સી.જે.ડાંગરીયા, આભારવિધિ પ્રો.જે. બી. સવાણીએ અને સંચાલન કાર્યપાલક ઈજનેર શ્રી મકાતીએ કર્યુ હતું.

લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય શ્રી કાળુભાઈ વિરાણી, મનસુખભાઈ ભુવા, પૂર્વ ધારાસભ્ય શ્રી વાગડીયા, નગરપાલિકા પ્રમુખ મંજૂલાબેન જોષી, જિલ્લા પંચાયત સદસ્યો સર્વશ્રી વી.વી. વઘાસીયા, ભૂપેન્દ્રભાઈ બસીયા, મનુભાઈ આદ્રોજા, પ્રેમજીભાઈ માધડ, આણંદ કૃષિ યુનિવર્સિટી કુલપતિ શ્રી એ.એમ. શેખ, પ્રિન્સીપાલ શ્રી ડૉ.કુંજડીયા સહિત પ્રોફેસરો અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ અને વાલિગણ ઉપસ્થિત રહ્યા હતાં. ■


હેતલ દવે

# હવે સરપંચ બોલે છે ને સરકાર સાંભળે છે.

રાજય સરકાર દ્વારા પ્રત્યેક ગામનો સામુહિક સર્વાંગી વિકાસ થાય અને ગામડું શહેરો જેવી તમામ પ્રાથમિક સુવિધાઓથી સભર બને અને ગ્રામ્ય વિકાસ માટે ગામના લોકોને જિલ્લા કે રાજ્ય સુધી આવવુ ન પડે તેવા ઉમદા ધ્યેય સાથે સમગ્ર રાજયમાં આરંભેલા ચલો તાલુકે કાર્યક્રમમાં ગામના સરપંચશ્રીઓને તેમના ગામમાં થયેલાં વિકાસ કામો અને ગામને વધુ સુવિધા પૂર્ણ બનાવવા માટે કયાં વિકાસ કામોની જરૂરીયાત છે ? તેના વિશે જાહેર મંચ પરથી રજૂઆત કરવાની તક મળી છે.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતે યોજાયેલાં આવા જ એક ચલો તાલુકે કાર્યક્રમમાં તાલુકાના મેમકા ગામના સરપંચે તેમના ગામમાં વિકાસ કાર્યો બાબતે સુંદર રજૂઆત કરી હતી. જે સાંભળીને રાજયના નાણા મંત્રીશ્રી વજુભાઇ વાળાએ જણાવ્યું હતું કે,પહેલાં ગાંધીનગર બોલતું હતું અને ગામડું સાંભળતું હતું, પરંતુ હવે એવું નથી.

મેમકાના સરપંચ શ્રી ભરતકુમાર અંબાશંકર રાવલે વઢવાણ તાલુકાના નકશામાં મારૂ ગામ કયાં છે? મારા ગામનો વિકાસ કેટલો? અને મારે મારા ગામમાં શું કરવાનું બાકી છે? જેવા મુદ્દાઓ ઉપર વિચારો રજૂ કરતાં જણાવ્યું કે, ખરેખર હાલની સરકાર છેક છેવાડાના માણસ સુધી પહોંચી છે, એમ કહેવામાં કશુંય ખોટું નથી. કારણ કે આપ સૌની નજર સામે આ હોલમાં વઢવાણ તાલુકાના ગામડેગામડેથી નાનામાં નાના માણસની પણ હાજરી છે. દરેકને સરખું માન અને સન્માન છે.



છેલ્લાં પાંચ વર્ષથી હું મારા ગામમાં સરપંચ તરીકે સેવા આપુ છું. મારા ગામની વસ્તી ૩૪૯૭ છે. મારા ગામમાં સરકારશ્રીની વિવિધ યોજના અંતર્ગત અંદાજે ₹ ૧ કરોડના વિકાસના કામો થયા છે.

મારા ગામમાં ૮૦ ટકા વિસ્તારમાં સીસી રોડના કામો પૂર્ણ કરેલ છે. તથા સ્મશાન છાપરી, મફતીયા પરામાં જવા માટે બે નાળા, પંચવટી, દલિત સ્મશાન ફરતે કમ્પાઉન્ડ વોલ વગેરે કામો પૂર્ણ કરેલ છે.

સમગ્ર ગામમાં પી. વી. સી. પાઇપ લાઇન નાખી ઘેરઘેર પાણી પહોંચાડેલ છે. ૧૨ માં નાણાપંચમાં દલિતવાસમાં પાણીનો સમ્પ બનાવેલ છે. ભાઇઓ અને બહેનો માટે અલગ અલગ નાહવા ધોવાના ઘાટ બનાવેલ છે.



ગંદા પાણીના નિકાલ માટે ૧૩ માં નાણાપંચમાં ભૂગર્ભ ગટરનું કામ કરેલ છે, તથા દલિત વાસમાં પાણીના નિકાલ માટે પાકી ગટર કરેલ છે.

ગામમાં નવું આયુર્વેદીક દવાખાનું બનાવેલ છે. બે આંગણવાડીઓ બનાવેલ છે, તથા પ્રાથમિક શાળાની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવેલ છે. સુજલામ સુફલામ્ યોજના હેઠળ અંદાજિત ₹ ૪૫ લાખના ખર્ચે બે ચેકડેમ બનાવેલ છે. જેની ફલશ્રુતિરૂપે ગત વર્ષે રૂપિયા બે કરોડના રવિપાકનું ઉત્પાદન થયેલ છે.

સમગ્ર ગામમાં પાઇપ લાઇન દ્વારા ગેસ પુરો પાડવાની કામગીરી પૂર્ણ થયેલ છે.

આ તમામ વિકાસના કાર્યોમાં અમને અમારા ધારાસભ્યશ્રી તથા અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓનો સંપૂર્ણ સાથ અને સહકાર મળ્યો છે.

મારા કાર્યકાળ દરમિયાન શાળાની આરોગ્ય તપાસણીમાં અમારા ગામનું એક બાળક વિશાલ મનજીભાઇ જેને કિડનીની બિમારી માલુમ પડ્યુ. અમારી અંગત કાળજીથી બાળકને રાજયકક્ષાની સારવારની સુવિધા આપી તેની જિંદગી બચાવી લેવામાં આવી છે.

મધ્યાહન ભોજનમાં અમારા અને ગામ તરફથી તિથિ ભોજન અવારનવાર આપવામાં આવે છે. શ્રી પી.કે. સિંધવ તરફથી અમારી શાળાને કોમ્પ્યુટર ભેટ મળ્યા છે. તેઓનું માર્ગદર્શન અમારા ગામના વિકાસ માટે અવારનવાર મળતુ રહયું છે. આજ સુધી મારા ગામમાં જે કાંઇ વિકાસના કામો થયા છે. તેનો આનંદ તો હોય જ પણ હવે ગામના બાકી રહેલા કામો વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય તેવી મારી નેમ છે. આ કામો જેવા કે, ભોગાવો નદી પર બે ચેકડેમ બને તો વરસાદી પાણીનો સંપૂર્ણ સંગ્રહ થઇ શકે અને ભોગાવો નદીની અંદરના અંદાજે ૧૦૦ કુવાઓ રિચાર્જ થઇ શકે, અને તેમજ ખેત ઉત્પાદન વધી શકે આ ઉપરાંત ભોગાવો નદી પર કોઝવે કમ ચેકડેમ બનાવવાની ખાસ જરૂર છે. જે થવાથી લીમડીવઢવાણ સ્ટેટ હાઇવે સાથે સીધો સંપર્ક થઇ શકે. જેના કારણે ચાર ગામો સંપર્કથી જોડાઇ શકે, એ મારૂ ધ્યેય છે, તે હું પૂર્ણ કરીશ.

અંતમાં આજના આવા ઉમદા કાર્યક્રમમાં મને બોલવાની જે તક આપી છે અને આપ સૌ મંચસ્થ મહાનુભાવો, અત્રે પધારેલ તમામ ભાઇ બહેનોએ મને શાંતિપૂર્વક સાંભળ્યો તે બદલ હું આપ સૌનો આભાર માનું છું. આયોજકોનો પણ ખૂબ ખૂબ આભાર માનું છુ. ■

શાંતિલાલ સોની

# મોસમ જોઇ વિકસતો કચ્છનો મિની તરણેતર મેળો

કચ્છનો મિની તરણેતર ગણાતો યક્ષનો મેળો દર વર્ષે ભાદરવા માસમાં યોજાય છે. માત્ર પશ્ચિમ કચ્છનો જ નહીં, સમગ્ર કચ્છનો આ સૌથી મોટો મેળો છે. ચાર દિવસ ચાલતા યક્ષના મેળામાં રવિવારની રાતથી બુધવારની બપોર સુધી સરેરાશ પાંચ લાખ જેટલા મેળાના માણીગરો ઉમટી પડે છે. રાજાશાહીના વખતથી ભરાતો આ મેળો સમયને સથવારે રૂપ રંગ બદલે છે. એક સમયે તદ્દન ભાતીગળ હતો. આજે સી.સી.કેમેરા સાથે સજ્જ છે તો આવતીકાલે વિશ્વના લોકો વેબસાઇટ ઉપર મેળો જોઇ શકે તેવું આયોજન સંચાલકોએ વિચાર્યુ છે.

મોસમ જોઇ વિકસતો યક્ષનો મેળો જમાના પ્રમાણે ચાલે છે. એક જમાનામાં આ મેળો યક્ષના આળા પાંચાળામાં આર્થિક અને સામાજિક વ્યવહાર માટે પ્રચલિત હતો. ગામડાના કમી કસબીઓની સેવાના બદલામાં મેળામાં વાપરવા તેમને કૃષિપુત્રો તથા વેપારીઓ પાસેથી પૈસા મળતા તો આ મેળો દીકરા દીકરીના સગપણ માટે પણ યોગ્ય સ્થળ ગણાતું. કારણ કે આજુબાજુના લોકો ગાડાંથી આવે ત્યારે એકાદ બે દિવસ તંબુ તાણીને રહી પરસ્પર પરિચય કેળવતા.

યક્ષનો મેળો તે વખતે માત્ર સલેહગાહ કે મનોરંજન પુરતો મર્યાદિત નહોતો. ગ્રામ પ્રજા અહી વાસણોની ખરીદી પણ કરતી. એક આખી કંસારા બજાર અસ્તિત્વમાં હતી. વાળંદની સલૂનો લાગતી. કપડાના તાકા મળતા. એકાદ દરજીની દુકાન પણ લાગતી. જો કે રમકડાં, પ્રસાધનો, કટલેરી તેમજ જલેબી, ગાંઠીયા અને ભજીયા મળતાં.... મનોરંજનમાં માત્ર ગોળ અને ઉભા ફરતાં ચકડોળ જ હતા.

પછી જમાનો બદલાતો ચાલ્યો.. ગાડાંનું ચલણ ઓછું થયું. એસ.ટી. સેવાની ધૂમ મચી. હવે તો બાઇક અને ફોર વ્હીલનો જમાનો છે. મેળામાં રોકાવાનો તો સવાલ જ નથી. મુંબઇની જેમ દિવસને બદલે રાત્રે તેની રોનક વધે છે. ચગડોળનું સ્થાન મેરીગો રાઉન્ડે લીધું છે. ડાન્સપ્રોગ્રામ, મોતનો કૂવો, બ્રેકજુલો, સેલબો, નાવ, ચિલ્ડ્રન આઇટમ, ટોરાટોરા જેવી અવનવી મનોરંજનની વસ્તુઓ ઉપલબ્ધ છે. મનોરંજન સાથે ખાણીપીણીનું મહત્વ વધ્યું છે. પ્રિન્સ્ટાર જેવો નજારો જોવા મળે છે. હવે તો રમકડા સહિત અનેક વસ્તુનાં સેલ લાગવા માંડયા છે.

આખા દિવસનો કલશોર અને રાત્રે શાંત વાતાવરણમાં મેળાની રોનક વધુ જામતી જાય છે. અવાજ હોય છે, માત્ર પોતાના સ્ટોલમાં આવકારનો. યક્ષનો મેળો જમાના પ્રમાણે ચાલે છે. દેશ અને રાજયની પ્રાસંગિક બાબતને અહીં વણી લેવામાં આવે છે. સરદાર સરોવર ડેમના આંદોલનથી માંડીને, વાયબ્રન્ટ ગુજરાત, કચ્છને નર્મદાના નીર મળે તો તેની વાત, કોમી એકતા વગેરે બાબતો વખતો વખત જોવા મળે છે.

મેળા આયોજક સમિતિના ચેરમેન ધીરૂભાઇએ કહયું કે, આજે સી.સી.કેમેરા ગોઠવ્યા છે. હવે અમે વેબસાઇટ તૈયાર કરવાના છીએ. જેથી અમેરિકામાં રહેતો કચ્છી તેના મેળાને જોઇ શકે. ■



# આયુર્વેદ યુનિવર્સિટીના નવનિર્મિત અનુસ્નાતક સંશોધન ભવન કાર્યરત

આખા વિશ્વમાં સ્વાસ્થ્ય પ્રત્યેની, નિરામય જીવનની આરોગ્ય સંભાળ માટેની સાર્વત્રિક જાગૃતિનું વાતાવરણ છે, ત્યારે ભારતીય વિરાસત એવા આયુર્વેદની વિશ્વ પ્રતિષ્ઠા માટે આયુર્વેદ માટેની વિશ્વસનીયતા આપણે જ આત્મસાત કરવાની જરૂર છે . તાજેતરમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના નવનિર્મિત અનુસ્નાતક અને સંશોધન ભવનનું ઉદ્ઘાટન કરતા આયુર્વેદની ભારતીય સ્વાસ્થ્ય ચિકિત્સા પરંપરાની વિશ્વમાં પુનઃ પ્રતિષ્ઠા કરવા માટે આયુર્વેદને ૧૦૦ ટકા પ્રતિબદ્ધ ચિકિત્સકોની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો છે.

વિશ્વભરમાં આયુર્વેદની ગરિમા પ્રસ્થાપિત કરતી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના જામનગર પરિસરમાં અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનનું આ આધુનિક નવનિર્મિત ભવન ₹૨૨.૩૦ કરોડના ખર્ચે કાર્યરત થયું છે. આ શાનદાર અવસરે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ઇન્ડોનેશિયાની હિન્દુ યુનિવર્સિટી, મધ્ય પૂર્વના યુ.એ.ઇ.ની ગલ્ફ મેડિકલ યુનિવર્સિટી તેમજ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીએ આયુર્વેદ શિક્ષણ અને સંશોધન વિકાસ માટે પરસ્પર સહયોગ માટેના સમજૂતિના કરાર સંપન્ન કર્યા હતા. આયુર્વેદ યુનિવર્સિટીની સંશાધન સંપન્ન વેબસાઇટનું લોન્ચીગ મુખ્યમંત્રીશ્રીએ કર્યુ હતું.





ધન્વન્તરીની આ ધરતી ઉપર આયુર્વેદ વિશે દુનિયાભરમાં નવો વિશ્વાસ જાગ્યો છે જેનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે આજે વિશ્વમાં આરોગ્ય વિજ્ઞાન અને ચિકિત્સા વિશે તબીબી ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યુ છે. અને ભારતીય ચિકિત્સા તથા આયુર્વેદની સાંસ્કૃતિક વિરાસત માટેનું આકર્ષણ વધતું રહયુ છે. વિશ્વના સમૃધ્ધ દેશોમાં પણ આયુર્વેદને લઇ સ્વીકૃતિ માટેના પ્રયાસો બળવતર બનાવવા તેમણે આહવાન કર્યું હતું. આધુનિક તબીબી વિજ્ઞાનમાં ટેક્નૉલૉજીથી નિદાન તપાસની જે વિશ્વાસનીયતા છે તેનું સંશોધન કરીને આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિએ સારવાર કરવા માટેના સંશોધનો વિકસાવવા ઉપર તેમણે પ્રેરક સુચનો કરતા જણાવ્યું કે આનાથી દર્દીઓમાં આયુર્વેદની સ્વીકૃતી ઝડપથી વધશે.

આયુર્વેદના ચિકિત્સકો પોતાની પ્રેક્ટીસ છોડીને એલોપેથી ડોકટરો તરફ વળે છે, તેનાથી આયુર્વેદ પ્રત્યેની શ્રધ્ધા ઘટે છે તે અંગે પુનઃવિચાર ઉપર મુખ્યમંત્રીશ્રીએ ભાર મૂકયો હતો. આયુર્વેદનું ભવિષ્ય વિશ્વમાં ખૂબ જ ઉજ્જવળ છે તેને અવસર ગણી લેવાનું આહવાન તેમણે આપ્યુ હતું.

કાર્યક્રમના પ્રારંભે આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.મેઘાવીલાલ શર્માએ સૌનું સ્વાગત કરી કહયુ કે અહીં શ્રીલંકા, નેપાળ, થાઇલેન્ડ, અમેરિકા સહિત ૨૨ દેશના વિદ્યાર્થીઓ આયુર્વેદનો અભ્યાસ કરી રહયા છે. નવનિર્મિત ભવનના લોકાર્પણ ઉપરાંત મુખ્યમંત્રીશ્રી દ્વારા આયુર્વેદ સંદર્ભે તૈયાર કરાયેલ પુસ્તિકાઓનું વિમોચન કર્યુ હતું. તેમજ સંશાધન સંપન્ન વેબસાઇટનું લોન્ચીંગ અને ૪૧૦ જેટલા અનુસ્નાતક કક્ષાન સંશોધન નિબંધ સમાવિષ્ટ કરેલી સીડીનું પણ લોકાર્પણ કર્યુ હતું.

યુનિવર્સિટીના આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રી પરબતભાઇ પટેલ, મહિલા અને બાળ કલ્યાણ રાજયમંત્રી પ્રો.વસુબહેન ત્રિવેદી, સાંસદશ્રી વિક્રમભાઇ માડમ, જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ ડૉ.પી.બી. વસોયા, મેયર શ્રીમતી અમીબેન પરીખ, ધારાસભ્ય સર્વ શ્રી મૂળુભાઇ બેરા, શ્રી પબુભા માણેક, શ્રી લાલજીભાઇ સોલંકી, જિલ્લા કલેકટર શ્રી સંદિપકુમાર સહિત આયુર્વેદ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ, મહાનુભાવો આ તકે ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના અંતે આયુર્વેદ અનુસ્નાતક શિક્ષણ ભવનના ડાયરેકટરે આભાર દર્શન કર્યુ હતુ. ■




## મહેસાણા અર્બન બેન્કની ઈડર શાખાનો શુભારંભ

મહેસાણા જિલ્લાની અગ્રણી સહકારી બેન્ક મહેસાણા અર્બન બેન્કની સાબરકાંઠા જિલ્લાની શાખાનો તાજેતરમાં ઈડરમા શુભારંભ કરવામાં આવ્યો હતો. આ નવીન મકાનનું લોકાર્પણ કરતાં શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે બેન્કોએ ગરીબ લોકોને પગભર થવા મહત્તમ રીતે સહાયભૂત બનવું જોઈએ. બેન્કના ચેરમેન શ્રી ચંદુભાઈ પટેલે જણાવ્યું હતું કે, નાનામાં નાના ખાતેદારના પરસેવાના પૈસાનું મહત્તમ વળતર તેને મળી રહે તે જોવાની જવાબદારી બેન્કની છે. આ પ્રસંગે બેંકના ડિરેક્ટર અને પૂર્વ મંત્રી શ્રી ખોડાભાઈ પટેલ અને પૂર્વ જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી પૃથ્વીરાજસિંહ પટેલ, બેંકના વાઈસ ચેરમેન શ્રી કે.કે.પટેલ, અન્ય ડિરેક્ટરો સહિત અગ્રણી નગરજનો હાજર રહ્યાં હતાં.

**જિલ્લા માહિતી બ્યુરો, મહેસાણા**



## કેન્દ્રિયકૃત ભરતી પ્રક્રિયા પારદર્શી

શિક્ષણ ક્ષેત્રે સારા શિક્ષકોને અન્યાય ન થાય તેવા પ્રયાસો સાથે રાજ્યમાં એક સાથે ૧૩૦૦૦ જેટલા પ્રાથમિક શાળાના શિક્ષકોની કેન્દ્રિયકૃત ભરતી કરવામાં આવી છે તેથી આ પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર થયો નથી તેમ વડોદરાની સરદાર વિનય મંદિરમાં યોજાયેલા સેમિનારમાં શિક્ષણ મંત્રી શ્રી રમણભાઇ વોરાએ જણાવ્યું હતું. ડૉ. જીવરાજભાઇ ચૌહાણે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ સેમિનારમાં મેયર ડૉ.જ્યોતિબેન પંડયા, ડે.મેયર શ્રી અરવિંદભાઇ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.પી.ચૌધરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી જીતેન્દ્ર જોષી, ઉપરાંત શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

**જિલ્લા માહિતી બ્યુરો, વડોદરા**



## આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે ગ્રામ વિસ્તારોમાં પણ વિકાસ કર્યો છે

રાજ્યનાં અંતરીયાળ ગામડાઓમાં શિક્ષણ અને આરોગ્યની ઉત્તમ સુવિધા ઉભી કરવા રાજ્ય સરકાર મક્કમ છે. કચ્છનાં ખારોઈ ગામમાં દવાખાના અને પ્રાથમિક શાળાનું લોકાર્પણ રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીરે કર્યુ હતું. તેમણે ૧૦૮ સેવાથી દૂરસુદૂર વિસ્તારના લોકોને ઘરઆંગણે આરોગ્ય સુવિધા મળતી થઇ હોવાનું જણાવી બેટી બચાવો અને બાલવિકાસ યોજનાઓની વિગતો આપી હતી. તેમણે શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવની સફળતા અંગે વાત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી બાબુભાઈ શાહ, એસ.ટી.નિગમનાં ડિરેક્ટર શ્રી અરજણભાઈ રબારી, દાન આપનાર શ્રી કાનજી કરમશીભાઈ પટ્ટણી તથા ગ્રામજનો હાજર રહ્યાં હતા.

**જિલ્લા માહિતી બ્યુરો, કચ્છ**



## વનવાસી વિદ્યાર્થીઓ સાથે સંવાદ

ભરૂચ જિલ્લાના વનવાસી શૈક્ષણિક સંકુલ થવા ખાતે આદિવાસી યુવક-યુવતિઓની ઉપસ્થિતિમાં વનબંધુ કલ્યાણ યોજના સંદર્ભે ''સંવાદ''ના કાર્યક્રમ સાંસદ શ્રી મનસુખભાઇ વસાવાએ ખુલ્લો મુક્યો હતું. તેમણે જણાવ્યું હતું કે વનબંધુ કલ્યાણ યોજનાઓ સમગ્ર દેશમાં શ્રેષ્ઠ કહી શકાય તેવી આદિવાસી પરિવારોના આર્થિક ઉત્થાન માટેની ખૂબ સારી યોજના છે. સાંસદ શ્રી વસાવાએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. શ્રી માનસિંહ માંગરોલાએ શૈક્ષણિક સંકુલોમાં દસ જેટલાં કોમ્પ્યુટર માટેની ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી હતી. રાજય મહિલા આર્થિક વિકાસ નિગમના ચેરમેન શ્રીમતી સીતાબહેન નાયક, માટી સંખ્યામાં વનવાસી યુવક-યુવતિઓ હાજર રહ્યા હતા.

**જિલ્લા માહિતી બ્યુરો, ભરૂચ**



## હાંસોટમાં ₹૫૭.૨૮ લાખનાં ખર્ચે વિકાસકાર્યો

ગામડાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ભરૂચનાં હાંસોટ તાલુકાના કેટલાંક ગામોમાં ₹ ૫૭.૨૮ લાખના વિકાસના કામોનું સહકાર વિભાગનાં રાજય મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલે કર્યુ હતું. મંત્રી શ્રી પટેલે હાંસોટ, વાલનેર, માંગરોલ, દિગસ, મોઠીયા, શેરા, અંભેઠા, બાડોદરા, કતપોર, આંકલવા, જેતપોર વગેરે ગામોમાં તાલુકા વિકાસ કેન્દ્ર, રસ્તા, પાણી, ગટર, ઈન્દિરા આવાસ વગેરે જેવી યોજનાઓનો શુભારંભ કરાવ્યો હતો. હાંસોટ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કીર્તિબહેન પટેલ, સમાજીક આગેવાન શ્રી ગોપાલભાઇ વસાવા, સરપંચો, પદાધિકારીઓ, અધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**જિલ્લા માહિતી બ્યુરો, ભરૂચ**



## અમદાવાદમાં ₹ ૪ કરોડનાં વિકાસ કામોનું લોકાર્પણ

અમદાવાદ શહેરનો સમતોલ વિકાસ કરવા રાજય સરકાર કટિબદ્ધ છે. શહેરનાં પૂર્વ ભાગમાં તાજેતરમાં ₹૪ કરોડનાં ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાયદા રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ સરસપુરમાં નવીનીકરણ થયેલા બાબાસાહેબ આંબેડકર હોલ, અસારવામાં સ્વીમીગ પુલ, સૈજપુરમાં વાંચનાલય, અર્બુદાનગરમાં પાર્ટી પ્લોટ અને બાપુનગરમાં નવા બનેલા ઓક્સિજન પાર્કનું લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નાગરિકોની સુવિધામાં વધારો થવાથી તેમનું જીવનધોરણ ઉંચું આવશે. આ કાર્યક્રમમાં મેયર શ્રી આસિત વોરા, ડેપ્યુટી મેયર શ્રીમતી દર્શનાબેન વાઘેલા મ્યુનિસીપલ કોર્પોરેટરો હાજર રહ્યાં હતા.

**જિલ્લા માહિતી બ્યુરો, અમદાવાદ**



નટુભાઈ પરમાર

# એશિયા ખંડમાં અજોડ : વાંકાનેરનું લાયન જીન-પુલ બ્રિડીંગ સેન્ટર



સૌરાષ્ટ્ર એટલે એક સમયનો રાજા-રજવાડાંનો પ્રદેશ અને સાથે સાવજોનો પણ આ પ્રદેશ. સમગ્ર વિશ્વમાં Asiatic Lions - એશિયાઇ સિંહોનો પણ આ એક માત્ર પ્રદેશ.

રાજાઓ અને વનરાજોના આ પ્રદેશમાં, શાહી શોખને ખાતર વનરાજો-સાવજોના શિકારો પણ ખૂબ ખેલાયા. સૌરાષ્ટ્રના ગીર જંગલ અને બીજા વનવિસ્તારોમાં રાજાઓ અને નવાબોએ આ દુર્લભ પ્રજાતિની સંખ્યા ખાસ્સી એવી ઘટાડી દીધી.

સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકામાં, રાજકોટ શહેરથી માત્ર ૪૨ કિ.મી.ના અંતરે આવેલ અને આજે પણ અડીખમ ઉભેલા વાંકાનેરના રાજવીના ભવ્ય રાજમહેલથી માત્ર ૧૬ કિ.મી.ના અંતરે વન્યજીવો અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર રાજાશાહી સમયની વીડી(જંગલ) હકીકતમાં વાંકાનેરના રાજવીનું શિકાર ગ્રાઉન્ડ રહ્યું હતું. એક સમયે રામપરા વીડી તરીકે ઓળખાતા આ ૧૫૦૧.૦૨ હેક્ટર એવા વનવિસ્તારમાં રાજવીઓ અને તેમના શાહી મહેમાનો દ્વારા શિકાર થતો રહ્યો.

દેશ આઝાદ થતાં ને રજવાડાં નામશેષ થતાં પ્રજાભિમુખ લોકશાહી સરકારોએ માનવીઓની સાથે લુપ્ત થતી વન્ય પ્રાણીસૃષ્ટિને બચાવવા તરફ પણ ધ્યાન કેન્દ્રિત કર્યું, અને તે કારણે સૌરાષ્ટ્ર પ્રદેશમાં આજે પણ આ વનકેસરીની ડણક આપણે સાંભળી રહ્યા છીએ.

એક કાળે સૌરાષ્ટ્ર પ્રદેશના ગીચ જંગલોમાં હજ્જારોની સંખ્યામાં વિહરતા રહેલા Asiatic Lions -ભારતીય સિંહો હવે માત્ર ૪૧૧ની સંખ્યામાં બચ્યા છે. રાજયના વનવિભાગની જાગૃતતાને કારણે હવે એમાં ઉતરોત્તર સંખ્યાવધારો થઇ રહ્યો છે આમ છતાં વન્યપ્રાણીઓનો ઇતિહાસ કહે છે કે, આવી વન્યપ્રજાતિઓ તેના આડેધડ શિકાર ઉપરાંત, રોગચાળો, જંગલો પાંખા થવા, જેવા અનેક કારણે નામશેષ થઇ ગઇ છે.

આવી જ કોઇ પરિસ્થિતિ આવી પડે





તો? એની અગમચેતી અને સાવધાની રૂપે ગુજરાત રાજયના વનવિભાગ દ્વારા વાંકાનેર તાલુકાના હવે ‘રામપરા વન્ય અભયારણ્ય નામાભિધાન પામેલા લાયન જીન પુલ બ્રિડીંગ સેન્ટરમાં સિંહોના ઉછેર અને સંવર્ધનની કામગીરી ખૂબ સફળતાપૂર્વક ચાલી રહી છે.

રજવાડાંની માલિકીનું આ જંગલ રાજય સરકાર હસ્તક આવતાં ગુજરાત સરકારના તા. ૧૮/૧૧/૧૯૮૮ના નોટીફિકેશનથી તેને અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું. તે પછી તા. ૧૩/૮/૨૦૦૨ના રાજયના વન વિભાગના હુકમથી અહી એશિયાઇ સિંહોના સંવર્ધન માટે ‘લાયન જીન-પુલ બ્રિડીંગ સેન્ટર ઉભું કરવામાં આવ્યું છે. જેનાં ઉત્કૃષ્ટ પરિણામો અને ભારોભાર સફળતા પ્રાપ્ત થઇ છે.

ભારતભરમાં જ નહિ સમગ્ર એશિયા ખંડમાં સૌ પ્રથમવાર આવા કોઇ જીન પુલ બ્રિડીંગ સેન્ટરમાં એક નહિ, બે નહિ કિન્તુ એક સાથે ત્રણ સિંહબાળનો જન્મ થયો હોય તેવી આ વિરલ ઘટના છે.

તા. ૪/૫/૧૧ના રોજ અહી સિંહ બાબર થકી સિંહણ આશાએ ત્રણ માદા સિંહબાળને જન્મ આપ્યો છે. જેણે સમગ્ર એશિયા ખંડમાં રામપરા વન્ય પ્રાણી અભયારણ્યના લાયન જીન-પુલ બ્રિડીંગ સેન્ટરનું નામ ગૌરવાન્વિત કર્યુ છે.

રાજયના વનવિભાગ દ્વારા ગુજરાતના ગૌરવ સમા આ સિંહોના લાંબાગાળાના વસવાટ માટે અને આ એશિયાટિક સિંહોના આનુવંશિક ગુણોને જાળવી રાખી શકાય તેવી સિંહ પ્રજાતિનું સંવર્ધન કરવાનો આદેશ કરતાં આ લાયન જીન-પુલ બ્રિડીંગ સેન્ટર અહીં શરૂ કરવામાં આવ્યું હતું.

અડધા હેકટર જેટલા વિશાળ એવા એક એમ છ જેટલા એન્કલોઝર (સિંહોના રહેવા તથા વિહરવાના બંધ વિસ્તારો) અહીં ઉભા કરાયા છે. જેમાં તલાળા, માળિયા, ધારી, સુત્રાપાડા અને જૂનાગઢ તાલુકાઓના જંગલોમાંથી લવાયેલા પાંચ નર અને ત્રણ માદા સિંહ-સિંહણોને જુદા જુદા એન્કલોઝરમાં પૂરતી દેખરેખ અને સારસંભાળ સાથે રાખવામાં આવ્યા છે. જમ્બો, ધીરેન, બાબર, સૂત્રા, સુલેહ જેવા નર અને આશા, જાંબુડી, સાનિયા જેવી માદા વચ્ચે મિલાપ કરાવી, અહીના આ સુરક્ષિત વિસ્તારોમાં સિંહોની નવી પેઢીને-તેના પુરા આનુવંશિક ગુણો સાથે ઉછેરી તેને સાચવવાનો રાજયના વન-વિભાગનો આ પરિશ્રમ અને કાર્યનિષ્ઠા સાચ્ચે જ બેમિસાલ છે.



લાયન જીન-પુલ બ્રિડીંગ સેન્ટરની શરૂઆત આ આઠ સિંહ-સિંહણોને લાવીને કરવામાં આવી હતી. જેમાં હવે ત્રણ વધુ સિંહબાળનો ઉમેરો થતાં સંખ્યા ૧૧ની થઇ છે. પ્રાણીસંગ્રહાલયોમાં પણ વન્યપ્રાણીઓના પ્રજનનના આંકડા બહુ ઉત્સાહજનક નથી ત્યારે આ જીન-પુલ બ્રિડીંગ સેન્ટરમાં થયેલ આ સંવર્ધનને વન્ય પ્રાણીવિદો એક મહત્ત્વની સિધ્ધિ ગણાવે છે.

જંગલમાં મુકતપણે એની મેળે વિહરતા અને અહીં નિષ્ણાત વન અધિકારીઓની સતત સારસંભાળ વચ્ચે ઉછરતા અને પાલન-પોષણ પામી રહેલા સિંહોના સંવર્ધનનું કામ ખૂબ કઠિન છે.

રાજકોટના નાયબ વન સંરક્ષક અને આ લાયન જીન-પુલ બ્રિડીંગ સેન્ટરના રખેવાળ શ્રી એલ.જે.પરમારના જણાવ્યા અનુસાર પ્રત્યેક નર સિંહને રોજ ૭.૫ કિ.ગ્રામ મીટ (માંસ) અને માદા સિંહને ૬.૫ કિ.ગ્રામ મીટ પિરસવામાં આવે છે. આ માટે આ સંવર્ધન કેન્દ્રમાં અલાયદો મીટ પ્રીપરેશન રૂમ પણ છે. વેટરનિટી ડોકટર જે પશુ(પાડા)ને તપાસીને પ્રમાણિત કરે, તેને જ સર્ટીફાઇડ કસાઇ દ્વારા કતલ કરવામાં આવે છે. તેનું માંસ ત્રાજવામાં જોખી આ છ એન્કલોઝરમાં રહેલા સિંહ-સિંહણોને તેના એનીમલ કિપરો દ્વારા ખવડાવવામાં આવે છે. ગર્ભવતી સિંહણને વધુ મીટ અપાય છે. આ મીટમાં પણ વિટામિનયુકત મિનરલ્સ-પોષક દવાઓ ભેળવવામાં આવે છે. સિંહો માટે પાણીની વ્યવસ્થા અહીં સતત છે.

દરેક એન્કલોઝર પાછળ એક નાનું એવું જાણે જંગલ ઉભું છે. ટાઢ, તાપ કે વરસાદમાં પોતે ઇચ્છે ત્યારે કે એનિમલ કિપર ચાહે ત્યારે સિંહ-

સિંહણ એના ઘર એવા આ એનીમલ હાઉસમાં આવી શકે છે. દરરોજ આ એનીમલ હાઉસને જંતુનાશક દવાઓથી સાફ કરી, ગેસની પ્રજવલિત જવાળાથી આ એનિમલ હાઉસના ખુણે-ખુણાને ઉંચા તાપમાનથી સૂકવવામાં આવે છે, જેથી કોઇપણ પ્રકારના જીવાણુઓનો આ સાવજોને કોઇ ચેપ ન લાગે.

મેટીંગ-સમાગમ માટે આતુર એવા સિંહ કે સિંહણના વર્તન પર ધ્યાન રાખી, તેવાં નર-માદાનો મેળાપ કરાવી, સિંહોની નવી-તંદુરસ્ત પેઢી પેદા કરવાનો રાજયના વન વિભાગનો આ નવતર પણ ભગીરથ પ્રયાસ છે.

આજે પૂરા ત્રણ માસના થયેલા ત્રણ સિંહ બાળ પ્રાકૃતિક વાતાવરણમાં ઉછરી રહ્યા છે ત્યારે, જે સફળતા મળી છે તેનાથી રાજયના વનવિભાગમાં પણ ખાસ્સો ઉત્સાહ પ્રવર્તે છે.

આ સંવર્ધન કેન્દ્રમાં એકેએક સિંહ-સિંહણ અને બચ્ચાંનો દર કલાકનો રિપોર્ટ મેળવવામાં આવે છે. તેના વિધિવત પાકાં રજીસ્ટરો રાખી તેમની તમામ દિનચર્ચા-ગતિવિધિનો અભ્યાસ કરવામાં આવે છે. આ માટે અહી નિયમિતપણે વેટરનરી ડોકટર આવે છે અને સિંહોના આરોગ્ય પર ચાંપતી નજર રાખે છે.

અહી બચ્ચાનું વજન, તેમણે લીધેલો ખોરાક, તેમનું આરોગ્ય, તેમની વૃધ્ધિ ઉપરાંત પુખ્ત સિંહોનો દૈનિક રિપોર્ટ, ખોરાક આપ્યાનો રિપોર્ટ, ન ખાધેલ ખોરાકનો રિપોર્ટ, ખરેખર ખાધેલ ખોરાકનો રિપોર્ટ, ખોરાકમાં પોષક વિટામીનયુકત મીનરલ્સનું પ્રમાણ, આપેલ સૂચનાઓ અને તેનો અમલ, કરેલ કાર્યવાહીના મળેલાં પરિણામો વગેરે સિંહોના ઉછેર-સારવાર-સંવર્ધન સબંધી તમામ બાબતોનો-કેટલીકનો દર કલાકે, અને







કેટલીકનો રોજેરોજનો- રિપોર્ટ અહીના એનીમલ કિપરો દ્વારા પરીક્ષેત્ર વન અધિકારીશ્રી વાંકાનેર તેમજ નાયબ વન સંરક્ષક શ્રી એલ.જે. પરમારને કરવામાં આવે છે.


સિંહણ આશા સિંહ બાબરથી ગર્ભવતી થઇ અને તેની પ્રસૂતિનો સમય આવ્યો તે આખી પ્રક્રિયાને આશા સિંહણને જરાય ખલેલ પહોંચાડયા વિના, નાઇટ વિઝન કેમેરાથી સતત-ક્ષણેક્ષણ અંકિત કરવામાં આવ્યો હતો, અને તેની પ્રસૂતિ માટેની હુંફાળી રેતીની પથારી પણ એન્કલોઝરમાં પહેલેથી જ તૈયાર કરવામાં આવી હતી. આજે પણ પ્રસૂતા સિંહણ અને સિંહબાળનું મોનીટરીગ તેઓને ખલેલ પહોંચાડયા સિવાય કલોઝ સરકીટ નાઇટવીઝન ટી.વી. કેમેરાથી કરવામાં આવે છે.

દરરોજ સવારે ૭ થી ૮ નિયમિતપણે આ સાવજોને નવડાવવા-ધોવડાવવામાં આવે છે. એન્કલોઝર-કેજ (પાંજરા) દીઠ દરેક સિંહ-સિંહણોના પ્રગતિ અહેવાલ દર્શાવતું અલગ-અલગ રજીસ્ટર છે. તેનાથી જ અહી જન્મ સમયે ત્રણ સિંહબાળોનું વજન જે ૯૩૦ ગ્રામ, ૯૬૨ ગ્રામ









અને ૧૦૪૨ ગ્રામ હતું તે ત્રણ માસના અંતે ઓગસ્ટમાં અનુક્રમે ૧૨.૬૦૦ કિલો, ૧૦.૭૦૦ કિલો અને ૧૨.૮૦૦ કિલો જેટલું છે, તે જાણવા મળે છે. આવનાર સમયમાં વધુ સિંહણોને અહીંના સિંહોથી મેટિંગ કરાવી નવા સિંહબાળો જન્માવવાનો અને એમ ભારતની શાન અને ઓળખ સમા એશિયાઇ સિંહોની અસલ નસલને જાળવવાનો રાજય સરકારનો આ ખૂબ જ દૂરંદેશભર્યો સફળ પ્રયાસ છે.

જૂનાગઢ વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી જી.યાદય્યાના જણાવ્યા અનુસાર ૩/૧૨/૨૦૧૦થી વાંકાનેરમાં શરૂ થયેલા આ લાયન જીન પુલ બ્રિડીગ સેન્ટરનો હેતુ એશિયાટિક લાયનના પ્યોર જીન્સને લાંબા સમય સુધી જાળવી રાખવાનો છે. આ માટે જંગલમાંથી રેસ્કયુ થયેલ સિંહ/સિંહણને આ જીન-પુલ બ્રિડીગ સેન્ટરમાં રાખવામાં આવેલ છે, જે પ્રયોગ ખૂબ જ સફળ પુરવાર થયેલ છે.

સિંહોની જેમ અહીં એક અલાયદા વિશાળ એન્કલોઝરમાં સ્પોટેડ ડિઅર-ચિત્તલના સંવર્ધનની પણ કામગીરી ચાલી રહી છે. ૨૦૦૮માં ૩૭ ચિત્તલથી જે શરૂઆત થયેલી ત્યાં આજે ૭૧ ચિત્તલ મુકતપણે હરતાં ફરતાં જોઇ શકાય છે.

૨૬૬ પ્રકારની વનસ્પતિઓ અને વૃક્ષોથી આચ્છાદિત અને ૧૨૪ થી વધુ જાતના પક્ષીઓ, સરિસૃપો અને વન્યપ્રાણીઓ તેમજ ૧૦ થી વધુ જાતના કરોળિયા જેવી વન્યસંપદા અને વન્યપ્રાણીસૃષ્ટિથી ભરપૂર એવા આ રામપરા અભયારણ્યની શોભા ચોમાસામાં તેની ચરમસીમાએ હોય છે. શિયાળામાં પાનખર બેસતાં આખું જ અભયારણ્ય સોનેરીરૂપ ધારણ કરે છે. નાની મોટી ટેકરીઓ પરથી અહીં ઠેર ઠેર પાણીના ઝરણા વહે છે, જે વહેતા પાણીનો સંગ્રહ પણ આ અભયારણ્યમાં આવેલા તળાવમાં થાય છે.

લાયન જીન-પુલ બ્રિડીગ સેન્ટર માટે હકીકતમાં આ એક ઉત્તમ સ્થળ છે. એક અર્થમાં વાંકાનેર (રાજકોટ)ના આ રામપુરા વન્ય પ્રાણી અભયારણ્યનું લાયન જીન પુલ બ્રિડીગ સેન્ટર હવે આંતરરાષ્ટ્રીય નકશામાં તેનું સ્થાન અંકિત કરવા જઇ રહ્યું છે જે આપણા સૌ માટે અત્યંત ગૌરવની વાત છે. પ્રજાજનોની સુખાકારી વધારવાના જનકલ્યાણલક્ષી-માનવસૂચકાંકની વૃધ્ધિ ક્ષેત્રે તો ગુજરાત રાજયે ભારે સિધ્ધિ હાંસલ કરી જ છે, કિન્તુ તે સાથે વન્યપ્રાણીઓની સુરક્ષા અને જતન ક્ષેત્રે પણ તે ઘણું અગ્રેસર છે, તે વાંકાનેરના આ લાયન જીન-પુલ બ્રિડીગ સેન્ટરે પુરવાર કર્યુ છે. ■

તસવીરો : કેતન દવે

## નિર્મળ પદયાત્રાનું પ્રસ્થાન



ગાંધીનગર જિલ્લામાં નિર્મળ ઉત્સવનો આરંભ જિલ્લા પ્રભારી અને શિક્ષણ રાજય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે ગાંધીનગર શહેરના ઘ-૫ સર્કલથી 'નિર્મળ પદયાત્રા' ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી કર્યો હતો.

આ પ્રસંગે મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં નિર્મળ ઉત્સવનો આરંભ કરવામાં આવ્યો છે. આ ઉત્સવનો મુખ્ય આશય ગામે ગામ લોકોઓમાં સ્વચ્છતા અંગેની લોક જાગૃતિ કેળવવાનો છે. ગાંધી જયંતીના દિવસે તમામ ગામોમાં એક નાના સમારંભનું આયોજન કરી સમાપન કરવામાં આવશે.

જે ગામમાં પીવાના પાણીની સુવિધા, ભૂગર્ભ ગટર યોજના, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા અને ઘન કચરાના નિકાલની વ્યવસ્થા જેવી સગવડો નથી. તે ગામના સરપંચો ગામમાં આવી સગવડ પૂરી પાડવાની કામગીરી હાથ ધરશે. તો જ તે ગામ સ્વચ્છ અને નિર્મળ ગામ બનશે. આ કાર્યક્રમના અંતે આભાર વિધિ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર. જે .ત્રિવેદીએ



કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી પૂનમભાઇ મકવાણા, જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી સી.આર. ખરસાણ સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં. ■

## અમરેલીમાં ગ્રામસભાઓ યોજાઇ

અમરેલી જિલ્લામાં પાણી, અન્ન પુરવઠો, પંચાયત, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, કાયદો અને વ્યવસ્થા અંગેના લોકોને સ્પર્શતા પ્રશ્નો અંગે ૧૮ તબકકામાં ગ્રામસભાઓનું આયોજન વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું. જેમાં કુલ ૪૧,૨૩૧ જેટલા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૯,૯૩૪ જેટલા પ્રશ્નો ગ્રામસભા દરમિયાન ગ્રામજનો તથા અધિકારીઓની ઉપસ્થિતિમાં જ સ્થળ પર નિરાકરણ લાવવામાં આવ્યા. જયારે ૧૯,૨૮૫ જેટલા પ્રશ્નો જિલ્લાની સંબધિત કચેરીઓ દ્વારા નિકાલ કરતાં કુલ ૩૯,૧૨૯ પ્રશ્નોનો નિકાલ કરી પ્રશંસનીય કામગીરી થયેલ છે.

આ ગ્રામ સભાઓમાં ગ્રામજનો દ્વારા મુખ્યત્વે રસ્તામકાન, પંચાયત, ગ્રામવિકાસ અને શિક્ષણને લગતા પ્રશ્નોનું મહત્ત્વ વધુ રહયું છે. આમ ગ્રામસભા થકી પાયાની સુવિધા અંગે ગ્રામજનો જાગૃત બન્યા છે. ■

## સ્થાયી પરામર્શ સમિતિઓની રચના

ગુજરાતમાં મંત્રીશ્રીઓને વહીવટી ક્ષેત્રમાં નીતિના અમલને લગતી બાબતોમાં વિચાર વિનિયોગ કરવા બે કેબિનેટ કક્ષાના તેમજ સ્વતંત્ર હવાલો ધરાવતા રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અધ્યક્ષપદે કુલ ૧૨ (બાર) પરામર્શ સમિતિઓની રચના કરવામાં આવી છે. જેમાં રાજયના સંસદસભ્યશ્રીઓને પણ આમંત્રિત સભ્ય તરીકે નિમણૂક આપવામાં આવી છે. તમામ પરામર્શ સમિતિ હાલ તુરંત વર્તમાન મંત્રીમંડળની મુદત સુધી કાર્યરત રહેશે. દર ત્રણ મહિને એકવાર અથવા મંત્રીશ્રી નક્કી કરે તે પ્રમાણે આ સમિતિની બેઠક મળશે. મંત્રીશ્રી જે વહીવટી ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય તેમાંની નીતિના અમલ તથા વ્યાપક મહત્ત્વની બાબતોના પ્રશ્નો તેમજ લોકોને લગતા પ્રશ્નો અંગે સમિતિ તેમની સાથે પરામર્શ કરશે. આ સમિતિઓનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે. ■

## ભાવનગર જિલ્લામાં ખેત તલાવડીઓનું નિર્માણ

ચોખ્ખું પીવાનું પાણી તથા સ્વચ્છતા માનવીય આરોગ્યની સુખાકારી માટે અગત્યનાં છે. ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૧થી ૨૦૧૧ના દાયકામાં જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા ₹ ૧૯૧.૨૧ લાખનાં ખર્ચે ૭૭ નવા તળાવોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનાથી અંદાજે ૧૫૦૦ હેકટરમાં સિંચાઇનો આડકતરો લાભ મળી શકે છે. તદઉપરાંત, ૨૦૦૧-૨૦૧૧ના દસ વર્ષોમાં જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા ₹ ૯૭.૭૦ લાખનાં ખર્ચે ૭૫૪ ખેતતલાવડીઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. ■

## નિર્મળ ઉત્સવ ઉજવણી અંતર્ગત પદયાત્રા



પાટણ જિલ્લામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન નિર્મળ ઉત્સવ ઉજવણી અંતર્ગત પદયાત્રા કાર્યક્રમ રેલીને પાટણ ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પ્રાંગણથી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મોહનભાઇ પટેલ, જિલ્લા કલેકટર શ્રી જે.જી.હિંગરાજીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રવિશંકર અને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એમ.એસ.ભરાડાના હસ્તે ફલેગ ઓફ કરીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પદયાત્રા રેલી યુનિવર્સિટીથી બગવાડા, રેલ્વે સ્ટેશન થઇને શહેરના મુખ્ય માર્ગો ઉપર પ્રસ્થાન કરીને ફરી હતી. આ અગાઉ સવારે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પાટણ ખાતેના રંગમંચ ભવન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મોહનભાઇ પટેલે હંમેશા જીવનમાં સ્વચ્છતા અભિયાન અપનાવવા ભારપૂર્વક જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રી જે.જી.હિંગરાજીયા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી રવિશંકરે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન નિર્મળ ઉત્સવ ઉજવણીનું મહત્વ સમજાવીને લોકોને જીવનમાં હંમેશાં સ્વચ્છતા રાખવા અને ગામમાં ઉકરડા દૂર કરીને ગંદકીથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. પ્રારંભમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જીતેન્દ્ર પંડયાએ સ્વાગત પ્રવચનમાં સ્વચ્છતા અભિયાન પદયાત્રાનો ખ્યાલ આપ્યો હતો. જયારે કાર્યક્રમના અંતમાં શ્રી વહીદાબેન કાઝીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ શ્રી મનોજ ઝવેરી, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી પ્રકાશભાઇ પટેલ, પ્રાંત અધિકારી શ્રી ડૉ. ધવલ પટેલ, નાયબ વન સંરક્ષક શ્રી બી.બી.મોદી, નાયબ માહિતી નિયામક શ્રી એલપી.મહેસુરીયા, ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. ■

## કચ્છી અને ખારાઇ ઊંટના સંરક્ષણ માટે ગ્રાન્ટ મંજુર

સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ રાજયમંત્રીશ્રી વાસણભાઇ આહિરના સઘન પ્રયત્નોથી કચ્છના કચ્છી અને ખારાઇ ઊંટના સંરક્ષણ માટે હેલ્થ કેમ્પો આયોજિત કરવા માટેની ગ્રાન્ટ પશુપાલન મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ મંજુર કરી છે.

કચ્છના ઊંટના ચરિયાણ વિસ્તારમાં ઘટાડો થતા અને ફીટોડા અને ખાજી જેવી જીવલેણ બિમારીઓના કારણે કચ્છના ઊંટની નસ્લ વિલુપ્ત થવાની શકયતા છે. ઊંટની નસ્લ લુપ્ત ન થઇ જાય તે માટે કચ્છમાં અલગ અલગ તાલુકાઓમાં ૨૪ કેમ્પો શરૂ કરવા કેમ્પ દીઠ અંદાજિત ₹ ૭૫૦૦૦ જેટલો ખર્ચ થવાનો અંદાજ છે. દાતાઓ અને સરકારશ્રીના સંયુકત ઉપક્રમે કેમ્પોનું આયોજન કરવા સરકારશ્રીએ કુલ ₹ ૭.૨૦ લાખની ગ્રાન્ટ મંજુર કરી છે. તે પૈકી પ્રથમ હપ્તાની રકમ ₹ ૩.૩૦ લાખ ફાળવેલ છે. ■

## ચોટીલામાં આઈ. ટી. આઈ. ના ભૂમિપૂજનનો કાર્યક્રમ

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થાના નવા બંધાનારા મકાનનો ભૂમિપૂજનનો કાર્યક્રમ રાજયના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી અને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી વજુભાઈ વાળાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી શ્રી વજુભાઈ વાળાએ જણાવ્યું હતુ કે, રાજયમાં આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ દ્વારા ઉદ્યોગોને જે પ્રકારના નિપુણ કારીગરોની જરૂરીયાત પડે છે, તે પ્રકારની તાલીમ આપી કૌશલ્યપૂર્ણ કારીગરો તૈયાર કરવાનું સંનિષ્ઠ કાર્ય થઈ રહયું છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, કોઈપણ કાર્યમાં નિપુણતા જ વ્યકિતને આર્થિક રીતે સક્ષમ બનાવે છે, તેને ધ્યાને લઈને રાજય સરકાર દ્વારા ગુજરાતની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ સુવિધાપૂર્ણની સાથે આધુનિક બને તે માટેનું કાર્ય કરવામાં આવ્યું છે.

મંત્રીશ્રી વાળાએ આ તકે રાજયમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે હાથ ધરાયેલા અભિયાનનો ઉલ્લેખ કરતાં ઉમેર્યુ હતુ કે, રાજયની પ્રત્યેક દિકરીઓ શિક્ષિત બને તે માટે મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી નિધિ દ્વારા સમાજની દિકરીઓ માટે મહાયજ્ઞ આરંભ્યો છે, ત્યારે પ્રત્યેક સમાજના લોકોએ પણ તેમની દિકરીઓને પેટે પાટા બાંધીને પણ ભણાવવી પડશે. આ કાર્યક્રમમાં ચોટીલાના ધારાસભ્ય શ્રી ભરતભાઈ ખોરાણી તથા રોજગાર અને તાલીમ વિભાગના સૌરાષ્ટ્ર કચ્છના નાયબ નિયામક શ્રી એસ. એ. પાંડવે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચોટીલા ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થાના નવા મકાનનું નિર્માણ ૭૦૮૦ ચો. મીટર જમીન ઉપર અંદાજીત રૂપિયા ૩ કરોડના ખર્ચે થનાર છે. આ પ્રસંગે ચોટીલા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી આંબાભાઈ સહિત અધિકારી પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા. ■

# વડોદરામાં બે ફલાયઓવર બ્રિજનું લોકાર્પણ

વાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીની છે. ગુજરાતની જનતાની સેવા કરવાના એકમાત્ર સંકલ્પ સાથે સૌનો સાથ અને સૌનો વિકાસના મંત્ર સાથે વિકાસયાત્રા અવિરત આગળ ધપાવી રહયા છે. એના કારણે તેમને ગમે એટલું સહન કરવાનું આવે પણ જનતાની એકેએક સમસ્યાનું સમાધાન કરીને ગુજરાતના વિકાસને દુનિયામાં ગૂંજતો કરવો એમનું સપનું છે.




મુખ્યમંત્રી શહેરી વિકાસ સ્વર્ણિમ જયંતી યોજના અન્વયે વડોદરાની જનતાને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ₹ ૪૦.૭૦ કરોડના ખર્ચે નવનિર્મિત બે રેલવે ઓવરબ્રિજ જેતલપુર સ્વામીવિવેકાનંદ રેલવે ઓવર બ્રીજ અને ફિલ્ડ માર્શલ શામ માણેકશા નવા યાર્ડ ઓવરબ્રિજ સમર્પિત કર્યો હતો. આ ઉપરાંત શહેરની આધુનિક માર્ગ પરિવહન સુવિધાના આયોજનરૂપે અમીતનગર ઊર્મિ સ્કૂલ - સમા અને હરિનગર ગોત્રીના ફલાય ઓવરબ્રિજના તથા સયાજીપુરા ઓવરહેડ પાણીની ટાંકીના કામોના ખાતમુહૂર્ત પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સંપન્ન થયા હતા. આમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વડોદરાના નગરજનોને ₹ ૧૪૦ કરોડની કુલ વિકાસ સુવિધાઓ ઉપલબ્ધ થવાની છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૦૧ પહેલા તો શહેરી ગરીબીની સ્થિતિની સમજ જ નહોતી અને શહેરી ગરીબોની આરોગ્યની દુર્દશા વિશે કોઇએ વિચાર્યું હતું પણ નહોતું આ સરકારે અગાઉ આઝાદી પછીના ૫૦ વર્ષોમાં જેટલા આવાસો ગરીબોને નથી મળ્યા એના કરતા પણ વધારે, સવાલાખ પાકા આવાસો શહેરી ગરીબોને આપી દીધા. બીજા ૬૦ હજાર તૈયાર થઇ રહયા છે. શહેરી ગરીબ પરિવારોના યુવાનોને કૌશલ્ય નિર્માણની તાલીમ આપીને સવા લાખ ગરીબ યુવાનોને ઉમ્મિદ કાર્યક્રમ દ્વારા રોજી મેળવતા કરી દીધા, અને આઇટીઆઇમાં તાલીમ મેળવેલા ૧૨૯ યુવાનો તો વિદેશમાં રોજગાર મેળવી સ્થાયી થયા છે.



સૌનો સાથ અને સૌના વિકાસના મંત્રોને લઇને નીકળ્યો છું અને ચારે તરફ જય જય ગરવી ગુજરાતનો નાદ દુનિયામાં ગૂંજતો થાય એ દિશામાં આ સરકાર આગળ વધી રહી છે આ માટે મને જનતાના આશીર્વાદ મળી રહેવાના છે એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની સાથોસાથ આઠ લાખ હેક્ટર ખેતી લાયક વાવેતર વિસ્તાર વધારીને દુનિયામાં જોટો નહીં જડે એવો ઉદ્યોગોની સાથે કૃષિનો વિકાસ કરનારું દુનિયામાં એકમાત્ર ગુજરાત છે.

શહેરી વિકાસમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસના ₹ ૭૦૦ કરોડના બજેટ ઉપરાંત સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના દ્વારા ₹ સાત હજાર કરોડ ફાળવીને ગુજરાતના શહેરોને સુવિધાજનક અને ભવ્ય બનાવવાનું આયોજન કર્યું છે. રાજ્ય સરકારના ₹ ૨૦૦ કરોડના અનુદાનમાંથી વિકાસ કામોના આયોજન અને અમલીકરણ માટે ટીમ વડોદરાને અભિનંદન પાઠવ્યા હતા.

મહાનગર સેવા સદનના મેયર ડૉ. જયોતિ પંડયાએ સ્વાગત કરવાની સાથે અંદાજે ₹ ૧૩૦ કરોડની કિંમતના થયેલા ને થનારા વિકાસ કામોની રૂપરેખા આપી હતી.

વિકાસના આ લોકોત્સવમાં પ્રવાસન રાજય મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ સુખડિયા, સાંસદ શ્રી બાળકૃષ્ણ શુકલ, સંસદિય સચિવ શ્રી યોગેશભાઇ પટેલ, ધારાસભ્યો સર્વશ્રી ભૂપેન્દ્રભાઇ લાખાવાળા, ઉપેન્દ્રસિંહજી ગોહિલ, વુડા અધ્યક્ષ શ્રી નારણભાઇ પટેલ, શ્રી ભરતભાઇ ડાંગર, નાયબ મેયર શ્રી અરવિંદભાઇ પટેલ, શ્રી શબ્દશરણ બ્રહ્મભટ સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જોરાવરસિંહ જાદવ

# લોકસંસ્કૃતિનું ઉપસ્કરણ : ઢીંચણિયું

ગુજરાતમાં, વિશેષતઃ કચ્છ અને સૌરાષ્ટ્રમાં વસતી લોકજાતિઓ કેટલી ખુસનશીબ છે! એમની પાસે લોકસંસ્કૃતિની ભાતીગળ અને ભવ્યાતિભવ્ય વિરાસતનો વૈભવવંતો વારસો છે. એનો જોટો જગતભરમાં આજેય જડવો મુશ્કેલ છે. પ્રકૃતિની ગોદમાં પાંગરેલા લોકજીવન અને લોક સંસ્કૃતિ પાસે લોક બોલીનોય એવો સમૃધ્ધ વારસો છે. ગ્રામજીવનમાં વપરાતી ચીજ જણસોને ઉપકરણોનાં તળપદાં નામો લોકસંસ્કૃતિના પરિચાયકુ છે, એટલું જ નહીં પણ એ શબ્દોમાં સામર્થ્ય અને નીજી સૌંદર્ય પણ છે. યંત્રયુગની આંધીમાં અને વિકાસની હરણફાળમાં ઉડઉડ કરવા માંડેલા આપણા લોકજીવને લોકસંસ્કૃતિના કિંમતી કણસમાં કેટકેટલા ઉપસ્કરણો આજે ખોઇ નાખ્યાં છે ? આવો હું તમને છ એક દાયકા પૂર્વેના અતીતમાં આંટો મારવા લઇ જાઉં.

એ કાળે મારા બાપુનું આકરું ગામનું મોભાવાળું ખોરડું. એમનો રોટલો માટો. આબરૂ મોટી એટલે અમારી ડેલી કાયમ ડાયરામલો અને મહેમાનોથી હાંફતી રહેતી. મને બરોબર યાદ છે. એક દિવસ જમવા બેસી ગયેલા. ભાણાં પીરસાઇ ગયાં. સૌએ જમવા ઉપર ઝપટ બોલાવી. ઇ વખતે અમારા મશ્કરા કાકા ખોડુંભાઇ મુખી મેંમાન તરફ ફરી, ઠાવકુ મોં કરી હળવેક રહીને કહેઃ

"ઢીંચણિયું આપે ?"

મહેમાન ઘડીક તો મુંઝાઇ પડ્યા. મીઠાઇ હશે એવું સમજીને મરક મરક હસીને કહેઃ

"અડધું આપો. પછી ભાવશે તો વધુ લઇશ?"

તે દિં મહેમાનોનો આખો ડાયરો ખખડીને અવળો થઇ ગયેલો. આજેય એમનું ઓઠું દેવાય છે. આ ઢીચણિયાં તો આજે વિસરાઇ ગયાં છે.

આપણા જાજરમાન લોકજીવનમાં જમવાનો પણ એક આગવો સંસ્કાર છે. એની સાથે આયુર્વેદની ઊંડી સમજણ પણ સંકળાયેલી છે. રાજપૂત કાઠી-દરબારોનો એક આગવો ઠાઠ અને ઠસ્સો હતો. તેઓ જમવા બેસે ત્યારે ઢીંચણિયું ખાસ અપવામાં આવતું.

> *ભોજન વેળાએ ઢીંચણિયું વાપરવા પાછળ લોકજીવનની વૈજ્ઞાનીક સૂઝ પહેલી જોઇ શકાય છે. ઢીંચણીયું જમણા પગના ઢીંચણ નીચે દબાવો તો ડાબી નાડી ચાલે અને ડાબે દબાવો તો જમણી નાડ ચાલે. આ નાડી સૂર્ય અને ચંદ્રની નાડી કહેવાય છે. લાડવા, રોટલી, ભાખરી ખાઇએ ત્યારે સૂર્ય નાડી ચાલે તો જલદી પાચન થાય છે. જ્યારે જ્યુસ, દૂધ જેવા પેય પદાર્થો લઇએ ત્યારે ચંદ્રનાડી ચાલે તે જરૂરી છે, એટલે ખોરાકને ધ્યાનમાં લઇ ઢીંચણીયું ડાબા કે જમણા પગ નીચે મૂકાય છે.*

આ ઢિંચણિયું એટલે જમવા બેસતાં ઢીચણતળે રાખવામાં આવતું ટેકણ, ઘૂંટણિયું. એ લાકડા અને ધાતુ બંનેમાંથી બને છે. એના પરથી એક કહેવત પ્રચલિત બની છે. 'ઢીંચણિયા ઢાળવાં' અર્થાત્ કોઇને પોતાની રમતમાં ફસાવી ખાડામાં ઉતારી દેવા.

કાઠી દરબારો અને રાજ રજવાડાઓમાં મહેમાનો જમવા બેસે ત્યારે આંકોલિયા (શીમળા)ના રૂની ચાકળીઓ નંખાય. વાઘ નખના પાયાવાળા બાજોઠિયા ઢળાય. પડખે કાંસાની તાંસળિયો રાખવાની પાંદડીયાળી પડઘી(સ્ટેન્ડ) મૂકાય. બાજઠ ફરતા ચાર જણ જમવા બેસે. એમને ઢીંચણિયાં અપાય. રૂપાની ઘૂઘરિયું ટાંકેલો, રેશમી રૂમાલિયો ઢાંકેલો બાજરાના રોટલા સાથેનો ભર્યા ભોજનનો થાળ આવે. પછી જમનાર મહેમાનો પગ નીચે ઢીંચણીયું દબાવી જમવાનું શરૂ કરે. આ ઢીંચણીયા આપણા વડવાઓની કોઠાસૂઝની વાત કહી જાય છે. ઢીંચણિયા માથે વાળેલા પગનો ઢીંચણ ટેકાવો એટલે હોજરીનો થોડાક ભાગ દબાયેલો રહેવાને કારણે ઉણોદર રહી શકાય. ભરપેટે ખાનારને બદલે ઉણોદર રહેનારને ત્યાં માંદગીને રોગો આવીને ભાગ્યે જ મુકામ માંડે છે.

અમારા સ્નેહી કાઠી દરબાર જીલુભાઇ ખાચર એનાથી આગળ જઇ વધુ રસપ્રદ વાત માંડે છે. ભોજન વેળાએ ઢીંચણિયું વાપરવા પાછળ લોકજીવનની વૈજ્ઞાનીક સૂઝ પહેલી જોઇ શકાય છે. ઢીંચણીયું જમણા પગના ઢીંચણ નીચે દબાવો તો ડાબી નાડી ચાલે અને ડાબે દબાવો તો જમણી નાડ ચાલે. આ નાડી સૂર્ય અને ચંદ્રની નાડી કહેવાય છે. લાડવા, રોટલી, ભાખરી ખાઇએ ત્યારે સૂર્ય નાડી ચાલે તો જલદી પાચન થાય છે. જ્યારે જ્યુસ, દૂધ જેવા પેય પદાર્થો લઇએ ત્યારે ચંદ્રનાડી ચાલે તે જરૂરી છે, એટલે ખોરાકને ધ્યાનમાં લઇ ઢીંચણીયું ડાબા કે જમણા પગ નીચે મૂકાય છે. કેવી અદ્‌ભૂત વાત છે. આરોગ્ય અંગે આવી વૈજ્ઞાનિક રીતોને જાણનાર માણસ ભાગ્યે જ માંદો પડે છે. લોકજીવનની આ અનોખી દેણગી છે. ■

# ધરોઈ ડાબા કાંઠા કેનાલ ઉદ્‌વહન યોજના ઈડર-વડાલીની હજારો હેક્ટર જમીન નવપલ્લવિત થઈ

હવે ઈડર-વડાલીનાં ૩૦ ગામનાં લોકો અને ખેડૂતો માટે દુઃખનાં દિવસો પુરા થયા છે. ખેડૂતોની પાણી માટેની વર્ષો જૂની લાગણી અને માંગણી સંતોષાઈ છે. વર્તમાન રાજ્ય સરકારે લોકસમર્થન અને લોકભાગીદારી દ્વારા વિકાસની નવી વિભાવના બનાવી છે. જેમાં નાગરિકોને જરૂરિયાત સમજીને વિકાસનાં કાર્યો કરવામાં આવે છે. તાજેતરમાં ઈડર-વડાલી જેવા કાયમી પાણીની અછતથી પીડાતા તાલુકાનાં ૩૦ ગામોની હજારો હેક્ટર જમીનોને પાણી પહોચાડીને નવપલ્લવિત કરવામાં આવી છે.

વડાલી તાલુકાથી અંદાજે ૧૮ કિલોમીટર દૂર આવેલા ધરોઈ જળાશય નજીક હોવા છતાં જમીન તરસી રહેતી હતી.





વર્તમાન રાજ્ય સરકાર ધરતીપુત્રોની વ્હારે આવીને ₹ ૯૯ કરોડનાં માતબર ખર્ચે પાણી ખેંચી લાવી છે. ₹ ૯૯ કરોડનાં ખર્ચે કોબા ધરોલ ઉદ્‌વહન સિંચાઈ યોજના આકાર પામી છે. જેમાં ૧૩ માઈનોર કેનાલ દ્વારા વડાલી તાલુકાનાં ૨૦ તળાવો અને ઈડર તાલુકાનાં ૨ તળાવોને પાણીથી ભરવામાં આવશે. જેને લઈ ૧૪ હજાર હેક્ટર જમીનને પિયતનો લાભ મળતો થયો છે.

ઈડર અને વડાલી કાયમી પાણીની અછત ધરાવતા વિસ્તારમાં આવે છે. અહીંની ખેતી વરસાદ પર આધારીત છે. જે વર્ષે વરસાદ ઓછો પડ્યો હોય ત્યારે ખેડૂતોને ખૂબ મુશ્કેલી પડતી હતી. આ સમસ્યાનો એક જ ઉકેલ હતો, ધરોઈમાંથી પાણી પુરૂ પાડવું. હાલ, ધરોઈ ડેમનો ઉપયોગ ઉત્તર ગુજરાત માટે કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. તેથી રાજ્ય સરકારે ઈડર-વડાલીને ધરોઈની ડાબા કાંઠામાંથી પિયત માટે પાણી આપવાની યોજનાને મંજૂર કરી.

સાબરકાંઠા જિલ્લાના ધરતીપુત્રો માટે આશાના કિરણ સમાન ધરોઇ ડાબાકાંઠાના પિયત વિસ્તારમાં સિંચાઈની માટેના પૂરતી માળખાકીય સુવિધાને અવલોકતા શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યુ હતુ કે અગાઉ નહેરના ૧૨,૯૮૦ હેક્ટર વિસ્તાર પૈકી ૫,૦૦૦ હેક્ટરમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ હોવા છતા નહેર દ્વારા પાણી પહોચી શકાતુ નથી જેથી ધરોઇ ડાબાકાંઠાની નહેરોનુ આધુનિકરણ, સુધારણા, વિસ્તૃતિકરણ અને મરામત માટે રાજ્ય સરકાર દ્વારા ₹ ૫૩૦.૧૪ લાખની ફાળવણી કરવામાં આવી છે. જેને લઇ છેવાડા વિસ્તારની નાની નહેરોના અસ્તરકામ, માટીકામ, આઉટલેટ દરવાજાનુ કામ હાથ ધરતા પાણીનો વ્યય ઘટતા ધરોઇ ડાબાકાંઠાના મુખ્ય નહેરના અંતરિયાળ અને છેવાડાના ૫,૦૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં પાણી પહોચાડી શકાશે. આ પ્રસંગે શ્રી વોરાએ ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરી, તેનાથી મળતાં વિશેષ લાભનો ફાયદો ઉઠાવવા ખેડૂતોને અપીલ કરી હતી. તેમણે ઉદવહન સિંચાઇ યોજનામાંથી છોડવામાં આવેલા પાણીથી ભરાયેલા કુબાધરોલ, મોરડ, ધામડી, ગામડી અને હાથરવા ગામના તળાવની મુલાકાત લીધી હતી.

ઈડર તાલુકાના સુંદરપુર, ફલાસણ, પાતળીયા, સુદ્રાસણ, માઢવા, જાલિયા, ભિલવંડા, આરસોડીયા, એકલારા, દાવડ અને ભાવનગર ગામની ૩,૦૦૦ હેક્ટર જમીન વિસ્તાર અને વડાલી તાલુકાના કુબાધરોલ, મોરડ, ધામડી, વાડોઠ, માલપુર, હાફરવા, ગામડી, કંજેલી, કોદરેલી, ભંડવાલ, અસઈ, વડાલી, દાંતરોલી, ભવાનગઢ, રહેડા, હિંમતપુર, જામરેલા, રામપુર અને ફુદેડા ગામની ૪૦૦ હેક્ટર જમીન વિસ્તારને પિયતનો લાભ મળશે. ઉપરાત ૧૩ માઈનોર કેનાલ દ્વારા વડાલી તાલુકાના ૨૦ તળાવો, જયારે ઇડર તાલુકાના રાણી તળાવ અને સાબલવાડ તળાવ ભરવામાં આવશે. આમ પુરેપુરા ૧૪ હજાર હેક્ટર કમાન્ડ વિસ્તારમાં સિંચાઇ વ્યવસ્થા સુદ્રઢ બનશે.

આ પ્રસંગે જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તખતસિંહ હડિયોલ, માર્કેટ યાર્ડના પ્રમુખ જયંતિભાઇ પટેલ,કિસાન સંઘના પ્રમુખ, સિંચાઇ વિભાગના અધિક્ષક ઇજનેર પી.સી. વ્યાસ, કાર્યપાલક ઇજનેર દિવાનજી ઠાકોર સહિત અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. ■

# ખેડબ્રહમા તાલુકામાં નવીન એ.ટી.એમ. સેન્ટરનું લોકાર્પણ

આદિજાતિ વિકાસ રાજય મંત્રીશ્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું છે કે, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતીના પરિવારોને સંસ્થાકીય ધિરાણ સુવિધા સુરક્ષા પુરી પાડીને તેમના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર કટિબધ છે. ઉપરાંત આદિજાતિ લોકો સ્થાનિક કક્ષાએ નાણાંકીય વ્યવહાર કરી શકે તે માટે દરેક કલસ્ટરમાં એ.ટી.એમ. સુવિધા શરૂ કરાશે. આ હેતુથી રાજયના સાબરકાંઠા, નર્મદા,સુરત અને વલસાડ એમ ચાર જિલ્લાઓમાં દેના બેંક અને આઇ.ડી.બી.આઇ. બેંક દ્વારા આ પ્રોજેકટ હાથ ધરાનાર છે એમ તેમણે ઉમેર્યુ હતુ.



મંત્રીશ્રીએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ટેકનોલૉજી બેઇઝ ફાઇનાન્સિયલ ઇન્કલ્યુકનિ પ્રોજેકટ અંતર્ગત ખેડબ્રહમા તાલુકાના આગીયા તથા પોશીના ખાતે નવીન એ.ટી.એમ. સેન્ટરનું લોકાર્પણ કર્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે દેના બેંકની આધાર યોજના અંતર્ગત ઉપરોકત જિલ્લાના તાલુકામાં દરેક પરિવારના બેંક ખાતા ખોલી તેમને ડેબીટ કાર્ડ અપાશે. જેથી ખાતેદાર તેમના નાણાંકીય વ્યવહાર સ્થાનિક કક્ષાએ કરી શકે. દેના બેંક/આઇ.ડી.બી.આઇ. બેંક દ્વારા દરેક ખાતેદારને ₹૨,૦૦૦/.સુધીના ધિરાણ માટેની કેશ ક્રેડીટ મર્યાદા અપાશે. જેથી ખાતેદાર તાત્કાલિક જરૂરીયાત મુજબના નાણાં એ. ટી.એમથી ઉપાડી શકશે. આ પ્રોજેકટ હેઠળ તાલુકાદીઠ ૧૦ A.T.M. મશીન મૂકવામાં આવશે. જિલ્લા પ્રશાસન તરફથી નરેગા ફંડના નાણાં તથા સરકારની વિવિધ યોજનાઓ હેઠળ મળતી નાણાંકીય સહાય લાભાર્થીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે આદિજાતી પરિવારોને ઘર-આંગણે જ આ સુવિધા મળી રહે તે માટે રાજય સરકારે આ પ્રોજેકટરને સુધ્ધ બનાવ્યો છે. અને જયાં મહત્તમ લોકોની અવર-જવર હોય તેવા સ્થળોએ એ.ટી.એમ. મશીન મુકાશે.

આ પ્રસંગે વિભાગના ઉચ્ચ અધિકારીઓ,જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા. ■

# ગુજરાત પાસે આપત્તિ સામે સુરક્ષા મેળવવાની આગવી જાણકારી છે

ઇન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયર્સ ગુજરાત સ્ટેટ સેંન્ટર દ્વારા ૪૪ મા એન્જીનીયર્સ ડે ની ઉજવણી પ્રસંગે સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજીગ ડિરેકટર શ્રી એસ.જગદીશે જણાવ્યું હતું કે રાજયમા પાછલા વર્ષોમા આવેલ ભુકંપ, પુર અને રોગચાળો અને અન્ય હેનારતોને નાથવાની જે ગુજરાતે કામગીરી કરેલ છે તેનાથી એક ખાસ અનુભવ મળ્યો છે અને જે અન્ય રાજયો માટે એક અભ્યાસ બની રહેલ છે.




આ પ્રસંગે માહીતી કમિશ્નર શ્રી વી. થીરુપુગલે જણાવ્યું હતુ કે સામાન્ય રીતે આપણે આપત્તિ વિષે જાણતા હોવા છતાં અગમ્ય કારણોસર બેદરકારી બતાવીએ છીએ અને નુકશાની ભોગવીએ છીએ જેમકે સમગ્ર દેશમા સૌથી વધુ મૃત્યુ વાહન ચલાવતી વખતે હેલમેટ ન પહેરવાથી કે સીટ બેલ્ટ ન બાંધવાથી કે વધારે સ્પીડ અને ઓવર ટેક કરવાથી થાય છે જો આ ટ્રાફિકના નિયમોનુ આપણે પાલન કરીએ તો મોટી ખુવારી અટકાવી શકાય તેમ છે. તેમને સલામતી અને થયેલ ખુવારીને પહોંચી વળવા વિમા કવચ હેઠળ સૌ કોઇ ને આવરી લેવાય તે બાબત ઉપર ભાર મુકયો હતો.

અત્રે ઉલ્લીખનીય છે કે ૧૫ મી સપ્ટેમ્બર ભારતના એન્જીનીયર્સ માટે યાદગાર દિવસ છે કારણ કે આજથી ૧૫૦ વર્ષ પહેલા ભારત રત્ન એવોર્ડ વિજેતા શ્રી એમ.વિશ્વેશ્વરૈયા નો જન્મ થયેલ હતો જેઓએ ભારતના ઇજનેરી ફિલ્ડમા એક નમૂનારૂપ યોગદાન આપ્યું હતું અને તેમના જન્મ દિવસ ૧૫ સપ્ટેમ્બર ને દર વર્ષે એન્જીનીયર્સ ડે તરીકે ઉજવાય છે.

આ પ્રસંગે ઇન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયર્સ ગુજરાત સ્ટેટ સેન્ટર દ્વારા ૪૪ મા એન્જીનીયર્સ ડે ની ઉજવણી કરવામા આવી હતી જેમા એંજીનીયર્સ પ્રીપઇડનેશ ફોર ડીઝાસ્ટર મીટીગેશન ઉપર આપત્તિ સમયે જરૂરી સુવ્યવસ્થાપણ ઉપર નિષ્ણાતોએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા આ પ્રસંગે સંસ્થાના વડા કે. જે. દેસાઇએ સ્વાગત પ્રવચનમા સંસ્થાની વિગતો આપી હતી. ■

વૈદ્ય પારુલ જોશી

# "ગુજરાતનો વનસ્પતિ વૈભવ"
# વૈદ્ય(ચક્રમર્દ) ફક્ત ચામડીના રોગોનો દુશ્મન નથી...


દીપાબેનના ભોલુને શાળાના પ્રવાસ પછી આખા શરીરે ખંજવાળ ઉપડી. શરીર આખું ખંજવાળી નાંખ્યું. ચામડી તતડી ગઇ. અડતાં ગરમ લાગે. બે કલાકમાં તો ચામડી પર ગોળ ગોળ ડીઝાઇન ઉપસી આવી. આંખ લાલ, છોકરો ખાય નહીં. પાણી માંગે નહીં. વાત પણ કરે નહી. બસ આખા શરીરે ગાંડાની જેમ ખંજવાળ્યા કરે. ઘડીકમાં ચમચીથી ખંજવાળે, કાતર ચપ્પુ જે આવે તે લઇ ખંજવાળ્યા કરે. તે લઇ લેતા ચૂનો લગાવેલી દીવાલ પર તો ઘડીકમાં બારણાની કિનાર. દીપાબેન તો ગભરાઇ ગયા. આ શું થયું છે ? દોડતા પડોશમાં રહેતા ભલાકાકાને બોલાવી લાવ્યા. ભલાકાકા આંગણામાં પ્રવેશતા જ ભોલુને જોઇ પરત ફરી ગયા. દીપાબેને માન્યું આમાં કશું થઇ નહી શકે અને ભેંકડો મૂક્યો.

થોડીવારમાં ભલાકાકા પાછા આવ્યા. આ વખતે તેમના હાથમાં વાટકો હતો. વાટકામાં પાનની લીલી ચટણી હતી. ભોલુને શાંત પાડી, સમજાવી બેસાડ્યો. બે ચમચા જેટલી આ ચટણી તેને પાણી સાથે પાઇ પછી બાકી વધેલીને ધીરે ધીરે આખા શરીર પર લગાવતા ગયા. જ્યાં કોરું પડે ત્યાં ફરી ચટણી લગાવે. અડધા કલાકમાં ભોલુ બેઠો બેઠો સૂઇ ગયો.

"પણ આ છે શું ?" " ચાલ મારી સાથે તને બતાવું". ફળીયાની બહાર ખુલ્લી જમીન પર ચારેક ફૂટ ઉંચા ગોળાઇ લેતા લીલા પાન અને પીળા ફૂલવાળા અનેક છોડ હતા. " અરે કાકા, આ તો જંગલી છોડ છે. વળી મને ભોલુ જેવું થઇ જશે."

"અરે બેટા, આજ તો દવા છે. તું બરાબર સમજી લે. ચોમાસુ અને પછીની ગરમી એટલે શરદઋતુ. તે દેવ દિવાળી સુધી ચાલે. આ સમયમાં ચામડી પર વિવિધ જીવાણુઓ, ફુગનો હુમલો થતો હોય છે. જે નબળા હોય તેમને તરત ધ્રામકા, ખસ, ખુજલી ઉઠે છે. આ ચામડીનો ચેપ કહેવાય. આ છોડને કાવરીયો કહે છે. સંસ્કૃતમાં ચક્રમર્દ, દદ્રુધી, પ્રપુન્નાડ, મેષલોચન, ચક્રી કહે છે. અંગ્રેજીમાં Feticl Cassia, ચાઇનીઝમાં Jue mingzi, લેટીનમાં Cassia Tora ફળ કહે છે. Caesal Piniaceae. તેના ગુણને લીધે અંગ્રેજીમાં તેને Ringwirm destroyer અથવા Ringworm Plant પણ કહે છે જે આપણા સંસ્કૃતનામ ચક્રમર્દ જેવું છે. હવે આ છોડને જો."

'અરે! સાવ સરખો લાગે છે પણ પાંદડા થોડા વધારે ઘેરા છે ને!' "ના, એ સિવાય પાન અને ફુલની પાંદડી અણીયાળી છે. એ



કારમર્દ(કાસોંદરો) છે. તે થોડો વધારે ઊંચો થાય છે.તેની શીંગો વધારે લાંબી છે. તે ઉધરસ અને ફેફસાંની તકલીફો પર વધારે અસર કરે છે. પણ તું અત્યારે આ ચક્રમર્દને સમજી લે."

"ચોમાસામાં ઉગતો આ છોડ દીવાળી પર ફળે છે અને ઉત્તરાયણથી હોળી સુધીમાં સૂકાઇ જાય છે. ખુલ્લી જગ્યા, રસ્તાની કિનાર પર ઉગી નીકળે છે." કૂમળા પાનને તોડી, ધોઇ તેનું શાક બનાવાય છે. ભજીયા, થેપલા, પુડલા પણ બનાવાય . સ્વાદમાં તો સારા છે, પૌષ્ટિક અને રોગહર પણ છે.

પાનની ચટણી બનાવવી. ૧૬૦ગ્રામ ચટણીમાં ૪૦ગ્રામ એરંડીયું(રીફાઇન્ડ નહીં.) ઉમેરી ધીમી આંચે સીઝવવું. તેલ પર પાન તરવા લાગે એટલે થોડા લઇ વાટ બનાવી ચૂલામાં મૂકતા અવાજ વગર દીવાની જેમ જ્યોત પ્રગટે એટલે નીચે ઉતારી, ગાળી કાચની બાટલીમાં ભરી લેવું. વાસ મારતા ઘાવ પર લગાવવાથી તે ભરાય છે અને સોજો ઉતરે છે.

પાનની ચટણી પાણી સાથે એક ચમચી સવાર સાંજ લેવાથી ચામડીના રોગો, માથાનો ખોડો, જૂની કબજીયાત, ઉધરસ, તાવ, મસા અને હીપેટાઇટીસ પણ દૂર કરે છે.

"શાંતિ રાખ બેટા, આ છોડમાં કડવાશ છે. તેના પાનમાં ગ્લુકોસાઇડ, કોરોટીન, એસકોર્બિક એસીડ, એલોઇનોડીન, ઇમોડીન જેવા તત્ત્વો છે. પાકા પાનમાં ફુગ પ્રતિરોધક તત્વો છે. લોહીમાં રહેલી ખરાબ ચરબી ઘટાડી વજન ઘટાડે છે. લોહીનું શોધન કરે છે, રક્તભારને કુદરતી કરે છે. રક્તપરિભ્રમણ સુધરવા સાથે કબજીયાત દૂર કરે છે. આ ગુણોને લીધે તે યાકૃતિકોષોને પુનઃજીવિત કરી યકૃત પ્રક્રિયાને ચાલુ કરે છે. આ રીતે તે હીપેટાઇટીસ તો દૂર કરે છે તેની આડઅસરરૂપ કેન્સર પ્રતિબંધક છે. આ ફક્ત ભારતીય ગ્રંથો નહીં વિશ્વમાં ચાલી રહેલા વિવિધ સંશોધનોનું તારણ છે."

તેના પાન અને બીને વાટી આ રીતે ચટણી ખાવાથી માથાનો દુઃખાવો, ઉધરસ, તાવ મટે છે. ગરમ પાણી સાથે લેતા ગળા અને ફેફસામાં જમા થયેલો કફ છૂટો પાડે છે. જેથી શ્વાસ કષ્ટ દૂર થાય છે.

બી ને વાટી ચા કે કોફીની જેમ ફક્ત ચીનમાં નહીં આપણા આદિવાસી મિત્રો પણ પીએ છે. બી માથાનો દુઃખાવો, આંખના રોગો ખાસ કરીને દૃષ્ટિમાંદ્ય, આંખ દુઃખવી, પ્રકાશ સહન ન થવો, આંખની રતાશમાં ઉપયોગી છે. વધારે તીવ્ર વેદનામાં તાજા બી ને વાટી તેની ચટણી બંધ આંખો પર મૂકવી. પાણીમાં બી ને લસોટી વાપરવાની. ચક્રમર્દમાં રહેલા સક્રીય તત્વો જલવિલેય છે. "બસ કાકા, આટલું ઘણું. માની ગઇ કે મારા આંગણામાં જ સોનું છે." ■

રાજ જેઠવા

# માતાનું ધાવણ જ નવજાત શિશુ માટે શ્રેષ્ઠ આહાર

ઘણી વખત વિકાસ અને આધુનિકતાની બીજી બાજુ પણ હોય છે, જે કેટલીક વખત અવનવી સમસ્યાઓ સર્જતી હોય છે. નારી વિકાસ, મહિલા શિક્ષણના વ્યાપમાં વધારો અને રોજગારી વ્યવસાયમાં મહિલાઓના યોગદાનનાં કારણે મહિલાઓની અન્યત્ર વ્યસ્તતા ઘણી વખત તેની માતૃત્વની ફરજો પ્રત્યે બેદરકાર બનાવે છે. જેનું દૃષ્ટાંત નવજાત શિશૂને માતાના ધાવણથી વંચિત રાખીને તેને બોટલ કે કોથળીના દૂધ તેમજ બજારમાં મળતાં પોષક દ્રવ્યો આધારિત બનાવી દેવાની વિસ્તરતી જતી મનોવૃતિ છે. આ મનોવૃત્તિને કારણે માતા જાણે અજાણે જ પોતાના બાળકનું અહિત કરી બેસતી હોય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ અનેક સંશોધનોના અંતે એવું પ્રતિપાદિત કર્યું છે કે, જન્મના પ્રથમ છ માસ દરમિયાન માતાનું ધાવણ માત્ર શ્રેષ્ઠ પોષણ જ નથી પરંતુ અનેક વાયરસ અને બેક્ટેરીયા જેવા ચેપો સામે અભેદ સુરક્ષા કવચ પણ છે. આ બાબતને યાદ કરાવવાના આશયથી દર વર્ષે પહેલી ઓગષ્ટના રોજ વિશ્વ સ્તનપાન દિનની ઉજવણી કરવામાં આવે છે.

વિશ્વ સ્તનપાન દિનની ઉજવણીનો ઉદેશ્ય પણ શિશુને સ્તનપાન કરાવવાની જરૂરિયાત અને તેના અભાવે બાળકોમાં રહી જતી ઉણપો પ્રત્યે મહિલાઓને જાગૃત કરવાનો છે. બાળકને જન્મ આપવા જેમ રોજીંદી પ્રવૃતિ કે વ્યવસાયમાંથી અવકાશ લેવો પડે છે, તેવી જ રીતે નવજાત શિશૂને શકય હોય તેટલો વધુ સમય માતાએ સ્તનપાન માટે ફાળવવો જોઇએ. આયુર્વેદ, આરોગ્યક્ષેત્રના નિષ્ણાંતો અને આધુનિક વિજ્ઞાન પણ માતાના ધાવણને શ્રેષ્ઠ ગણાવે છે. કારણ કે, માતાનું દુધ બાળકને માતાને આપવામાં આવેલા તમામ પોષક તત્વો સીધા જ બાળકને મળે છે. આ ઉપરાંત માતાને વિવિધ પ્રકારના પરોક્ષ ચેપો સામે આપવામાં આવેલી રસીઓને કારણે બાળકને વાયરસ કે બેકટેરીયલ ચેપ લાગવાનો ભય પણ રહેતો નથી. બાળકને જન્મના પ્રથમ છ માસ દરમિયાન બહારનુ પાણી કે ખોરાક, જેમાં બેકટેરીયા કે વાયરલ ચેપ લાગવાનો ભય રહેલો છે તે ન આપવા આધુનિક અને પ્રાચિન એમ બંન્ને વિજ્ઞાનોએ ભાર પૂર્વક હિમાયત કરી છે ત્યારે સ્તનપાન દ્વારા બાળકની રક્ષા કરવાની જવાબદારી સામાજિક બની જાય છે.

### યોજનાકીય પ્રબન્ધો

માતૃ અને બાળ કલ્યાણ માટે સરકારે મમતા દિવસ, જનની યોજના, ચિરંજીવી યોજના, પ્રિમિકસ પેકેટ વિતરણ, બાલ સખા, બેટી



બચાવો, બેટી વધાવો, શાળા આરોગ્ય તપાસણી જેવા આરોગ્યલક્ષી કાર્યક્રમો આપ્યાં છે. મહિલા અને બાળ કલ્યાણ સ્વાસ્થ્યના અનેક કાર્યક્રમો ચાલી રહ્યાં છે. આ કાર્યક્રમો હેઠળ પ્રસુતા માતા તેમજ ધાત્રી માતાઓ માટેની પ્રવૃત્તિઓ રાજયમાં આરોગ્ય વિભાગ દ્વારા ચાલી રહી છે. જિલ્લાના તમામ તાલુકા મથકોએ માતા અને બાળકોના આરોગ્ય ચકાસણી, પોષણ તેમજ રસીકરણ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ રાજયના તમામ ગ્રામ મથકોએ પણ સબ સેન્ટરો, આશા કાર્યકરો, આંગણવાડી ની બહેનો મારફતે ચલાવવામાં આવે છે. આ ઉપરાંત મધરક્રાફટ કાર્યક્રમ હેઠળ બાળકના વસ્ત્રોથી માંડીને જન્મજાત આદતો તેમજ પ્રથમિક સારવાર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. યુનિસેફ દ્વારા વિશ્વ ભરમાં માતૃ અને બાળ પોષણની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. બાળ આરોગ્યનું પ્રથમ ચરણ સલામત માતૃત્વ છે. મમતા કીટ્સ અને હાઇ તાલીમ દ્વારા સલામત પ્રસૂતિની વ્યવસ્થાઓ થઇ છે. અનેક સેવાભાવિ સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આ ક્ષેત્રે કામ કરી રહી છે, ત્યારે માત્ર કામ કાજની વ્યવસ્તતા, આળસ, નોકરી કે વ્યવસાય કે લાજ શરમ સંકોચ જેવી મનોસ્થિતિના કારણે નવજાત શિશૂને સ્તનપાનથી વંચિત રાખવું કોઇ પણ રીતે હિતાવહ કે ઇચ્છનીય નથી.

### સ્તનપાન બાલ વિકાસની બુનિયાદ છે.

દરેક માતાએ સમજી લેવું જોઇએ કે સ્તનપાન જ બાલ વિકાસની સાચી બુનિયાદ છે. પહેલેથી જ બાળકને સ્તનપાનથી વંચિત રાખનાર કે થોડા સમયમાં સ્તનપાન છોડાવી દેનાર માતા પોતાના જ બાળકની કુસેવા કરે છે, તેમ કહીએ તો કંઇ ખોટું નથી. બાળકીને દૂધ પીતું કરવું એ ઉકિત અગાઉના જમાનામાં બાળકીને જન્મતાં જ દૂધમાં ડૂબાડીને મારી નાખવામાં આવતી, તેના માટે પ્રચલીત હતી. પોતાના બાળકને વિના કારણ સ્તનપાનથી વંચિત રાખનાર માતા પણ આંશિક રીતે પોતાના બાળકને દૂધ પીતું કરે છે. જો કે, બાળક જીવી તો જાય છે, પણ કુદરતી રીતે તેનો વિકાસ થવો જોઇએ, તે સ્તનપાનના અભાવે થઇ શકતો નથી, તેવું બાળ નિષ્ણાંતો કહે છે.

માતા પોતે કોઇ રોગનો ભોગ બની હોય કે તબીબી અભિપ્રાય મુજબ બાળકને સ્તનપાન કરાવવાની મનાઇ કરવામાં આવી હોય, તે અપવાદ સિવાય કોઇ પણ માતાએ પોતાના બાળકને પર્યાપ્ત સમય સુધી સ્તનપાન નિયમિત અને પુરતાં પ્રમાણમાં કરાવવું જોઇએ. તે આજના દિવસનો સંદેશ છે. ■

હિમાંશુ ઉપાધ્યાય

# રાજયના ૫૦ હેરીટેજ વૃક્ષોમાં સાબરકાંઠા જિલ્લાના ચાર વૃક્ષોને સ્થાન

વૃક્ષ, વન સંપત્તિ અને માનવ પ્રાકૃતિક તાણાવાણાથી જોડાયેલા છે.વૃક્ષોનો માનવજીવન પર સીધો પ્રભાવ છે. વૃક્ષો આપણા જીવનની અનેક પ્રકારે સીધી આવશ્યકતાઓને સંતાષે છે. આપણા ધર્મ ગ્રંથો અને સંસ્કૃતિએ વૃક્ષોને દેવ તરીકે, ઋષિ તરીકે ઉલ્લેખ્યા છે. ભારતીય સંસ્કૃતિના પૌરાણિક ગ્રંથો જેવા કે વેદો, પુરાણો, ઉપનિષદો વગેરેમાં માનવ સમાજ અને વૃક્ષો વચ્ચેના સંબંધોનો નિર્દેશ જોવા મળે છે. પૌરાણીકકાળમાં આપણા પૂર્વજોનો વસવાટ અને સહવાસ વૃક્ષો તથા વેલાઓના સાનિધ્યમાં રહેતો હતો. આજના વૈજ્ઞાનિક યુગમાં આયુર્વેદિક, એલોપથિક, હોમીયોપેથિક તેમજ બાયોકેમિકલ દવાઓમાં વૃક્ષો, વેલાઓ, વનસ્પતિના મૂળ, છાલ, પાન, ફૂલ અને ફળ ઉપયોગી થાય છે. તે સર્વવિદિત છે. વૃક્ષોનું મહાત્મ્ય અને ઉપયોગીતા અપાર છે ત્યારે રાજયમાં વૃક્ષોની ઉપલબ્ધિ અને તેની વિશેષતાઓને આવરી લેતુ પુસ્તક ૫૦ હેરીટેજ ટ્રીઝ ઓફ ગુજરાત તૈયાર કરાયું છે તેમાં સાબરકાંઠા જિલ્લાના ચાર વૃક્ષોનો સમાવેશ થાય છે.



રાજયના અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી. ડૉ.એચ .એસ. સિંહ (આઇ.એફ.એસ.) ધ્વારા લિખિત આ પુસ્તકમાં રાજયના ૫૦ હેરીટેજ વૃક્ષોની વિગતો આવરી લેવાઇ છે. વૃક્ષોનુ ઐતિહાસિક જોડાણ,

*વૃક્ષોનુ ઐતિહાસિક જોડાણ, સાંસ્કૃતિક મહત્વ,આધ્યાત્મિક પ્રસંગોએ તેનું માહત્મ્ય, વૃક્ષના વિશિષ્ઠ લાક્ષણિક ગુણધર્મો, સૌથી જુના વૃક્ષો, સૌથી મોટા વૃક્ષો, વૃક્ષોનો ઘેરાવો, તેની ઉંચાઇ વગેરે બાબતોને ધ્યાને લઇ તૈયાર કરાયેલી આ યાદીમાં સાબરકાંઠા જિલ્લાના ચાર વૃક્ષોને તેમાં ગૌરવભેર સ્થાન મળ્યુ છે.*

સાંસ્કૃતિક મહત્વ,આધ્યાત્મિક પ્રસંગોએ તેનું માહત્મ્ય, વૃક્ષના વિશિષ્ઠ લાક્ષણિક ગુણધર્મો, સૌથી જુના વૃક્ષો, સૌથી મોટા વૃક્ષો, વૃક્ષોનો ઘેરાવો, તેની ઉંચાઇ વગેરે બાબતોને ધ્યાને લઇ તૈયાર કરાયેલી આ યાદીમાં સાબરકાંઠા જિલ્લાના ચાર વૃક્ષોને તેમાં ગૌરવભેર સ્થાન મળ્યુ છે.

રાજસ્થાનની સરહદે આવેલા સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ખોખરા ગામે વડના ઝાડ નીચે મહારાણા પ્રતાપની પ્રતિમાનું સ્થાપન કરાયું છે. રાણા પ્રતાપ વડની અંદાજે અઢી કિલોમીટર દૂર શિવ મંદિર વડ નીચે જોવા મળે છે.આ વડનો ઘેરાવો ૩,૦૦૦ સ્કેવર મીટર અને ૨૨ મીટર ઉંચાઇ છે. આ વડ ૫૫૦ વર્ષ જુનો હોવાનું મનાય છે.

ભારતમાં થતું આ વૃક્ષ, દિર્ઘ આયુષ્ય, શકિત અને માંગલ્યનું પ્રતિક છે. વિશાળ, ઠંડુ, ફેલાયેલા પાંદડાથી સભર અને વડવાઇઓના અનંત વધારાના કારણે અક્ષય રીતે વધનારો વડ સર્વત્ર જોવા મળે છે. વડના બધા ભાગોનો ઔષધિ તરીકે ઉપયોગ થાય છે. પતિવ્રતા સ્ત્રીઓ જયેષ્ઠ માસની પૂનમે અખંડ સૌભાગ્ય માટે વટવૃક્ષની પૂજા કરે છે.

વિજયનગર તાલુકાના ચિતરીયા પાલ ગામે આવેલુ રુખડો વૃક્ષ પણ ગુજરાતનું મોટુ વૃક્ષ છે. ૧૮.૫૬ મીટર ઉંચાઇ અને ૧૦.૪૫ મીટરના ઘેરાવો ધરાવતું આ વૃક્ષ ૩૦૦ વર્ષ જુનું હોવાનું અનુમાન છે. કેટલાક લોકો રૂખડાને કલ્પવૃક્ષ તરીકે ઓળખાવે છે. આ વૃક્ષના થડ અને તેની શાખાઓને કારણે તે વિશાળ વૃક્ષમાં સ્થાન પામ્યુ છે.

વિજયનગર તાલુકાના વિરેશ્વર મંદિર પાસે આવુ એક વૈભવી વૃક્ષ પીપળો જોવા મળે છે. ૨૪.૭ મીટર ઉંચાઇ ધરાવતા પીપળાનો ઘેરાવો ૬.૪ મીટર છે અને તેનો વિરાટ મુકુટ વૃક્ષ પ્રેમીઓને આકર્ષે છે. વૃક્ષ નીચે ગુપ્ત ઝરણાનું વહેણ હોવાનું મનાય છે.

વિરેશ્વર નજીક પથ્થર દેવડી વૃક્ષનું ઝુંડ જોવા મળે છે. વિરેશ્વર ધોલવાણી ફોરેસ્ટ રેન્જમાં આ અલભ્ય વૃક્ષોનું ઝુંડ એકદમ ખડકવાળી ભૂમિ પર ઉગેલું છે. જેને ગુપ્ત ઝરણા ધ્વારા પોષણ મળે છે. ખડકવાળી ભૂમિ પર ઉગવાને લીધે તે પથ્થર દેવડી વૃક્ષ તરીકે ઓળખવામાં આવે છે. અન્નથી પ્રાણીમાત્રનું પોષણ થાય છે. અન્ન ઉત્પાદન માટે પાણીની જરૂર છે અને જળ પ્રાપ્તિ (વરસાદ) વનોથી થાય છે. જેથી, વન ઉછેરનું કાર્ય સમયની માંગ છે, અને સાબરકાંઠા જિલ્લાએ તે દિશામાં નેત્રદિપક કામગીરી કરી છે. ■

# ગુજરાત પ્રવાસનને વિશ્વ ફલક ઉપર લઇ જવા નવો મોડ અપાશે

ગુજરાત પ્રવાસનનો વિકાસ અગ્રીમ સેકટરમાં થઇ રહ્યો છે અને છેલ્લા એક જ વર્ષમાં ગુજરાતના ભારતીય પર્યટકોની ટકાવારીનો વિકાસ ૧૩.૭ ટકા ઉપર વધ્યો છે. વિદેશી પર્યટકોની સંખ્યા ૧૯ ટકા ઉપર પહોંચી છે. જયારે ભારતનો પર્યટકોનો વિકાસ દર આઠ ટકા સરેરાશ છે. ગુજરાત પ્રવાસન નીતિને નવો ઓપ આપવા માંગે છે, એમ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી જણાવ્યું છે.

તાજેતરમાં ગુજરાત પ્રવાસનના સહયોગથી ઈન્ડિયન એસોસિયેશન ઓફ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ઓપરેટર્સ આ ૨૭માં વાર્ષિક સંમેલનને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ખુલ્લું મુકયું હતું. જેમાં વિવિધ રાજયોના ૧૨૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં ''ભારતીય પ્રવાસન-આપણે સ્પર્ધા માટે સક્ષમ છીએ'' આ વિષય ઉપર ચર્ચા સત્રો યોજાયા હતા.

ગુજરાતમાં પ્રવાસન વિકાસને વૈશ્વિક ફલક ઉપર નવો મોડ આપવામાં આવ્યો છે તેવી નેમ વ્યકત કરતા મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાત સહિત હિન્દુસ્તાનમાં પ્રવાસન-વૈવિધ્યની એટલી મહાન વિરાસત છે જેને વિશ્વ સમક્ષ મુકવાનો આગવો દ્રષ્ટિકોણ અપનાવવો જોઇએ.ગુજરાત એવું ટુરિસ્ટ ડેસ્ટીનેશન છે જયાં પ્રવાસન ઉદ્યોગને સર્વિસ સેકટરમાં મહત્તમ સ્થાન આપવાની સરકાર નેમ ધરાવે છે.

ગુજરાતના ધોળાવીરા અને લોથલ જેવાં હજારો વર્ષની સુસંસ્કૃત માનવ સમાજની નગર રચનાઓ એ માત્ર ગુજરાતની જ નહીં, હિન્દુસ્તાનની વિશ્વને પ્રભાવિત કરી શકે તેવી વિરાસત છે એટલું જ નહીં, ગુજરાતમાં શિલ્પ સ્થાપત્યની ઈમારતો ચોરસ મીટરની તુલનામાં સૌથી વધુ છે ઉપરાંત કચ્છના સફેદ રણની ચાંદની રાતનું સૌંદર્ય એ વિશ્વના પર્યટકો માટે અદ્દભૂત આકર્ષણ બની ગયું છે.

દેશમાં પ્રવાસન વિકાસ અંગે નવતર સૂચનો કરતાં મુખ્ય મંત્રી શ્રીએ હિન્દુસ્તાન બહાર રહેનારા ભારતવાસીઓને વર્ષ દરમિયાન ૧૫ નોન-ઈન્ડિયન પરિવારોને ભારત દર્શન માટે પ્રવાસન હેતુસર પ્રેરિત કરે તો ભારતના પ્રવાસન ક્ષેત્રનો વિકાસ કેટલી ઊંચાઇ ઉપર પહોંચી જશે તેની ભૂમિકા પણ આપી હતી.

શ્રીલંકા સાથે ગુજરાત સરકારે સમજૂતિના કરાર કર્યો છે. આના પરિણામે રાજયમાં બુદ્ધ ધાર્મિક પ્રવાસનનું ઉત્તમ આકર્ષણ છે અને સમગ્ર વિશ્વમાં બુદ્ધ ભગવાનના અવશેષો માત્ર ગુજરાતમાં છે તથા શ્રીલંકા માટે રામાયણ વિરાસતના પ્રવાસન અને બુદ્ધ પ્રવાસનની પર્યટન પ્રવૃત્તિ વિકસશે. ગુજરાતે ટુરિઝમ ડેવલપમેન્ટ માટેનો મંત્ર દુનિયાને આપ્યો છે કે ટેરરિઝમ ડિવાઇડઝ ધ વર્લ્ડ-ટુરિઝમ યુનાઇટ્સ ધ વર્લ્ડ હિન્દુસ્તાનની સંસ્કૃતિમાં પ્રવાસન એવા સંસ્કાર છે જે વિશ્વને અભિભૂત કરી શકે તેમ છે.

પ્રવાસન મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે ગુજરાત સરકાર દ્વારા પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે થઇ રહેલા પ્રયાસોની વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે રણોત્સવ, પતંગ મહોત્સવ, વાયબ્રન્ટ નવરાત્રિ, સાપુતારા મોનસુન ફેસ્ટીવલ જેવા કાર્યક્રમોનું સફળ રીતે આયોજન કર્યું છે. ગુજરાત પાસે ઈન્ફ્રાસ્ટ્રકચર છે અને વધુ સારું કરી પ્રવાસનમાં પ્રથમ સ્થાન હાંસલ કરશે, તેવી આશા તેમણે વ્યકત કરી હતી.

ભારત સરકારના પ્રવાસન વિભાગના સચિવ શ્રી આર. એચ. ખ્વાજાએ જણાવ્યું હતું કે, ''અતિથિ દેવો ભવ''ના ખ્યાલ સાથે ભારત સરકાર પ્રવાસનનો વિકાસ કરવા માંગે છે.




ઇન્ડીયન એસોસિયેશન ઓફ ટૂર ઓપરેટર્સના પ્રમુખ શ્રી વિજય ઠાકુરે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રની ઉજ્જવળ સંભાવનાઓને ધ્યાને લેતાં ટુરીઝમ પ્રમોશન મેન પાવર ટ્રેઇનીંગ મોડયુલ્સ માટે ગુજરાત સરકારને સંપૂર્ણ સહયોગ આપવાની તત્પરતા વ્યકત કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી વિપુલ મિત્રા, ગુજરાત ટુરીઝમના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, ટુરીઝમના મેનેજિંગ ડિરેકટર શ્રી સંજય કૌલ, સંસ્થાના હોદ્દેદારો, દેશભરના અગ્રણી ટુર ઓપરેટર્સ એજન્ટો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ભાનુપ્રસાદ દવે

# શક્તિની ઉપાસના-આરાધનાનો ઉત્સવ છે - "નવરાત્રિ"

મહાકવિ કાલિદાસે અભિજ્ઞાનશાકુંતલમાં કહયું છે કે, માનવીને ઉત્સવ અત્યંત વહાલો છે. લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક ઉત્સવોમાં પ્રસન્નપણે પાંગરે છે, અને આ વાત માત્ર ભારતના જ નહીં, સમગ્ર વિશ્વમાં વસતી તમામ જાતીના નાગરિકોને પૂર્ણપણે લાગુ પડે છે.

જુદા જુદા દેશોમાં પોતાના ધર્મ, વ્યવસાય અને વાતાવરણને અનુરૂપ ઉત્સવો તો ઉજવાતા જ રહેતા હોય છે પણ કોઇ એક જ ઉત્સવ જુદા જુદા ઠેકાણે કેવી રીતે ઉજવાય છે તે જાણવામાં સહુને રસ પડશે.

આપણે વાત કરવી છે- દશેરા- એટલે કે વિજયાદશમીના તહેવારની! કહેવાય છે કે, દેવી દુર્ગાએ આ દિવસે મહિષાસુર રાક્ષસને મારીને વિજય મેળવ્યો હતો, રામાયણ કહે છે કે આ દિવસે રામચંદ્રજીએ રાવણનો વધ કર્યો હતો, આપણા દેશમાં દશેરાના દિવસે બ્રાહ્મણો સરસ્વતી પૂજન કરે છે, ક્ષત્રિયો પોતાના અશ્વો અને હથિયારોનું પૂજન કરે છે. પ્રારંભમાં દશેરા કૃષિ ઉત્સવ હતો. જૂના સમયમાં દશેરાની ઉજવણીના ભાગ રૂપે રાજા-મહારાજાઓની સવારી નીકળતી, ક્ષત્રિયો શીમળાના વૃક્ષનું પૂજન કરતા. અસત પર સત્ય અને બુરાઇ પર ભલાઇના વિજયની ઉજવણી મોટા ભાગે ભારતભરમાં જલેબી- ગાંઠીયા (મીઠાઇ) ખાઇને અને રાવણના પુતળાનું દહન કરીને કરવામાં આવે છે. ભારત સિવાયના પણ દુનિયાના કેટલાંક દેશોમાં દશેરાની ઉજવણી જુદી જુદી રીતે થાય છે.

માનવ સંસ્કૃતિમાં ઉત્સવો-તહેવારો અને તેની ઉજવણીનું વિશિષ્ટ સ્થાન છે, નહીં તો માણસ એકધારી જિંદગીથી કંટાળી જાય. આપણાં ઉત્સવોને સંસ્કારો જોડે ગાઢ સંબંધ છે. સંસ્કાર ઘડતરમાં આ સાંસ્કૃતિક તત્ત્વોનો જ ફાળો રહેલો છે. આસો મહિનાના પ્રથમ નવદિવસો દરમિયાન ચાલતો શકિતની ઉપાસના-આરાધનાનો ઉત્સવ છે. - "નવરાત્રિ".

નવરાત્રિનું પ્રતીક મા અંબા - જગદંબા અને ગરબો છે. નવરાત્રિમાં ગર્ભદીપ અર્થાત કાણાંવાળા ઘડામાં દીપ મૂકીને લોકનૃત્યના જાણીતા પ્રકાર એવા ગરબા અને ગરબીઓ ગાવામાં આવે છે. વચ્ચે ગબ્બર પર્વત ખડો કરી તેના પર ગરબો, દીવો અને માતાજીની પ્રતિમા મુકીને ગરબા ગવાય છે. માટીમાં જવેરા ઉગાડવામાં આવે છે. નવે દિવસ-રાત અખંડ દિપ પ્રગટાવવામાં આવે છે. દુર્ગા સપ્તશતીના પાઠ કરીને નવચંડી, શતચંડી અને સહસ્ત્રચંડી કરવામાં આવે છે. અને તેની પણ પૂજા કરવામાં આવે છે. શ્રી શિવાનંદના નામે ચડેલી આરતી જેમાં દેવીના ૧૫ તિથિઓના વિવિધરૂપે કરવામાં આવેલાં પરાક્રમો વર્ણવાયા છે. તે ઠેરઠેર ગવાય છે. નવરાત્રિમાં ગવાતાં ગરબા-ગરબીઓ ગુજરાતની આગવી ઓળખ છે. આઠમના દિવસે હોમ-હવન કરવામાં આવે છે અને નવરાત્રિ પૂર્ણ થતાં વિજ્યાદશમી કે દશેરાના દિવસે દેવીનું વિસર્જન કરવામાં આવે છે.

એક જયોતમાંથી અનેક જયોત પ્રગટે છે એ વાત ગર્ભદીપ-ગરબા વડે વ્યકત થાય છે. ગરબામાં મૂકેલાં દીપની તેજરાશીમાં અનેક કિરણો તેના છિદ્રો વડે વ્યકત થાય છે. ગર્ભદીપ સાથેનો ગરબો ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જ લેવાય છે.

આજથી અઢી ત્રણ હજાર વરસ પૂર્વે રચાયેલાં ''ઐતરય આરણ્યક'' પ્રમાણે કંઇક આવું જણાવેલું છે. જળભરેલાં કુંભવાળી દાસીઓ ત્રણ... કે છે... સ્થાપના કરેલાં જળકુંભની ત્રણવાર પ્રદક્ષિણા કરે... પ્રથમ મધ્યમાં પૂજન કરેલો ગરબો મૂકી વર્તુળાકારે ગરબો લેવાતો, ગોળાકારે આવું સંઘગાન નૃત્યએ આદિમાનવ જેટલું જ જૂનુ ગણી શકાય વર્તુળ કુંડાળુએ માનવીનું સાંયોગિક અને સાહજિક ભાવપ્રતીક બની રહ્યું છે. આગળ જતાં મધ્યમાં મૂકેલાં ગરબાને પોતાના માથે મૂકીને ઘુમવાની વૃત્તિ પેદા થઇ જેને આપણે મહાન કે આદરણીય ગણતાં હોઇએ કે પૂજયભાવથી જોતાં હોઇએ તેને માથે ચડાવવાની આપણી વૃત્તિ માનવસહજ છે.

ગામડું હોય કે શહેર આ લોકોત્સવ તો ખૂબ જ આનંદ-મંગલથી ઉજવાય છે. નર-નારીઓ ભાવનાપૂર્વક રાસ-ગરબાની રમઝટ જમાવે છે. ''નરવો કંઠ અને સશકત અંગ'' બંન્નેનો તાલ એવો જામે છે કે જાણે આ રસની લ્હાણ માણ્યા જ કરીએ. નવરાત્રિ શકિત અને ભકિતનો તહેવાર છે. દૈવી શકિતનો આસુરો શકિત ઉપર વિજયનો ઉત્સવ છે. આપણા કૃષિપ્રધાન રાષ્ટ્રમાં નવરાત્રિ નવા-ધન-ધાન્યનો પણ ઉત્સવ છે. આમ આપણી સંસ્કૃતિના અનેરા તહેવાર સમાન નવરાત્રિ નૃત્યગીત સાથેની પૂજાનો નિરક્ષરથી વિદ્વાન, રાયથી રંક અને આબાલવૃધ્ધ સર્વને આવરી લેતો સાર્વવર્ણિક ઉત્સવ છે.

તસવીર : કેવન એન્તવ ■

# સદ્ભાવના મિશનની તસવીરી ઝલક













R.N.I. NO.38351/81, Regd. No. G/GNR/10 WPP No. 0099
Licensed to Post without Prepayment At Post : MBC, AHD/Surat/Vadodara/Rajkot/ on every 3 to 11 and 18 to 26 E.M.
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50/- Renewal Registration upto December-2011
**માહિતીખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. દ્વારા મુદ્રિત**
If undelivered pl. return to MBC, AHD/Surat/Vadodara/Rajkot Respectively

## વિશ્વના નકશામાં ગુજરાતની આગવી ઓળખ શક્તિ અને ભક્તિનો સંગમ નવરાત્રિ મહોત્સવ



**BOOK POST**

**R.N.I No. 38351/81,**
**Regd. No. G/GNR/10**
**Licence No. 0099**
**Licensed to Post without Prepayment**
**Gujarat (Fortnightly)**

**To,**

**-: ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
**માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦**